વર્ષ : ૩૮ ◆ અંક : ૫
મે - ૨૦૧૪

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

Retail Price Rs. 5/- Each

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર



"તે ત્રિશલાતનયે મન ચિંતવી, જ્ઞાન, વિવેક, વિચાર વધારું;
નિત્ય વિશોધ કરી નવ તત્ત્વનો, ઉત્તમ બોધ અનેક ઉચ્ચારું."

\- પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪ ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

# સંસ્થા સંચાલિત નિઃશુલ્ક છાશકેન્દ્રોના ઉદ્‌ઘાટનની તસવીરો
(તા. ૧૩-૪-૨૦૧૪)










-: પ્રેરક :-

શ્રદ્ધેયશ્રી આત્માનંદજી

-: તંત્રી - સંપાદક :-

શ્રી મિતેશ એ. શાહ

-: સ્વત્વાધિકારી :-

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

ડૉ. શ્રી શર્મિષ્ટાબેન એમ. સોનેજી
ટ્રસ્ટી, શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
કોબા - ૩૮૨ ૦૦૭
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯
૨૩૨૭ ૬૪૮૩/૮૪
ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**
ત્રિવાર્ષિક રૂ. ૧૮૦
આજીવન રૂ. ૭૫૦

**પરદેશમાં**
By Air Mail
ત્રિ-વાર્ષિક : Rs. 2500
$-60, £-35
આજીવન : Rs. 7000
$-170, £-110
By Sea Mail
આજીવન : Rs. 3500
$-85, £-60


# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ ............ શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫
(૨) ભગવાન મહાવીરના બોધને પાત્ર કોણ ? ...... ......................... પૂ.શ્રી આત્માનંદજી ..... ૬
(૩) તમારા મનનું મુખ ! ..... ડૉ. કુમારપાળ દેસાઈ ..... ૯
(૪) સમાધિતંત્ર-અમૃતરસપાન .................... ...................... પ્રા.ચંદાબહેન પંચાલી ... ૧૨
(૫) સ્થિતપ્રજ્ઞ મહાત્માના લક્ષણો .... પૂજ્ય બહેનશ્રી ... ૧૬
(૬) શ્રી આનંદઘન ચોવીશી... ......શ્રી અશોકભાઈ શાહ .... ૧૮
(૭) સમ્યગ્દર્શન ................બા.બ્ર.શ્રી સુરેશજી ... ૨૨
(૮) આત્મસમદર્શિતાની આરાધના ................ ............. પૂજ્ય વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી ... ૨૪
(૯) બોકાજુનું અંગરખું ......... શ્રી ચંદ્રહાસ ત્રિવેદી ... ૨૬
(૧૦) ભક્તિ ............ શ્રી વિભાબેન એસ. મહેતા ... ૨૮
(૧૧) ક્ષમાપના..................શ્રી વલભજી હીરજી ... ૩૦
(૧૨) જીવ અને જગત ...........શ્રી મધુભાઈ પારેખ ... ૩૧
(૧૩) ખુદને મળનારી ... સંકલન : શ્રી વસંતભાઈ ખંધાર ....૩૩
(૧૪) બાળવિભાગ .............શ્રી મિતેશભાઈ શાહ ... ૩૪
(૧૫) Yuva Times ................................................. ૩૬
(૧૬) સમાજ-સંસ્થા દર્શન .............................. ૩૭



**વર્ષ : ૩૮ મે, ૨૦૧૪ અંક - ૫**



**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**
કોબા - ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪
ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨
mail@shrimadkoba.org
www.shrimadkoba.org




(૧૩) ગુરુસ્તુતિ ... પૂ. મુનિશ્રી નિર્ઘોષસાગરજી

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- ☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- ☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- ☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- ☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- ☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

**હે ગૌતમ પ્રભુ !**

આપ લબ્ધિપ્રયોગથી અષ્ટાપદ પર્વત ચડી ગયા તે તો વિસ્મયકારક ઘટના છે જ ! તેનાથીય વધારે વિસ્મય તો એ વાતનું થાય છે કે આપ આનંદ શ્રાવકની ક્ષમા માગવા તેમના નિવાસસ્થાનનો ઉમરો કેવી રીતે ચડી શક્યા ? કોઈપણ લબ્ધિના પ્રયોગ વિના અહંકાર-પર્વતના શિખર પરથી આપ કેવી રીતે સડસડાટ નીચે ઉતરી ગયા !

આપ આનંદ શ્રાવકને મિચ્છામિ દુક્કડમ્ દેવા ગયા ! હાલિકને પ્રતિબોધ કરવા ગયા કે દેવશર્માને બુઝવવા ગયા. તેવા કોઈપણ પ્રસંગે પ્રથમ ગણધર, મહાજ્ઞાની કે ગુરુ તરીકેનું આપનું 'સ્ટેટસ' આપને કાંઈ નડ્યું નહીં.

અમારા 'સ્ટેટસ'માં કાંઈ દમ નથી અને છતાંય ડગલે ને પગલે કેટલીય બાબતોમાં અમારું 'સ્ટેટસ' અમને નડે છે. પ્રભુ ! આ નડતર દૂર થાય તેવી કરુણા કરજો.

'નામી' બનાવાની દોટમાં હું 'અનામી' છું તે તો સાવ ભૂલી જ ગયો ! હું અનામી કુળનો નબીરો છું તેવું મને સતત યાદ રહે તેવી શક્તિ આપો.

જે નામની આગળ એક દિવસ 'સ્વર્ગસ્થ' વિશેષણ લાગવાનું છે તે 'નામ' ખાતર નરકના રીઝર્વેશન થઈ જાય એટલી હદનું અમારું ગાંડપણ ! પ્રભુ ! મારી નામ-સંજ્ઞા (વાસના)નો વિલય કરો.

પ્રભુના પાવન ચરણોમાં એવી તે કેવી ઉષ્મા હતી કે તે ચરણોના સ્પર્શ માત્રથી આપનો પોલાદી અહંકાર પીગળી ગયો ! અને પ્રભુના પાવન ચરણોમાં એવી તે કેવી ટાઢક હતી કે આપ સ્વયં ત્યાં થીજી ગયા !

પ્રભુ મહાવીરના પ્રથમ ગણધર, દ્વાદશાંગીના સર્જક, ચાર-ચાર જ્ઞાનના ધણી અને અનેકના ગુરુ એવા આપ એક શ્રાવકના ગ્રહાંગણે જઈને એમની ક્ષમા યાચો છો ! એ ઘટનાની સાક્ષી બનેલ એ શ્રાવકના ઘરની ચાર દીવાલો પણ ધન્ય છે !


નૂતન વર્ષની મંગલ પ્રભાતે આપને કેવળજ્ઞાનનો દીપક પ્રગટ્યો. મારા જીવનમાં સમ્યગ્દર્શનનો દીવડો પ્રગટે એવી મહેર તો કરો !

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી

### પત્રાંક - ૫૧૬



**મુંબઈ, શ્રાવણ વદ ૧, ૧૯૫૦**

પાણી સ્વભાવે શીતળ છતાં કોઈ વાસણમાં નાખી નીચે અગ્નિ સળગતો રાખ્યો હોય તો તેની નિરિચ્છા હોય છતાં તે પાણી ઉષ્ણપણું ભજે છે, તેવો આ વ્યવસાય, સમાધિએ શીતળ એવા પુરુષ પ્રત્યે ઉષ્ણપણાનો હેતુ થાય છે, એ વાત અમને તો સ્પષ્ટ લાગે છે.

વર્ધમાનસ્વામીએ ગૃહવાસમાં પણ આ સર્વ વ્યવસાય અસાર છે, કર્તવ્યરૂપ નથી, એમ જાણ્યું હતું. તેમ છતાં તે ગૃહવાસને ત્યાગી મુનિચર્યા ગ્રહણ કરી હતી. તે મુનિપણામાં પણ આત્મબળે સમર્થ છતાં તે બળ કરતાં પણ અત્યંત વધતા બળની જરૂર છે, એમ જાણી મૌનપણું અને અનિદ્રાપણું સાડાબાર વર્ષ લગભગ ભજ્યું છે, કે જેથી વ્યવસાયરૂપ અગ્નિ તો પ્રાયે થઈ શકે નહીં.

જે વર્ધમાનસ્વામી ગૃહવાસમાં છતાં અભોગી જેવા હતા, અવ્યવસાયી જેવા હતા; નિઃસ્પૃહ હતા, અને સહજ સ્વભાવે મુનિ જેવા હતા, આત્માકાર પરિણામી હતા, તે વર્ધમાનસ્વામી પણ સર્વ વ્યવસાયમાં અસારપણું જાણીને, નીરસ જાણીને દૂર પ્રવર્ત્યા; તે વ્યવસાય, બીજા જીવે કરી કયા પ્રકારથી સમાધિ રાખવી વિચારી છે, તે વિચારવા યોગ્ય છે. તે વિચારીને ફરી ફરી તે ચર્યા કાર્યે કાર્યે, પ્રવર્તને પ્રવર્તને સ્મૃતિમાં લાવી વ્યવસાયના પ્રસંગમાં વર્તતી એવી રુચિ વિલય કરવા યોગ્ય છે. જો એમ ન કરવામાં આવે તો એમ ઘણું કરીને લાગે છે કે હજુ આ જીવની યથાયોગ્ય જિજ્ઞાસા મુમુક્ષુપદને વિષે થઈ નથી, અથવા તો આ જીવ લોકસંજ્ઞાએ માત્ર કલ્યાણ થાય એવી ભાવના કરવા ઇચ્છે છે. પણ કલ્યાણ કરવાની તેને જિજ્ઞાસા ઘટતી નથી; કારણકે બેય જીવનાં સરખાં પરિણામ હોય અને એક બંધાય, બીજાને અબંધતા થાય, એમ ત્રિકાળમાં બનવા યોગ્ય નથી.

- મહાવીરસ્વામી ગૃહવાસમાં રહેતા છતાં પણ ત્યાગી જેવા હતા. હજારો વર્ષના સંયમી પણ જેવો વૈરાગ્ય રાખી શકે નહીં તેવો વૈરાગ્ય ભગવાનનો હતો. જ્યાં જ્યાં ભગવાન વર્તે છે, ત્યાં ત્યાં બધા પ્રકારના અર્થ પણ વર્તે છે. તેઓની વાણી ઉદય પ્રમાણે શાંતિપૂર્વક પરમાર્થ હેતુથી નીકળે છે, અર્થાત્ તેમની વાણી કલ્યાણ અર્થે જ છે. તેઓને જન્મથી મતિ, શ્રુત, અવધિ એ ત્રણ જ્ઞાન હતાં. તે પુરુષના ગુણગ્રામ કરતાં અનંતી નિર્જરા છે. જ્ઞાનીપુરુષની ખરી ખૂબી એ છે કે તેમણે અનાદિથી નહીં ટળેલાં એવાં રાગદ્વેષ ને અજ્ઞાન તેને છેદી ભેદી નાખ્યાં છે. એ ભગવાનની અનંત કૃપા છે. તેને પચીસસો વર્ષ થયાં છતાં તેમનાં દયા આદિ હાલ વર્તે છે. એ તેમનો અનંતો ઉપકાર છે. **(શ્રી ઉપદેશછાયા આંક-૧૩)**
- શ્રી મહાવીરસ્વામીને સંગમ નામે દેવતાએ બહુ જ, પ્રાણત્યાગ થતાં વાર ન લાગે તેવા પરિષહ દીધા, ત્યાં કેવી અદ્‌ભુત સમતા ! ત્યાં તેઓએ વિચાર્યું કે જેનાં દર્શન કરવાથી કલ્યાણ થાય, નામ સ્મરવાથી કલ્યાણ થાય તેના સંગમાં આવીને અનંત સંસાર વધવાનું આ જીવને કારણ થાય છે ! આવી અનુકંપા આવવાથી આંખમાં આંસુ આવી ગયાં. કેવી અદ્‌ભુત સમતા !

**(શ્રી ઉપદેશછાયા આંક - ૪)**

# ભગવાન મહાવીરના બોધને પાત્ર કોણ ?

પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી

(ગતાંકથી ચાલુ...)



ભગવાન મહાવીરની વાણી ભવ્ય જીવોનું કલ્યાણ કરનારી છે તેથી આત્માર્થ - આત્માના ઇચ્છક ભવ્ય જીવે દરરોજ ઓછામાં ઓછો ૨૦ મિનિટ સત્શાસ્ત્રોનો નિયમિતપણે અભ્યાસ કરવો, તેનું અધ્યયન કરવું, વિચાર કરવો, તેનો અર્થ સમજવો, અનુવાદ કરવો, લાલ-લીલી-વાદળી શાહીથી મહત્ત્વપૂર્ણ મુદ્દાઓની નોંધ કરવી તથા તેનો 'ભાવ' અંતરમાં વારંવાર સમજવા પ્રયત્ન કરવો. શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાં પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે,

"આત્માદિ અસ્તિત્વના, જેહ નિરુપક શાસ્ત્ર;
પ્રત્યક્ષ સદ્ગુરુ યોગ નહિ, ત્યાં આધાર સુપાત્ર."

ભગવાનની વાણીનું અંતરમાં મંથન કરવાથી આપણા જીવનમાં પરિવર્તન આવે છે, દિવ્યત્વનો સંચાર થાય છે તથા આપણે તેમના પંથના અનુગામી બનીએ છીએ. આવા ભગવાનની વાણીને વાંચવા માત્રનો ઉદ્યમ ન કરતા તેને વાંચવાનો નિયમ લેવો કેમકે ઉદ્યમ તો ચાર-છ મહિના બાદ ધીમે ધીમે ઢીલો પડતો જાય છે અને છેલ્લે ભૂંસાઈ જાય છે. પણ જો નિયમ લીધો હોય, નિર્ધાર કર્યો હોય તો તે તૂટતો નથી અને આપણે આગળ વધી શકીએ છીએ. આવું ભગવાનની વાણીનું માહાત્મ્ય છે કે જેના પ્રતાપે જીવ સૂક્ષ્મબોધનો અભિલાષી થાય છે. હવે, આગળ ત્રીજા મુદ્દામાં ભગવાન કહે છે કે,

### (૩) ગુણ પર પ્રશસ્ત ભાવ રાખનાર :

સામાન્ય મનુષ્ય એમ વિચારે છે કે મારા જેવો કોઈ નથી ! પણ એવું વિચારવું એ જ તેની તુચ્છતા બતાવે છે કારણકે આ વિશ્વમાં કોઈ મહાન દાનેશ્વરી છે, કોઈ મહાન જ્ઞાની, તપસ્વી, સેવાભાવી, પરોપકારી, બ્રહ્મચારી આદિ અનેક સદ્ગુણોના ધારક મહાત્માઓ છે માટે સદ્ગુરુ કહે છે કે,

**बहुरत्ना वसुंधरा ।**

આપણે જ્યારે જ્યારે પણ આવા મહાત્માઓના સંસર્ગમાં આવીએ ત્યારે તે દિવસની તારીખ આપણી ડાયરીમાં લખવી, સાથે સાથે તેમનું નામ તથા તેમના જે ગુણોથી આપણે પ્રભાવિત થયા હોઈએ તે ગુણોને પણ લખી લેવા અને એવા ગુણો જીવનમાં પ્રગટાવવા ઉદ્યમ પણ કરવો જોઈએ, જેનાથી એક મહાન વ્યક્તિત્વનો ઉદય થાય છે અને તે વિકાસ પામે છે. જેમ કાંકરે કાંકરે પાળ બંધાય છે તેમ નાના નાના સદ્ગુણોને અર્જિત કરવાનો ઉદ્યમ કરી, શિસ્તપાલન દ્વારા મહાપુરુષ થવાય છે. શ્રી જુગલકિશોરજીએ 'મેરી ભાવના'માં કહ્યું છે કે,

"ગુણીજનોંકો દેખ હૃદયમેં મેરે પ્રેમ ઉમડ આવે,
બને જહાં તક ઉનકી સેવા, કરકે યહ મન સુખ પાવે."

હવે, આપણને એમ થાય કે શ્રાવક અવસ્થામાં આપણે આપણા જીવનમાં કેટલા અને કયા ગુણો પ્રગટાવવા જોઈએ ? તો તેના માટે આચાર્ય મહારાજ શાંતિનાથ ભગવાનની ભક્તિમાં સાત ગુણો તથા પંડિતવર્ય બનારસીદાસજી ૨૧ ગુણો પ્રગટાવવાની આજ્ઞા કરે છે. શ્રાવક કોને કહેવાય ?

**શ્રા** = પ્રતિદિન પ્રબુદ્ધ પુરુષો પાસેથી જેઓ ધર્મની વાર્તાનું પ્રેમપૂર્વક શ્રવણ કરે તે.

**વ** = જેમનું જીવન વિવેકપૂર્વકનું હોય તે.

**ક** = ક્રિયાવાન હોય. યોગ્ય સમયે સ્વાધ્યાય, ભક્તિ, સામાયિક, ચૌવિહાર, વિનય - એમ પોતાના જીવનમાં પ્રત્યેક સમયે યોગ્ય ક્રિયા કરવામાં જે સાવધાન હોય તે શ્રાવક છે. તેમના મુખ્ય સાત ગુણો નીચે મુજબ છેઃ

(૧) પ્રતિદિન ભગવાનની વાણીનો અભ્યાસ કરવો.

(૨) જિનેન્દ્ર ભગવાનની ભક્તિ ભાવપૂર્વક સમજી સમજીને કરવી.

(૩) આર્ય પુરુષ (શ્રેષ્ઠ, ઉમદા પુરુષ)ની સંગતિ કરવી.

(૪) મહાપુરુષોના ગુણગાન પ્રેમથી ગાવાં, જેથી જાણતા-અજાણતા તેમના ગુણોનો સંચાર આપણા આત્મામાં થાય છે.

(૫) કોઈની નિંદા કરવાનો પ્રસંગ આવે ત્યારે મૌન થઈ જવું તો જ સાચા 'વૈષ્ણવજન' થઈ શકાય.

(૬) મધુરવાણી બોલવી. આપણી વાણી સાંભળતાં સૌને અંતરમાં શીતળતા થાય તથા તેમનું હિત થાય તેવી વાણી બોલવી.

(૭) આત્મતત્ત્વની ભાવના કરવી.

- **શ્રાવકના ૨૧ ગુણો :**

  લજ્જાવંત દયાવંત પ્રસન્ન પ્રતીતવંત,
  પરદોષ કો ઢકૈયા, પર ઉપકારી હૈ,
  સૌમ્યદૃષ્ટિ ગુણગ્રાહી, ગરીષ્ઠ સબકો ઈષ્ટ,
  શિષ્ટપક્ષી મિષ્ટવાદી, દીરઘ વિચારી હૈ,
  વિશેષજ્ઞ, રસજ્ઞ કૃતજ્ઞ તજ્ઞ ધર્મજ્ઞ,
  ન દીન ન અભિમાની મધ્યવ્યવહારી હૈ,
  સહજ વિનિત પાપ ક્રિયાસોં અતીત ઐસો,
  શ્રાવક પુનિત ઈકબીસ ગુણધારી હૈ.

  **- અધ્યાત્મકવિવર પં. બનારસીદાસજી**

આ ગુણોને આપણે આપણા જીવનમાં ઉતારવાના છે માટે તેમને ટૂંકમાં સમજીશું :

(૧) **લજ્જાવંત :** જે કામ કરવાથી સમાજમાં અપયશની પ્રાપ્તિ થાય તેવું કામ કરતા નથી.

(૨) **દયાવંત :** કોઈ જીવને કિંચિત્ પણ દુઃખ ન થાય તેમ કરવું કારણકે ભગવાનનો ધર્મ દયાવંત છે.

(૩) **પ્રસન્ન :** જેણે આત્માને જાણ્યો છે, ભગવાનની વાણીને જાણી છે તે 'શોગીયા' હોય નહિ. તેમના અંતરમાં આનંદનો - સુખનો એક પ્રવાહ નિરંતર વહ્યા કરે છે.

(૪) **પ્રતીતવંત :** પરમાત્મા, શ્રી સદ્‌ગુરુ તથા તેમની વાણી પ્રત્યે દૃઢ શ્રદ્ધાવાન હોય છે.

(૫) **પર દોષકો ઢકૈયા :** આ સદ્‌ગુણ તે સમ્યગ્દૃષ્ટિનું ઉપગૂહન અંગ છે. તેઓ પરના દોષ કહેવામાં મૌન રહે છે. પરના હિમાલય જેવડા દોષને તે રાઈ સમાન અને સ્વના રાઈ જેવડા દોષને હિમાલય સમાન ગણે છે. તેઓ પરના ગુણો અને સ્વના દોષોને જુએ છે.

(૬) **પર ઉપકારી :** પરોપકાર કરવો તે સજ્જનનો સ્વભાવ છે. જેઓ અધ્યાત્મમાર્ગમાં આગળ વધવા માગે છે તેમણે પોતાના જીવનમાં પ્રથમ નિઃસ્વાર્થતા કેળવવી પડશે. જ્યાં સુધી જીવનમાં 'મારું મારું' થયા કરે ત્યાં સુધી આત્મા પ્રગટે નહિ. આપણે લોકોને બતાવવા ધર્મ કરવાનો નથી પણ આત્માના વિકાસ માટે - આત્મશાંતિને પ્રાપ્ત કરવા અર્થે ધર્મ કરવાનો છે. જે કાર્યમાં પોતાનો કોઈ સ્વાર્થ નથી તેને પરોપકાર કહેવાય છે.

(૭) **સૌમ્યદૃષ્ટિ :** જેમના દર્શન કરવાથી આપણો આત્મા શીતળ બને છે, શાંત બને છે, તૃપ્તિ પામે છે તેવા સંતો હોય છે. આદિકવિ શ્રી નરસિંહ મહેતા તેમના વિષે કહે છે કે,

"શાંતિ પમાડે તેને તો સંત કહીએ,
હે જી એના દાસના તો દાસ થઈને રહીએ,શાંતિ..."

(૮) **ગુણગ્રાહી :** ગુણોને ગ્રહણ કરવાની જેમની નિરંતર દૃષ્ટિ છે.

(૯) **ગરિષ્ઠ :** ગરિમાવાળા, મહત્તાવાળા એટલે કે જેમના જીવનરૂપી બગીચામાં અનેક સદ્‌ગુણોરૂપી ફૂલ ખીલ્યા હોય તેવા.

(૧૦) **સબ કો ઈષ્ટ :** સંતો અજાતશત્રુ હોય છે. આ જગતમાં તેમનો કોઈ દુશ્મન નથી.

"મૈત્રીભાવ જગત મેં મેરા, સબ જીવોં સે નિત્ય રહે,
દીન દુઃખી જીવોં પર મેરે, ઉરસે કરુણાસ્રોત બહે."

આવા સંતોની સાથે દરેક જીવોને પરિચય કરવાની ઈચ્છા થાય છે.

(૧૧) **શિષ્ટપક્ષી :** જેઓ સજ્જન શ્રાવક છે તેમને સત્યનો પક્ષપાત હોય છે. શિષ્ટ એટલે ઉત્તમ, પ્રશંસનીય, આદરણીય, સમ્યક્. તેઓ કોઈપણ જગ્યાએ સત્યનો જ પક્ષ લે છે.

(૧૨) **મિષ્ટવાદી :** તેમના વચન કોમળ છે, હિતકર છે, મધુર છે.

(૧૩) **દીરઘ વિચારી :** તેઓ યુગપ્રધાની હોય છે તેથી તેમને આજથી લઈને ૧૦૦-૨૦૦ વર્ષો પછી સમાજ, જ્ઞાતિ, નગર, દેશ અને વિશ્વની શી સ્થિતિ થવાની છે તેનો તેમને અંદાજ આવી જાય તેવી તેમની દીર્ઘદૃષ્ટિ હોય છે. પોતે કાંઈપણ કાર્ય કરે તે દેશકાળને વિચારીને કરે છે, સમાજના હિતમાં હોય તેવું જ કરે છે.

(૧૪) **વિશેષજ્ઞ :** દરેક વસ્તુને ચારે બાજુથી તપાસે છે. તેના સૂક્ષ્મતાપૂર્વકના જાણકાર હોય છે.

(૧૫) **રસજ્ઞ :** તેઓ નવ રસોના જાણકાર તો હોય છે જ પણ તે બધા રસોમાં જે પ્રધાન રસ છે તે શાંતરસ - સુધારસ - સમાધિરસમાં વિશેષ નિમગ્ન હોય છે.

(૧૬) **કૃતજ્ઞ :** પોતાના ઉપર જેણે થોડો પણ ઉપકાર કર્યો હોય તેને મૃત્યુપર્યંત તેઓ ભૂલતા નથી અને તેમનું ઋણ ચૂકવવાનો યથાયોગ્ય પ્રયત્ન હંમેશાં કરે છે.

(૧૭-૧૮) **તજ્ઞ - ધર્મજ્ઞ :** તેઓ ભગવાને કહેલા તત્ત્વના જાણકાર તથા તે તત્ત્વાર્થ શ્રદ્ધા અનુસાર જીવન જીવનાર હોય છે.

(૧૯) **સહજ વિનીત :** ધર્માત્માઓના જીવનમાં વિનય સહજ હોય છે. કોનો, ક્યારે અને કેટલો વિનય કરવો તે તેમના જીવનમાં સહજ થઈ ગયું છે. સહજ એટલે કે આ વિનયગુણ તેમના જીવનમાં તાણા-વાણાની જેમ વણાઈ ગયો છે.

(૨૦) **પાપક્રિયાસો અતીત :** ગૃહસ્થ સર્વથા પાપરહિત થઈ શકતા નથી છતાં પણ તેમના જીવનમાં તેઓ યત્નાપૂર્વક, જાગૃતિપૂર્વક હિંસાદિ પાપો ન થાય તેનો ઉદ્યમ કરતા હોય છે. સાત મોટા પાપ (વ્યસનો) તો તેઓ પ્રથમ જ છોડી દે છે તથા બીજા નાના નાના પાપોને પણ ધીરે ધીરે શક્તિ અનુસાર છોડવાનો અભ્યાસ કરતા હોય છે.

(૨૧) **પુનિત :** જેઓએ પોતાના આત્માને પવિત્ર કર્યો છે તથા જેમણે પુણ્યાનુબંધી પુણ્યનો સંચય કર્યો છે એવા એકવીસ ગુણોથી ભરપૂર શ્રાવક ધર્માત્મા હોય છે.

જેઓ આ ગુણોને જીવનમાં વણી લે છે તેઓ ભગવાન મહાવીરના બોધને પાત્ર થાય છે. હે ભવ્યો ! જો તમારે મહાવીર ભગવાનનો બોધ અંતરમાં ઉતારવો હોય તો હંમેશાં ગુણવાન પુરુષોનો સત્સંગ કરજો અને તેમના જીવનમાંથી અનેક પ્રકારના ગુણોને પોતાના જીવનમાં ઉતારવાનો જીવનભર ઉદ્યમ કરજો તો તમારા જીવનમાં તમે સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન તથા સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ કરી પરમ શીતળ સમાધિસુખનો અનુભવ કરી ઉત્તમદશાને પામશો અને એ જ આપણા જીવનનું ધ્યેય છે. **(ક્રમશઃ)**

**॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥**

પરમનો સ્પર્શ - ૫૭

# તમારા મનનું મુખ !

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

જીવનમાં તમે કરેલા કાર્ય, ધ્યેય, સાધના કે જીવનશૈલીની પસંદગી જ તમારા જીવનશિલ્પને ઘડનારી બને છે. વ્યક્તિએ કરેલી પસંદગી પરથી જ એના ભૂતકાળનો ઇતિહાસ, વર્તમાનની સ્થિતિ અને ભવિષ્યમાં થનારી સ્થિતિનો તાગ આવી શકે છે. પોતાના જીવનને કઈ રીતે પસાર કરવું, જીવનમાં અમુક પરિસ્થિતિ પ્રત્યે કેવો અભિગમ અપનાવવો અને કયા માર્ગે ચાલીને પ્રગતિ સાધવી, એ નિર્ણાયક પ્રશ્ન હોય છે. પ્રમાણિકતાના માર્ગે જવું કે અપ્રમાણિકતાના માર્ગે ? સ્વાર્થમય જીવનની પસંદગી કરવી કે સેવાભાવી જીવનની ? રાગમય જીવન પસંદ કરવું કે વૈરાગ્યપૂર્ણ ? વ્યક્તિ એની મતિ અને ગતિ પ્રમાણે અથવા તો સારાસારના વિવેક મુજબ પસંદગી કરે છે. જીવનના આ બધા નિર્ણાયક પરિબળોમાંથી જેના પર પસંદગીનો કળશ ઢોળશો, તે પ્રમાણે જીવન અને જગત સર્જાશે.

જીવનને વ્યર્થતાથી વિતાવીને, નિર્હેતુક દશા પસંદ કરી શકો અથવા તો સાર્થક જીવન ગાળવા માટે સહેતુક સેવા કે સાધનાની પસંદગી કરી શકો. એમ પણ માની શકો કે આ જીવન તદ્દન ક્ષુદ્ર, વ્યર્થ અને નિરર્થક છે અને એમ પણ માની શકો કે આ જીવનની પ્રત્યેક ક્ષણ અતિ મૂલ્યવાન અને અત્યંત કીમતી છે. તમે જે રીતે નક્કી કરશો, તે રીતે જીવન દશા અને દિશા ધારણ કરશે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રની આગમગાથા કહે છે-

अप्पा कत्ता विक्ता य दुक्खाण य सुहाण य ।
अप्पा मित्तममित्तं च दुप्पट्ठियसुपट्ठिओ ॥

"આત્મા પોતે જ પોતાનાં સુખદુઃખનો કર્તા છે અને એનો નાશ કરનાર પણ છે. એટલા માટે સન્માર્ગે ચાલનારો આત્મા મિત્ર છે અને કુમાર્ગે ચાલનારો આત્મા શત્રુ છે."

આનો એટલો જ અર્થ કે તમે જીવનપંથની પસંદગી કરતી વખતે કયો માર્ગ પસંદ કરો છો, કારણ કે જે માર્ગે તમારું જીવન પસાર થશે, તે ન્યાયે ફળપ્રાપ્તિ થશે. એ મુજબ સત્કર્મ અને દુષ્કર્મ અથવા તો પાપ કે પુણ્યની પ્રાપ્તિ થશે. આથી 'કૌટિલીય અર્થશાસ્ત્ર' અને 'ચાણક્યનીતિ' જેવા ગ્રંથોના રચયિતા મહર્ષિ ચાણક્યે કહ્યું :

"स्वयं कर्म करोत्यात्मा स्वयं तत्फलमश्नुते,
स्वयं भ्रमति संसारे स्वयं तस्माद्विमुच्यते ।"

"વ્યક્તિ પોતે જ કર્મ કરે છે અને એનું ફળ પણ એ પોતે જ ભોગવે છે. એ પોતે જ ભવભ્રમણ કરે છે અથવા તો એ પોતે જ એમાંથી મુક્ત થઈ શકે છે."

આનો મર્મ એટલો કે વ્યક્તિ જેવું કર્મ કરે છે, એવું ફળ ભોગવે છે. એ જો ભવભ્રમણમાં વૃદ્ધિ કરનારું કર્મ કરે, તો એને ભવોભવ ભટકતા અને ભમતા રહેવું પડે છે અને જો એ સત્કર્મો કરે, તો એ પોતે જ પોતાની જાતને મુક્તિ અપાવી શકે છે. આ વાત થઈ સત્કર્મ કરવાના પુરુષાર્થની, પરંતુ ઘણા લોકો એમ કહે છે કે સત્કર્મ કરવાની અમારી તીવ્ર ભાવના છે, પણ ભાગ્ય અમને સાથ આપતું નથી. એમાં પણ આપણા દેશના લોકો વિશેષપણે ભાગ્યાધીન અથવા તો પરાધીન કે પરાશ્રયી છે. કોઈ પોતાની નિષ્ફળતા છાવરવા માટે ભાગ્યને દોષ આપે છે, તો કોઈ જીવનમાં બનતી દરેક ઘટના માટે ભાગ્યને નિમિત્ત

માને છે. જો કોઈ સારી ઘટના બને, તો એનું શ્રેય પોતાના પ્રયત્નોને આપે છે અને નિષ્ફળતા, હતાશા કે નિષ્કર્મણ્યતાને કારણે એ નિષ્ફળ જાય, તો એનો સઘળો દોષ ભાગ્ય કે કર્મ પર ઢોળી દે છે.

ભાગ્ય એ હંમેશાં સાહસિકને સહાય કરે છે. પુરુષાર્થીની પીઠ થાબડતું હોય છે. જે ભાગ્યને આધીન થઈને પ્રમાદથી કશુયં કર્યા વિના બેસી રહે છે, એનું ભાગ્ય પણ બેઠેલું રહે છે. જે સૂએ છે, એનું સૂતેલું હોય છે, પણ જે હિંમત રાખીને ઊભો થઈને મુશ્કેલીઓનો મુકાબલો કરે છે, એનું ભાગ્ય પણ ઊભું થઈને આગળ વધતું હોય છે. પછી તે વ્યવહાર જીવન હોય કે અધ્યાત્મપથ હોય. જો માત્ર ભાગ્યને સહારે જ જીવન ગાળવાનું નક્કી કરો, તો કશું કરવાની જરૂર રહેતી નથી. ચાણક્યએ કહ્યું છે કે પુરુષાર્થ કરનારની પાસે દરિદ્રતા રહેતી નથી, તો 'કિરાતાર્જુનીય' મહાકાવ્યમાં કવિ ભારવિ કહે છે,

''अभिमानवतो मनस्विनः प्रियमुच्चैः पद्मारुरुक्षतः,
विनिपातविनर्तनक्षमं मतमालम्बनमात्मपौरुषम् ।''

"ઉન્નતિના પદ પર આરોહણ કરવા માટે ઉત્સુક સ્વમાની, ધીરપુરુષ આપત્તિઓના નિવારણને માટે પુરુષાર્થનો આશ્રય લેવાનું યોગ્ય સમજે છે. શૂરવીરોને માટે પુરુષાર્થ એ જ સાચો સહાયક છે."

આમ, જીવનમાં પ્રયત્ન વિના પ્રાપ્તિ થતી નથી અને હકીકતમાં આળસુ માનવી અને કર્મયોગી વૈજ્ઞાનિક એડિસન વચ્ચે આ જ ભેદ છે. આને માટે મહત્ત્વની બાબત એ છે કે આપણું મુખ કઈ બાજુ છે ? આપણું મન કઈ દિશામાં વળેલું છે? કારણ કે મનમાં જે વિચાર જાગે છે, એ પ્રમાણે જીવન ઘડાય છે.

સૌથી મોટો પ્રશ્ન એ છે કે તમે તમારા મનને કઈ રીતે 'સેટ' કર્યું છે. એક મન આળસુ હોય છે કે જે આજનું કામ આવતીકાલ પર નાખીને આજે આરામથી નિદ્રાધીન રહે છે. બીજું મન એ નકારાત્મક (નૅગેટિવ) મન છે, જેને કોઈપણ બાબતમાં નકારાત્મક વિચારો આવે છે. એને જગતથી માંડીને પોતાના સ્વજનો સુધી સહુ કોઈની સામે ફરિયાદ હોય છે. ત્રીજું દોષદર્શી મન છે, જેને સતત અન્યના દોષ શોધવાની ઉત્સુકતા રહેતી હોય છે. કોઈ પણ સારી બાબતમાંથી એ કશુંક ટીકાત્મક શોધી કાઢે છે અને એ પ્રમાણે કોઈના એક નાનકડા દોષને ખૂબ મોટો બનાવીને, મરચું-મીઠું ઉમેરીને અતિશયોક્તિપૂર્ણ વર્ણન કરે છે, જ્યારે ચિંતાગ્રસ્ત મન એવું હોય છે કે જે સતત ચિંતાના બોજ હેઠળ રહેતું હોય છે. એને નાની- નાની ચિંતાઓ સતાવતી હોય છે. કોઈ પ્રત્યક્ષ ચિંતા ન હોય, ત્યારે એ ભવિષ્યની કલ્પના કરીને ચિંતા સેવતું હોય છે. અઢળક ધન હોય તો એનો આનંદ ભોગવતો નથી, પરંતુ આ ધન કોઈ છીનવી લેશે તો નહીં ને ? એવો ભય સતત અનુભવતો હોય છે.

કામ, ક્રોધ, મોહ, લોભ જેવી દુર્વૃત્તિમાંથી કોઈ એક દુર્વૃત્તિની પ્રબળતા ધરાવતું મન પણ હોય છે. એ એની મુખ્ય વૃત્તિ પ્રમાણે ચાલતું હોય છે. કોઈ એક વૃત્તિની પ્રબળતા ધરાવતું મન ધીરે ધીરે બીજું બધું છોડીને માત્ર એ દુર્વૃત્તિની તૃપ્તિ શોધતું ફરતું હોય છે.

પૉઝિટિવ વિચાર કરતું મન હંમેશાં જગતને ઉત્સાહ, આશા અને ઉમંગથી જોતું હોય છે. એને નિરાશાનો અનુભવ હોય છે, પરંતુ એ નિરાશાને ચિત્ત પર સવાર થવા દેતું નથી, જ્યારે અધ્યાત્મ પર નજર ઠેરવીને પરમનો સ્પર્શ પામવા ઇચ્છતું મન જીવનની ઊર્ધ્વતાનો વિચાર કરતું હોય છે અને એટલે જ તમે તમારા મનનું મુખ કઈ બાજુ રાખો છો, તેના પર જ તમારા જીવનની સફળતા અને નિષ્ફળતા, આનંદ અને વિષાદ, શાંતિ અને અશાંતિ, લાગણી અને ઉપેક્ષા - એ બધાનો આધાર છે. ખરેખર તો

આપણી પસંદગી પર આપણે આપણા મનને 'સેટ' કરવું જોઈએ, કારણ કે મન જ્યાં જાય છે, ત્યાં માણસ એને અનુસરતો હોય છે.

મનમાં પરમનો સ્પર્શ પામવાની ઇચ્છા જાગે તો મનને પરમ પ્રત્યે 'સેટ' કરવું પડે. આમ કરે તો જ એ પરમનો સ્પર્શ અનુભવી શકે. એનાં કાર્યો, વિચારો અને કર્તવ્યો પણ એ પ્રકારનાં જ હોવાં જોઈએ. આને માટે કોઈ દૈવી પ્રેરણાની રાહ જોવાની જરૂર નથી. જીવનમાં કોઈ ગંભીર અકસ્માત બને અને આખું જીવન એકાએક પરિવર્તન પામે એની રાહ જોવાની પણ જરૂર નથી. આને માટે સૌથી વિશેષ જરૂર જાગૃતિની છે.

આપણે જીવનમાં અહર્નિશ એવી જાગૃતિ રાખતા હોઈએ છીએ કે જેથી આપણો વ્યવહાર બીજાને માટે દુઃખદ ન બને. એવી રીતે સભાનપણે વર્તીએ છીએ કે જેથી આપણું વર્તન દુર્વર્તન સાબિત ન થાય. એવી મધુર અને સૌજન્યશીલ વાણી બોલીએ કે જેથી સામેની વ્યક્તિને આપણી વાણીમાં કોઈ કટુતા લાગે નહીં. આમ, જીવનના વ્યવહારમાં પદે પદે જાગૃતિ રાખીએ છીએ. સાવધાનીથી વર્તીએ છીએ, પરંતુ એવી જાગૃતિ રાખતા નથી કે મારા મનમાં કોઈ દુર્ભાવ પેસી ન જાય, કોઈ ખોટો ભાવ આવી ન જાય.

આપણા ચિત્તમાં આવતા ભાવો વિશે આપણે અજાગૃત હોઈએ છીએ. આપણા મનના બગીચામાં કોઈપણ 'ભાવ'ને લટાર મારવા દઈએ છીએ. એ 'ભાવ' સારો છે કે નરસો અથવા તો લાભદાયી છે કે નુકસાનકારક એવી કશી ફિકર પણ કરતા નથી. તેથી સૌથી વિશેષ જરૂર મનમાં જાગતા ભાવો પ્રત્યે જાગ્રત રહેવાની છે, નહીં તો બનશે એવું કે અજાગૃતિની પળોમાં આવેલા ભાવો મનને કલુષિત કરી નાખશે અને ઈશ્વર પ્રત્યે નજર માંડીને બેઠેલો સાધક તદ્દન વિરોધી ભાવમાં ડૂબી જશે.

● ● ●

## પુસ્તક સમાલોચના

**- મિતેશભાઈ એ. શાહ**

**(નોંધ : આ વિભાગ માટે પુસ્તક કે ગ્રંથની બે નકલ મોકલવા વિનંતી છે.)**

**પુસ્તકનું નામ : માનવજીવનના છ હિતશત્રુઓ**

**(માંસાહાર, દારૂ, નશો, જુગાર, વ્યભિચાર, કર્જ)**

**લેખક :** શ્રી કપિલભાઈ ઓઝા ● **પૃષ્ઠ સંખ્યા :** ૩૨

**કિંમત :** રૂા. ૧૦/- ● **આવૃત્તિ :** તૃતીય, સને ૨૦૧૪

**પ્રાપ્તિસ્થાન :** (૧) આર્યસમાજ, સૈજપુર બોઘા, અમદાવાદ-૩૮૨૩૪૫. ફોન : ૨૨૮૧૫૨૧૬

(૨) આર્યસમાજ, કાંકરિયા, અમદાવાદ.

કોઈપણ આર્યપુરુષના જીવનમાં મોટા સાત વ્યસનો ન જ હોવા જોઈએ તેવું જૈન આગમોમાં કહ્યું છે. (જુગાર, માંસાહાર, દારૂ, પરસ્ત્રીગમન, શિકાર, વેશ્યાગમન, ચોરી) આ પુસ્તકમાં જીવનને બરબાદ કરનારા ઉપરોક્ત છ હિતશત્રુઓથી સાવધ રહેવાની વાત જણાવી છે. લેખકે આ વાતને સમજાવવા અનેક દૃષ્ટાંતો, વૈજ્ઞાનિક અભિગમ તેમજ મહાપુરુષોના અવતરણોનો ઉપયોગ કર્યો છે. અંતમાં સ્વામી દયાનંદ સરસ્વતીના ઉદ્ગારો તેમજ મહાપુરુષોના ઉપદેશવચનો આપવામાં આવ્યા છે. ઉપરોક્ત છ હિતશત્રુઓથી બચવા અને અન્યને બચાવવા આ પુસ્તક અત્યંત ઉપયોગી બને તેમ છે.

શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્ર - અમૃતરસપાન

(ક્રમાંક - ૧૯)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

જ્ઞાનાવતાર પરમકૃપાળુદેવની ચૈતન્યપ્રભા સર્વત્ર વિહરે છે, જે સમાધિભાષા પત્રાંક-૩૩૧માં આલેખાઈ છે કે "ભ્રાંતિગતપણે સુખસ્વરૂપ ભાસે છે એવા આ સંસારી પ્રસંગ અને પ્રકારોમાં જ્યાં સુધી જીવને વહાલપ વર્તે છે; ત્યાં સુધી જીવને પોતાનું સ્વરૂપ ભાસવું અસંભવિત છે, અને સત્સંગનું માહાત્મ્ય પણ તથારૂપપણે ભાસ્યમાન થવું અસંભવિત છે. જ્યાં સુધી તે સંસારગત વહાલપ અસંસારગત વહાલપને પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ખચીત કરી અપ્રમત્તપણે વારંવાર પુરુષાર્થનો સ્વીકાર યોગ્ય છે." આ અમૃતવચનોને સૂક્ષ્મપણે વિચારણામાં - ચિંતનમાં લેતાં ગહન અર્થો આત્માર્થીને ભાસે છે. લક્ષગત થાય છે.

શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત 'સમાધિતંત્ર' ગ્રંથનું અમૃતપાન કરી રહ્યા છીએ. શ્લોક આઠમાં વિચાર્યું કે દેહને જ પોતાનું સ્વરૂપ માનનાર બહિરાત્મા જે જે ગતિમાં જન્મ ધારણ કરે છે તે તે ગતિના દેહને પોતાનો માનીને ભ્રાન્તિમાં જીવે છે. હવે નરક ગતિમાં જન્મ ધારણ કરનાર નારકી તે ગતિમાં પોતાને નારકીમય માની દુઃખ ભોગવે છે અને નવા કર્મનો બંધ થતાં તે કર્મબંધને ભોગવે છે. તે હવે શ્લોક નવ વિચારીએ :

नारकं नारकाङ्गस्थं न स्वयं तत्त्वतस्तथा ।
अनंतानंतधीशक्तिः, स्वस्वेद्योऽचलस्थितिः ॥९॥

**અન્વય :** नारकाङ्गस्थं नारकं (मन्यते) तत्त्वतः स्वयं तथा न अनंतानंत धीशक्तिः स्वसंवेद्यः अचलस्थितिः ।

**શબ્દાર્થ :** नारकाङ्गस्थं = નરકગતિમાં રહેલા જીવને; नारकं = નારકી; (मन्यते = માને છે), तत्त्वतः = વાસ્તવિક રીતે, स्वयं न = સ્વયં આત્મા તેવો નથી, अनन्तानंतधीशक्तिः = અનંત અનંત જ્ઞાન અને શક્તિનો ધારક છે, स्वसंवेद्य = સ્વાનુભવગમ્ય છે, अचलस्थितिः = પોતાના સ્વરૂપમાં નિશ્ચલ છે.

**ભાવાર્થ :** નરકગતિમાં આત્મા નરક-ગતિમય પોતાને માને છે. વાસ્તવિક રૂપે પરમાર્થથી આત્મા તેવો નથી. અનંત અનંત જ્ઞાન-શક્તિનો ધારક આત્મા છે. આત્મા સ્વાનુભવગમ્ય છે. પોતાના સ્વરૂપમાં સ્થિર છે.

**વિશેષાર્થ :** અજ્ઞાન-મોહ-રાગ-દ્વેષ દુઃખના કારણો છે. ચારે ગતિમાં જીવ દેહાધ્યાસને કારણે દેહ પોતાનું સ્વરૂપ છે એમ ભ્રાન્તિથી દુઃખી થાય છે. આચાર્યદેવ બહિરાત્માની માન્યતા કેવી છે તે સમજાવે છે.

नारकाङ्गस्थं नारकं मन्यते - ચારેય ગતિમાં આત્મજ્ઞાન નહિ હોવાથી દુઃખ ભોગવાય છે. નરક ગતિમાં વૈક્રિય શરીર છે. દેહને અનેક આકારે અનેક દુઃખથી જીવ ભોગવે છે. અશુભ વિક્રિયા હોવાથી દેહના ભિન્ન ભિન્ન આકાર થાય છે. મુખ્યપણે પાપનો ઉદય વર્તે છે. પોતાની શક્તિ અન્યને દુઃખ દેવામાં યોજે છે. કુઅવધિજ્ઞાન હોવાથી પૂર્વના શત્રુઓને શોધી દ્વેષના ભાવમાં વૃદ્ધિ થઈ વિશેષ કર્મબંધ કરે છે. દુઃખદ સ્થિતિમાં

'નારકીદેહ તે હું છું' તથા બીજાના દેહ તેને દેહરૂપ માને છે. આવી ભ્રાન્તિમાં જીવતાં નારકીઓ દીર્ઘકાળ સુધી દુઃખને વેદે છે. કોઈ જીવ તીર્થંકર ભગવાનના કલ્યાણક સમયે પ્રકાશનો ઉદય થતાં, 'દેહથી ભિન્ન હું આત્મા છું' એવું ભાન થતાં ત્યાં આત્મજ્ઞાનને પામે છે. એવી એક સ્થિતિ નરક ગતિમાં ભજે છે. છતાં દુઃખની તીવ્રતાને કારણે અલ્પ જીવો તેની યોગ્યતા પામે છે અને આત્માના આસ્વાદી બને છે.

तत्त्वतः स्वयं नः - પરમાર્થથી વિચારીએ તો આત્મા મનુષ્યદેહરૂપ, તિર્યંચ દેહરૂપ, દેવના દેહરૂપ અને નારકીના દેહરૂપ નથી. ભ્રાન્તિને કારણે જેમ દોરીમાં સર્પની ભ્રાન્તિ થાય છે. ખરેખર દોરી સર્પ રૂપ નથી. જેવો પ્રકાશ થાય છે - અંધકાર દૂર થાય છે અને દોરી દેખાતાં ભ્રાન્તિ નાશ પામે છે. આત્મભાન થતાં દેહ રૂપ ભ્રાન્તિ નાશ પામે છે. અધ્યાત્મ ગ્રંથ 'આત્મસિદ્ધિશાસ્ત્ર'માં પરમકૃપાળુ અંકિત કરે છે -

"ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહસમાન;
પણ તે બંને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન.
ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;
પણ તે બંને ભિન્ન છે, જેમ અસિને મ્યાન."

પરમાર્થથી દેહ અને આત્મા ભિન્ન છે. દેહના અધ્યાસથી ભિન્નતા ભાસતી નથી. તેથી બહિરાત્મા જે જે ગતિમાં જાય ત્યાં ત્યાં તન્મય બની જાય છે. રુચિવંત આત્માને પ્રશ્ન થાય કે આત્મા દેહ રૂપ નથી તો આત્મા કેવો છે ? આત્મા શું ? હું કોણ છું ? ક્યાંથી થયો છું ? મારું તત્ત્વતઃ સ્વરૂપ શું છે ? તેના સમાધાન માટે આત્માને ત્રણ સ્વરૂપથી સમજાવે છે.

अनन्तानंतधीशक्ति : આત્મા અનંત અનંત જ્ઞાન અને શક્તિથી પરિપૂર્ણ છે. જ્ઞાન કે શક્તિ ક્યાંય બહારથી લાવવાના નથી. આત્મામાં સામર્થ્ય ભરેલું જ છે.

**દૃષ્ટાન્ત :** આયુર્વેદ પદ્ધતિનું ઔષધ છે - લીંડીપીપર. તે આકારથી નાના કદની છે અને શ્યામ-કાળી છે. તેમાં તીખાશ તીવ્ર હોય છે. તે તીખાશ માટે ચોસઠ પહોર ઘૂંટવાની હોય છે. જેમ જેમ ઘૂંટતા જઈએ તેમ તેમ તીખાશ વધતી જાય છે. ચોસઠ પહોર ઘૂંટતા પૂરી તીખાશ બહાર આવે છે. તેવી રીતે અનંત અનંત શક્તિ આત્મામાં ભરી છે. શક્તિ કાંઈ બહારથી આવતી નથી કે બહારથી લાવવાની નથી. અનંત અનંત જ્ઞાન અને શક્તિથી લબાલબ પૂર્ણ આત્મા છે.

આત્માની શક્તિના વિષયમાં અધ્યાત્મગ્રંથ 'શ્રી સમયસાર'ના પરિશિષ્ટમાં શક્તિઓ આચાર્ય ભગવંતે ઉદ્‌ઘાટિત કરી છે. આત્મામાં અનંત અનંત શક્તિઓ ઉછળે છે. તેમાંની કેટલીક શક્તિ વર્ણવી છે. તેના નામ માત્ર અત્રે નોંધીશું : જીવત્વશક્તિ, ચિતિશક્તિ, દશિશક્તિ, સુખશક્તિ, જ્ઞાનશક્તિ, વીર્યશક્તિ, પ્રભુત્વશક્તિ, વિભુત્વશક્તિ, સર્વદર્શિત્વશક્તિ, સર્વજ્ઞત્વશક્તિ, સ્વચ્છત્વશક્તિ, પ્રકાશશક્તિ, અસંકુચિતવિકાસત્વશક્તિ, અકાર્યકારણત્વશક્તિ, પરિણમ્યપરિણામકત્વશક્તિ, ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ, અગુરુલઘુત્વશક્તિ, ઉત્પાદવ્યયધ્રુવત્વશક્તિ, પરિણામશક્તિ, અમૂર્તત્વશક્તિ, અકર્તૃત્વશક્તિ, અભોકર્તૃત્વશક્તિ, નિષ્ક્રિયત્વશક્તિ, નિયતપ્રદેશત્વશક્તિ, સ્વધર્મ-વ્યાપકત્વશક્તિ, સાધારણઅસાધારણધર્મત્વશક્તિ, અનંતધર્મત્વશક્તિ, વિરુદ્ધધર્મત્ત્વશક્તિ, તત્વશક્તિ, અતત્ત્વશક્તિ, એકત્વશક્તિ, અનેકત્વશક્તિ, ભાવશક્તિ, અભાવશક્તિ, ભાવાભાવશક્તિ, અભાવાભાવશક્તિ, અભાવાભાવશક્તિ, ભાવશક્તિ, ક્રિયાશક્તિ, કર્મશક્તિ, કર્તૃશક્તિ ઈત્યાદિ અનંત અનંત શક્તિસંપન્ન આત્મા છે.

બહિરાત્મા જે દેહબુદ્ધિમાં જીવે છે તે અનંત શક્તિસભર આત્મા છે તેમ સમજાવે છે. આત્મા અનંત અનંત જ્ઞાન અને શક્તિથી પરિપૂર્ણ છે.

स्वसंवेद्यः = स्व + सम् + वेध. स्व = પોતાથી - सम्वेद्यः = જ્ઞાનથી પ્રત્યક્ષ વેદી શકાય તેવો આત્મા છે. સ્વથી વેદી-અનુભવી શકાય તેવો આત્મા સદા સર્વદા છે. પોતાથી જણાય એવો છે. અર્થાત્ ઈન્દ્રિયગોચર નથી. પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. વસ્તુનો સ્વભાવ નિરુપાધિક છે. સ્વાનુભવગમ્ય છે. કર્મની ઉપાધિ નાશ પામે છે. અનંત અનંત આત્મશક્તિનો ભંડાર આત્મા સ્વાનુભવગમ્ય છે.

સંસારદશામાં અનાદિકાળથી શુભ અશુભ રાગનું વેદન છે. દ્વેષનું વેદન છે, કષાયોનું વેદન છે. અર્થાત્ સ્વભાવનું વેદન નથી. વર્તમાન વિપરીત વિભાવદશાનું વેદન છે. પરિણામે સંસારભાવમાં કર્મબંધ થતાં પરિભ્રમણ ચાલુ રહે છે. આચાર્ય ભગવાન કહે છે કે આત્મા સ્વસંવેદનગમ્ય છે. સ્વસંવેદનગમ્ય હોવાથી નિજઘરમાં જવું સહેલું પડે છે. અન્યને આધારે કોઈપણ કાર્ય કઠિન લાગે છે. પરતંત્રમાં કઠિનતા છે. પરાશ્રિતભાવ મુશ્કેલ છે. સ્વાધીનભાવ સરળ છે. આત્મા સ્વસંવેદન સ્વરૂપ છે માટે સરળ અને સુગમ છે.

પૂ. બેનશ્રી ચંપાબેન કહે છે કે "નિરાલંબન ચાલવું તે વસ્તુનો સ્વભાવ છે. તું કોઈના આશ્રય વિના ચૈતન્યમાં ચાલ્યો જા. આત્મા સદા એકલો જ છે. પોતે સ્વયંભૂ છે. મુનિઓના મનની ગતિ નિરાલંબન છે. તું આત્મામાં જા. તો તારું અથડાવું મટી જશે. જેને આત્મામાં જવું છે તે આત્માનો આધાર લે."

अचलस्थितिः – આત્માની અચલસ્થિતિ છે. અનંત અનંત જ્ઞાન અને અનંત અનંત શક્તિને કારણે આત્મા અચલ સ્વભાવમય છે.

જ્યારે શાસ્ત્ર લખાય છે ત્યારે આચાર્યદેવ અન્ય દર્શનોની નોંધ આપે છે. મુખ્ય છ દર્શનો છે : સાંખ્યદર્શન, યોગદર્શન, ન્યાયદર્શન, વૈશેષિકદર્શન, ઉત્તમમીમાંસા, પૂર્વમીમાંસા દર્શન. બીજા ત્રણ દર્શન છે - બૌદ્ધ દર્શન, જૈન દર્શન અને ચાર્વાકદર્શન.

સાંખ્યદર્શન તથા યોગદર્શનાવલંબી પ્રશ્ન કરે છે કે જે સ્વસંવેદ્ય સ્વરૂપ આત્મા છે તે સ્થિતિ કેટલો કાળ-સમય છે ? કારણ સાંખ્યદર્શન અને યોગદર્શનનો અભિપ્રાય કે प्रच्युतिः आत्मनो अभ्युपगता – આત્મા प्रच्युत - નીચે પતન પામે છે અથવા મુક્ત થાય, વળી નીચો આવે એમ અવતારધારણ થાય - માટે નીચે આવવું બને છે.

તેઓને આચાર્યદેવે પ્રત્યુત્તર આપ્યો છે કે આત્મા સ્વસંવેદ્ય છે તથા અચલસ્થિતિ સંપન્ન છે. જ્ઞાનપ્રાપ્તિ થઈ પછી નીચે ગમન નથી. મુક્તદશા - સિદ્ધદશા થયા પછી અચલ સ્થિતિમાં સદા સર્વદા રહે છે. મોક્ષવિચારની વિશેષ સમજણ 'ન્યાયકુમુદચંદ્ર' અને 'પ્રમેયકમલમાર્તંડ' ગ્રંથોમાં વિસ્તૃત રીતે જોવા મળે છે. સર્વજ્ઞથી સિદ્ધ થયેલી ચૈતન્યસરસ્વતી પૂર્ણ છે. પરમકૃપાળુદેવ પ્રકાશે છે,

"સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી."

સર્વજ્ઞ દર્શનની વિશેષતા છે કે અનુભવ્યું તે પ્રકાશ્યું છે. સહજ રૂપે પ્રગટ થયું છે. આત્મા શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન છે. સ્વયંજ્યોતિ સ્વરૂપ છે. સુખનું આયતન છે. અનંતગુણસ્વામી, અનંતગુણનિધિ, સ્વસંવેદ્ય, અચલસ્થિતિમય આત્મા છે. સહજરૂપે અન્યદર્શન કે મતખંડન-મંડન સમજાય તે સારું છે. ખરું તો આત્મ સ્વરૂપાર્થે ભેદજ્ઞાન, સાક્ષીભાવ-જ્ઞાતાદષ્ટાભાવ-અકર્તાપણું

જ્ઞાતાપણું આત્મા ભજ્યા કરે તે યથાર્થ છે. માટે સંક્ષેપમાં 'દેહ હું નથી પણ શુદ્ધ સ્વરૂપ આત્મા છું' તે સધાય, જે આત્મજ્ઞાન માટે અભિપ્રેત છે.

બહિરાત્મા જ્ઞાનમૂઢ હોવાથી દેહને આત્મા માને છે અને દેહમાં એકત્વબુદ્ધિ કરે છે તેથી ભવભ્રમણની પરંપરા ચાલુ રહે છે. આ વિષયમાં શ્રી યોગીન્દ્રદેવ આચાર્ય 'પરમાત્મપ્રકાશ' અધિકાર-૧ તથા ગાથા ૭૭માં આત્મભાષા આપે છે. ''ऐसा कोइ शरीर नहीं जो इसने (જીવને) धारण न किया हो, ऐसा कोई क्षेत्र नहीं है कि जहाँ न उत्पन्न हुआ हो और न मरण किया हो, ऐसा कोइ काल नहीं है कि जिसमें इसने जन्म-मरण न किया हो, ऐसा कोइ भव नहीं जो इसने पाया न हो और ऐसा अशुद्ध भाव नहीं है जो इसने न हुए हो इस तरह अनन्त परावर्तन इसने किये है ।'' માટે આચાર્યદેવ ઉપદેશે છે કે હે બહિરાત્મા, હવે દેહબુદ્ધિથી મુક્ત થઈ આત્મબોધ પામી સદા સદા ત્રિકાળ સ્વભાવ પામી મુક્ત થા.

શ્રી નેમીશ્વર આચાર્ય - કારુણ્યભાવથી ભવ્યાત્માઓને સંબોધે છે કે હે ભવ્ય આત્માઓ ! એક ઘડી કે અર્ધઘડી પણ જિનાકાર જિનશુદ્ધસ્વરૂપ પોતાના સ્વભાવનું ધ્યાન કરવું. આત્મ અનુસંધાન કરવું, જેથી ભવોભવના કર્મના ઢગલા એવી રીતે વિલીન થઈ જશે કે જેવી રીતે સૂર્યનો ઉદય થાય છે અને અંધકાર ક્યાં ચાલ્યો જાય છે તેનું સ્મરણ પણ નથી. પરમાર્થથી આત્માનું આરાધન પરમ અર્થ સ્વરૂપ સિદ્ધપદ આપનારું બને છે.

પૂજ્ય બેનશ્રી ચંપાબેન વચનામૃતમાં પ્રકાશે છે, ''જાગ રે ભાઈ જાગ. તને ઊંઘમાં દિશા સૂજતી નથી. તું તારી ભૂલથી રખડ્યો છે. તું સ્વતંત્ર દ્રવ્ય છો. ભૂલ સમયે પણ સ્વતંત્ર છો. તું રખડપટ્ટી વખતે પણ શુદ્ધ પદાર્થ રહ્યો છે. આ કોઈ મહિમાવંત વસ્તુ બતાવીએ છીએ. તું અંદર ઊંડો ઉતરીને જો. અસલી તત્ત્વને ઓળખ. તારું દુઃખ ટળશે. તું પરમ સુખી થઈશ.''

બહિરાત્મા જે જે ગતિમાં જાય છે ત્યાં ત્યાં 'મારાપણું' માની દુઃખી બને છે. દેહાત્મબુદ્ધિમાં લવલીન બની સંતપ્ત થાય છે. પરમકૃપાળુદેવ ઉદ્‌બોધે છે,

''ના મારાં તન રૂપ કાંતિ યુવતી, ના પુત્ર કે ભ્રાત ના,
ના મારાં ભૃત સ્નેહીઓ સ્વજન કે, ના ગોત્ર કે જ્ઞાત ના;
ના મારાં ધન ધામ યૌવન ધરા, એ મોહ અજ્ઞાત્વના;
રે ! રે ! જીવ વિચાર એમ જ સદા, અન્યત્વદા ભાવના.''

**(ક્રમશઃ)**

## 'રાજ' અમને શીખવાડે

**- આનંદીબેન ભક્ત (વિદ્યાનગર)**

ઓ રાજ પ્રભુજી, તારી લીલા અપરંપાર છે,
મમતા મનમાં જાગે, તમે દૂર ભગાવી નાખો.
ઓ રાજ પ્રભુજી, અહંકારમાં અમે ડૂબીએ
ડૂબતાં અમને બચાવે...
ઓ રાજ પ્રભુજી, હિંસા મનમાં જાગે,
તમે અહિંસાના પાઠ પઢાવો...
ઓ રાજ પ્રભુજી, અસત્ય વાણી અમે બોલીએ,
તો સત્ય વાણી સમજાવો...
ઓ રાજ પ્રભુજી, અમે પરિગ્રહને છોડીએ,
એનું ભાન સદા કરાવે...
ઓ રાજ પ્રભુજી, માનવ સાથે શુદ્ધ ભાવે રહીએ,
એવું તમે અમને શીખવાડો...
ઓ રાજ પ્રભુજી, સંસારમાં રહેવું પડે તો,
જળકમળવત્ રહેજો, તો ભવજળ તરી જવાશે,
એવું સાચું રાજ સુણાવે...

# સ્થિતપ્રજ્ઞ મહાત્માના લક્ષણો - એક ચિંતન

**(ક્રમાંક - ૫)**

**પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ઠાબેન સોનેજી**

"આસક્ત નહિ જે ક્યાંય, મળ્યે કાંઈ શુભાશુભ;
ન કરે હર્ષ કે દ્વેષ, તેની પ્રજ્ઞા થઈ સ્થિર."

**- શ્લોક - ૫૭ ગુજરાતી પદ્યાનુવાદ**

**શબ્દાર્થ :** જે સર્વત્ર આસક્તિ રહિત હોય અને સારું કે ખોટું જે કંઈ પ્રાપ્ત થાય એથી હર્ષ કે ખેદ કરતો નથી, તેની બુદ્ધિ સ્થિર થઈ છે.

**ભાવાર્થ :** સ્થિતપ્રજ્ઞ મહાત્માનું આ જગત પ્રત્યે અહં-મમત્વ નષ્ટપ્રાયઃ થઈ ગયું છે. તેઓને સર્વ જીવોમાં સમદૃષ્ટિ થઈ ગઈ છે અને જગતમાં પૂર્વ કર્મના ઉદયથી પ્રાપ્ત થતા શુભ-અશુભ (સારા-નરસા) સંયોગો પ્રત્યે ઉદાસીન થઈ ગયા છે; તેથીજ તેઓ સર્વ સમયે હર્ષ-શોકથી ઉપર ઊઠીને આત્મવિચારમાં નિમગ્ન રહે છે.

**પરમાર્થ :** આ શ્લોક પૂર્વના (૫૬)મા શ્લોકનું અનુસંધાન કહી શકાય. સત્પુરુષોની અલૌકિક અનાસક્તિ અને સુખદુઃખના પ્રસંગોમાં તેમની અદ્‌ભુત સમતાના દર્શનનો બોધ આપવા માટે અહીંયા વિશેષ સ્પષ્ટીકરણ કર્યું છે.

## વિશેષ વિચારણા

પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રના નીચેના વચનો ઉપરના શ્લોકના ભાવોનું સમર્થન કરે છે :

જ્ઞાન તેનું નામ કે જે હર્ષ શોક વખતે હાજર થાય; અર્થાત્ હર્ષ શોક થાય નહીં. સમ્યગ્દૃષ્ટિ હર્ષશોકાદિ પ્રસંગમાં તદ્દન એકાકાર થાય નહીં.

- ક્ષણ ક્ષણ જે અસ્થિરતા, અને વિભાવિક મોહ;
  તે જેનામાંથી ગયા, તે અનુભવી ગુરુ જોય.

**- પત્રાંક - ૭૯**

- 'સમદર્શિતા' (સ્થિતપ્રજ્ઞદશા) એટલે પદાર્થને વિષે ઈષ્ટઅનિષ્ટબુદ્ધિરહિતપણું, ઈચ્છા-રહિતપણું, મમત્વરહિતપણું સમદર્શિતા ચારિત્રદશા સૂચવે છે. રાગદ્વેષ રહિત થવું તે ચારિત્રદશા છે. ઈષ્ટઅનિષ્ટ બુદ્ધિ, મમત્વ, ભાવાભાવનું ઊપજવું એ રાગદ્વેષ છે. આ મને પ્રિય છે, આ ગમે છે, આ મને અપ્રિય છે, ગમતું નથી એવો ભાવ સમદર્શીને વિષે ન હોય. **-પત્રાંક ૮૩૭**

અન્ય સ્થિતપ્રજ્ઞ સંતો કહે છે :

- આહાર દેનેવાલે કા ભી કલ્યાણ હો, ન દેને વાલે કા ભી કલ્યાણ હો ઔર આહાર રોકને-વાલે કા ભી કલ્યાણ હો.

તેઓને પાપ-પુણ્ય તત્ત્વનું દૃઢ શ્રદ્ધાન થઈ ગયું છે તેથી તેઓ જાણે છે કે આહાર મળવો કે ન મળવો તે કર્મના ઉદયને આધીન છે તે માટે હર્ષ-શોક કરવો તે વ્યર્થ છે.

આવા મહાત્માઓનું જીવન સહજ, સરળ, પ્રેમસભર હોય છે.

- સુધે મન, સુધે વચન, સુધી સબ કરતૂત,
  તુલસી સુધી સબ વિધિ રઘુવીર પ્રેમ પ્રસુતિ.

પૂજ્ય આનંદમયી મા જણાવે છે,

સુખ આતે હૈ, દુઃખ આતે હૈં;
ઈન આતે જાતે સુખ દુઃખમેં હમ મસ્ત રહતે હૈં.

- હોકર સુખમેં મગ્ન ન ફૂલે,
  દુઃખ મેં કભી ન ઘબરાવે,

પર્વત નદી સ્મશાન ભયાનક,
અટવીસેં નહિ ભય ખાવે;
રહે અડોલ અકંપ નિરંતર,
યહ મન દઢતર બન જાવે,
ઈષ્ટવિયોગ અનિષ્ટ યોગમેં
સહનશીલતા દિખલાવે.
**- 'મેરી ભાવના' શ્રી જુગલકિશોરજી મુખ્તાર**

- સુખ દુઃખમાં, અરિમિત્રમાં, સંયોગ કે વિયોગમાં,
રખડું વને વા રાજભુવને, રાચતો સુખભોગમાં;
મમ સર્વ કાળે સર્વ જીવમાં, આત્મવત્ બુદ્ધિ બધી,
તું આપજે મુજ મોહ કાપી, આ દશા કરુણાનિધિ !
**- આચાર્યવર શ્રી અમિતગતિ સામાયિક પાઠ**

- મેરુ તો ડગે પણ જેના મન ના ડગે રે,
ભલે ભાંગી પડે બ્રહ્માંડ રે
વિપત પડે પણ વણશે નહિ રે,
સોહી હરિજનના પરમાણ રે.
**- ગંગાસતી**

## ઉપસંહાર

સ્થિતપ્રજ્ઞ ધર્માત્મા સમક્ષ પ્રારબ્ધવશાત્ શુભ-અશુભ અનુકૂળ-પ્રતિકૂળ પરિસ્થિતિ (સંયોગો) આવે છે ત્યારે હર્ષિત કે દુઃખિત નથી થતા કારણકે તેઓ રાગ-દ્વેષ આદિ વિકારીભાવોથી નિર્લિપ્ત થઈ ગયા છે. વિશિષ્ટ પ્રજ્ઞા દ્વારા તેમનો વિવેક પૂર્ણરૂપે જાગૃત થઈ ગયો છે, જેથી સંસારમાં બનતા પ્રસંગો તેમને નાટક જેવા લાગે છે. તેમની પ્રતિષ્ઠિત બુદ્ધિ પરમાત્મા અથવા પોતાના આત્મસ્વરૂપમાં અચલ બની ગઈ છે. તેથી શરીર ઈન્દ્રિયો, મન, બુદ્ધિ તેમ જ સ્ત્રી, પુત્ર, ધન, સંપત્તિમાં ક્યાંય આસક્તિ રહી નથી.

## બોધ

- સુખ દુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયા,
ટાળ્યા તે કોઈના નવ ટળે, રઘુનાથના જડિયા.
**- સંતકવિ શ્રી નરસિંહ મહેતા**

- હું પ્રભુનો, પ્રભુ છે મમ રક્ષક,
એહ ભરોસો જાય નહીં;
જે પ્રભુ કરશે તે મમ હિતનું,
એ નિશ્ચય બદલાય નહીં.
**- સંત હરિદાસ**

- રાઈ માત્ર ઘટવધ નહીં, દેખ્યા કેવળજ્ઞાન;
યહ નિશ્ચય કર જાનકે, તજીએ પરથમ ધ્યાન.
**- શ્રી બૃહદ્ આલોચના**

- રે! આત્મા તારો! આત્મા તારો! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો.
**- શ્રીમદ્ રાજચંદ્રજી**

- જ્ઞાની કે અજ્ઞાનીજન સુખ દુઃખ રહિત ન કોઈ,
જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોઈ.
**- શ્રીમદ્ રાજચંદ્રજી**

- સુખી રહું સુખમાં, સુખી રહુ દુઃખમાં,
સુખ અને દુઃખના ભેદ ટાળો;
પાંખમાં રાખીને દુઃખડાં કાપીને,
જાણ અજાણના પાપ ટાળો.
**- સંત પુનિત મહારાજ**

આ પ્રમાણે આપણે પણ સુખ-દુઃખ, માન-અપમાન, અનુકૂળ-પ્રતિકૂળ પરિસ્થિતિમાં 'આત્મલક્ષ' સહિત 'સમભાવ'માં રહી શકીએ તેવી શક્તિ આપવા શ્રી પ્રભુ-ગુરુને પ્રાર્થના.

॥ શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ ॥

**જ્યાં સુધી (સંસારી) સુખનો રાગ અકબંધ છે, ત્યાં સુધી સંસાર પણ અકબંધ જ છે.**

# શ્રી આનંદઘન ચોવીશી

**અશોકભાઈ પી. શાહ**

(ગતાંકથી ચાલુ...)

## શ્રી કુંથુનાથ જિન સ્તવન

"મરકટ જેવું મન અમારું, જ્યાં ત્યાં કૂદકા ખાય." - એમ પૂજ્યશ્રી પુનિત મહારાજે કહ્યું છે. એવા આ અતિ ચંચળ મનના અનેક પ્રકારના વિચિત્ર, આશ્ચર્યજનક ખેલ યોગીશ્વર આનંદઘનજી શ્રી કુંથુજિન સ્તવનના માધ્યમથી બતાવી રહ્યાં છે. મનને કંટ્રોલ કરવા જતાં તે વધુ ઊછળે છે. જ્ઞાન, ધ્યાન કે સત્સંગ આદિમાં મન અનેક બહાના કાઢી જીવને પીછેહઠ કરાવે છે કે, આજે શરીર સાથ નથી આપતું, આજે ઘરે મહેમાન આવવાના છે, આજે 'મુડ' નથી, પૂરી ઊંઘ લઈને Fresh થઈ જાઉં, પછી કરીશ... વગેરે વગેરે ! પરાણે ધ્યાનમાં બેસાડું તો 'રામ, રામ' જપતાં ક્યારે 'મરા, મરા'માં, એટલે કે ભાવમરણમાં સરકી જવાય તેનું ભાન રહેતું નથી ! આવું સ્વચ્છંદે વર્તનારું મન કેટલું શક્તિશાળી છે, તેની વાત કરતાં આનંદઘનજી હવે કહે છે,

**મેં જાણ્યું એ લિંગ નપુંસક, સકલ મરદને ઠેલે;**
**બીજી વાતે સમર્થ છે નર, એહને કોઈ ન ઝેલે હો.**
**- કુંથુજિન ० ૭**

**શબ્દાર્થ :** મેં એમ જાણ્યું છે કે મન તો નપુંસક લિંગવાળું છે. તેમ છતાં તે સર્વ મરદ પુરુષોને પણ હઠાવી નાખે, પીછેહઠ કરાવે છે. મનુષ્ય બીજી અનેક વાતોમાં સમર્થ છે, પરંતુ એને (મનને) કોઈ ઝીલી શકતું નથી. (લિંગ = ચિહ્ન; સકલ = સર્વ; મરદ = વીર પુરુષ; ઠેલે = પાછા પાડે, હઠાવે, પીછેહઠ કરાવે; નર = મનુષ્ય; એહને = મનને; ન ઝેલે = ઝીલી ન શકે, પકડી ન શકે, હરાવી ન શકે)

**ભાવાર્થ :** આનંદઘનજી કહે છે કે મેં એમ જાણ્યું છે કે મન તો નપુંસક લિંગમાં ગણાય છે, કારણ કે ભાષા વ્યવહારમાં પણ 'મન કેવો' (પુલ્લિંગ) કે 'મન કેવી' (સ્ત્રીલિંગ) એવો શબ્દપ્રયોગ થતો નથી, પણ 'મન કેવું' (નાન્યતર-નપુંસક લિંગ) એમ જ બોલાય છે. આમ, નપુંસક ગણાતા મનની અપાર શક્તિ તો જુઓ કે ભલભલા વીર પુરુષોને પણ તે ઠેલે છે, પોતાના વશમાં કરી પાછી પાની કરાવે છે. "મૂછ વાંકડી કરી ફાંકડા થઈ લીંબુ ધરતા તે ફરે" એવા ભડવીર મરદોની મૂછ પણ શરમથી નીચી કરાવે એવું સામર્થ્યવાન આ મન છે. સુભૂમ ચક્રવર્તી છ ખંડને જીતનાર બળવાન પુરુષ હતા પરંતુ આ મનને રવાડે ચડી તૃષ્ણાના પૂરમાં તણાઈ બાર ખંડ જીતવા નીકળ્યા અને પોતાનો સર્વનાશ કર્યો. સિકંદર બાદશાહ જગતને જીતવા નીકળ્યો પરંતુ આ નપુંસક મનની તૃષ્ણાને જીતી ન શક્યો અને સ્વદેશ પહોંચતા પહેલાં જ મૃત્યુ પામ્યો. માત્ર એક આત્મબળ જ મનના વિકારોને જીતવામાં સમર્થ છે, પરંતુ અનંત વીર્યવાન આ આત્મા *"સિંહ પિંજરામેં દિયો, જોર ચલત કછુ નાંહી"* ની જેમ નિર્માલ્ય થઈને બેઠો છે. અનેક શત્રુઓને એકલે હાથે હરાવનાર પુરુષ મનના કામબાણથી વિંધાઈ જાય છે. સ્ત્રીના માત્ર એક નેત્ર-કટાક્ષથી ક્ષોભિત થઈ પરાભવ પામે છે. એવા અનેક પ્રસંગો ઈતિહાસમાં જોવા મળે છે. પરંતુ પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ શિક્ષાપાઠ-૯૮માં ઉત્તરાધ્યયન સૂત્રનો ઉલ્લેખ કરી સાચું જ કહ્યું છે કે, *"દશ લાખ સુભટોને જીતનાર કંઈક પડ્યા છે, પરંતુ સ્વાત્માને જીતનારા બહુ દુર્લભ છે."*

આનંદઘનજી અહીં કહે છે, **"બીજી વાતે સમર્થ છે નર, એહને કોઈ ન ઝેલે."** અનેક વાતોમાં

સમર્થ અને અનેક કળાઓમાં પ્રવીણ એવો મનુષ્ય મનથી થતા આશા અને તૃષ્ણાના આક્રમણને ઝીલી શકતો નથી. આજે મનુષ્ય આકાશમાં ઊડી શકે છે, સાગરના પેટાળમાં જઈ શકે છે, ચાંદ સુધી પહોંચી શકે છે, એટમમાંથી અપાર ઊર્જા ઉત્પન્ન કરે છે, પણ અફસોસ કે પોતાના મનને જીતી શકતો નથી. અંતરિક્ષયાત્રા કરી શકે છે, પરંતુ અંતરયાત્રા કરી શકતો નથી. મનુષ્યની સર્જનશક્તિ આગળ દેવો પણ પાણી ભરે, પણ મનની આંધળી દોટ પાછળ એ જ સર્જનશક્તિ અણુબોમ્બ બનાવી વિનાશ પણ નોતરી શકે છે.

આવા મનને જીતવું સહેલું નથી એમ કહી આનંદઘનજી મનની ચપળતાની હજુ એક રહસ્યમય વાત રજૂ કરે છે.

**મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહિ ખોટી;**
**એમ કહે સાધ્યું તે નવિ માનું, એ કહી વાત છે મોટી હો.**
**- કુંથુજિન ૦ ૮**

**શબ્દાર્થ :** મનને સાધ્યું તેણે સર્વ પ્રાપ્ત કરી લીધું એ વાત ખોટી નથી. પણ કોઈ એમ કહે કે 'મેં મનને સાધ્યું છે', તેથી કંઈ (તેના કહેવા માત્રથી) હું તે માનું નહીં, કારણકે (મનને સાધવું) એ તો બહુ મોટી વાત છે.

**ભાવાર્થ :** મનની ઉપરોક્ત પ્રકારે અનેક અદ્‌ભુત શક્તિઓ જોતાં એમ ચોક્કસ કહી શકાય કે જેણે મનને સાધ્યું, વશ કર્યું, તેણે સકળ જગત જીત્યું એમ સુજ્ઞ પુરુષોએ કહેલી વાત ખોટી નથી, તદ્દન સાચી છે. મનને જીતતાવેંત શુદ્ધ નિજાત્મ સ્વરૂપની ઉપલબ્ધિ થાય છે, અત્યંત કૃતકૃત્યતા વેદાય છે અને તેથી જગત જીત્યું એવો અનુભવ થાય છે. સર્વ સાધન - જપ, તપ, શાસ્ત્રવાંચન, સત્સંગ, ભક્તિ - આદિ કરવાનું લક્ષ એ જ છે કે આત્મજ્ઞાનમાં અવરોધક એવા મનને જીતી આત્મસ્વરૂપમાં સ્થિર થવું. તેથી જો મનને સાધ્યું તો સર્વ સાધના થઈ ચૂકી એ વાત સર્વમાન્ય છે.

પણ હવે આનંદઘનજી અહીં એક એવી વાત મૂકે છે કે જે દરેક સાધકે લક્ષમાં લેવા યોગ્ય છે, ગંભીરતાપૂર્વક વિચારવા યોગ્ય છે. અંતરંગ પાત્રતા લાવ્યા વિના જીવ ઘણીવાર એમ માની બેસે છે કે મેં તો અનેક પ્રકારે સાધના કરી 'મન સાધ્યું' છે તો એ વાત યોગ્ય પરીક્ષા કર્યા વિના તુરત માની શકાય એવી નથી, કારણકે મનને વશ કરવું એ તો બહુ મોટી વાત છે, કોઈ વિરલા પુરુષ જ તે કરી શકે છે. કોઈ સામાન્ય સાધકનું તે ગજું નથી. મનને જીતવા જતાં મન એવું સાબદું થઈ જાય છે કે પોતે હારી ન જાય તે માટે અપાત્ર સાધકને 'મેં મનને જીત્યું છે, હું બધું જાણું છું, હું સમજુ છું' એવા અહંકારમાં ખેંચી જાય છે. રાગનો ત્યાગ કરવાને બદલે ત્યાગનો રાગ કરાવે એવી મનની માયાજાળ માટે કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી ઉપદેશછાયા - ૭માં એક દૃષ્ટાંત આપે છે કે : કોઈ સંન્યાસી જંગલમાં કાંકરા કે રેતી બેઉ સરખાં છે એમ કહી રેતી પર સૂતા. કેમ ? કારણકે રેતી તો સૂંવાળી હોય ! આમ ત્યાગ છતાં વૃત્તિજય નહોતો. તેથી ત્યાં શ્રીમદ્‌જી કહે છે : "માયા આ રીતે છેતરે છે. માટે જ્ઞાની કહે છે કે હું બધાથી ન્યારો છું, સર્વથા ત્યાગી થયો છું; અવધૂત છું, નગ્ન છું; ... મારી દશા બહુ જ સારી છે, માયા મને નડશે નહીં, એવી માત્ર કલ્પનાએ માયાથી છેતરાવું નહીં."

આચાર્યપ્રવર શ્રી સ્થૂલિભદ્રાચાર્ય ગૃહસ્થ અવસ્થામાં કોશા નામની નર્તકીના અત્યંત પ્રેમમાં હતા. પરંતુ દીક્ષા લીધા પછી મનને એવું સાધ્યું કે પોતાની કસોટી કરવા ગુરુઆજ્ઞા લઈને આખું ચોમાસું કોશાના ઘરે રહ્યાં છતાં તેમને વિકાર અંશમાત્ર પણ સ્પર્શી શક્યો નહીં અને તેમના ગુરુભાઈ, જે સિંહની ગુફા આગળ બેસી કષ્ટસાધ્ય તપ કરી પોતે મનને જીત્યું હતું એમ માનતા હતા તે શ્રી સ્થૂલિભદ્રનું

અનુકરણ કરી બીજા ચોમાસામાં કોશાને ત્યાં રહેવા ગયા અને ચારિત્ર શિથિલ થયું. કોશાએ પછી તેમની દીક્ષાપર્યાયનું ભાન કરાવી સ્થિતિકરણ કર્યું. તેથી આનંદઘનજીને કહેવું પડે છે કે, **"એમ કહે સાધ્યું તે નવિ માનું, એ કહી વાત છે મોટી"** - એ કોઈ સ્થૂલિભદ્ર જેવા વિરલ પુરુષ જ કરી શકે. *"હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને."*

ખરેખર જો કોઈ 'એમ કહે સાધ્યું' તો ત્યાં જ શંકા ઉદ્ભવે, કારણકે જેણે સાધ્યું તે બોલબોલ ન કરે. એ તો પરમ શાંત, નિરાકુળ, નિરપેક્ષ થઈને મનથી પાર જઈને સ્વરૂપાનંદની મોજ માણતો હોય. ઉપાધ્યાયશ્રી યશોવિજયજી શ્રી શાંતિનાથ સ્તવનમાં કહે છે તેમ,

*"જિનહી પાયા તિનહી છિપાયા, ન કહે કોઉ કે કાનમેં;*
*તાલી લાગી જબ અનુભવકી, તબ જાને કોઉ સાનમેં."*

એક મોક્ષને વિશે જ યત્ન કરતા એવા આગળ વધેલા મુમુક્ષુને પણ શ્રીમદ્જી આંક-૨૫૪માં કહે છે તેમ *"આ લોકની અલ્પ સુખેચ્છા, પરમ વિનયની ઓછાઈ, અને પદાર્થનો અનિર્ણય"* જેવા સૂક્ષ્મ પણ ગંભીર દોષો 'માર્ગપ્રાપ્તિ'માં અવરોધક બની જાય છે, જે સૂચવે છે કે મન ખરેખર હજુ સધાયું નથી. ઉપરછલ્લી સાધના અને ઉપયોગ વગરની યોગની ક્રિયાઓ માત્રથી અવચેતન મનમાં ઊંડે ઊંડે પડી રહેલી વૃત્તિઓ, વાસનાઓ મટતી નથી, ગમે ત્યારે ઊછળીને બહાર આવે છે. ગયા અંકમાં વાત આવી હતી કે હઠયોગી બાબાએ સમાધિ તો લગાવી પણ કઢીને ભૂલી ન શક્યા. માટે અત્યંત સાવધાન થઈ, વૃત્તિઓને વારંવાર તપાસી, મન ખરેખર સધાયું છે કે માત્ર મારી કલ્પના છે તે આત્મનીરિક્ષણ કરવું ઘટે. તે માટે ખરેખર તો કોઈ સદ્ગુરુની નિશ્રા જરૂરી છે કે જેઓ આપણા અવચેતન મનમાં પડેલા સૂક્ષ્મ દોષોને પણ ઉઘાડા પાડી મનથી પાર જવાનો તાત્ત્વિક માર્ગ બતાવે છે.

મનની આવી ભૂલભૂલામણીમાંથી બચીને તેને જડમૂળથી હરાવવાનો સીધો અને સરળ ઉપાય હવે આનંદઘનજી તેમની ભક્તની ભાષામાં અંતિમ ગાથામાં કહે છે :

**મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું, આગમથી મતિ આણું;**
**આનંદઘન પ્રભુ! માહરું આણો, તો સાચું કરી જાણું હો.**
**- કુંથુજિન ० ૯**

**શબ્દાર્થ :** આવા દુષ્કરપણે આરાધ્ય મનને હે પ્રભુ ! તેં વશ કર્યું છે, એમ મેં આગમથી જાણ્યું છે. હે આનંદના ઘનસ્વરૂપ પ્રભુ ! તે રીતે મારું મન પણ વશમાં લાવો તો હું પ્રત્યક્ષપણે (મનને વશમાં લાવી શકાય છે) એ વાતને સાચી માનું ! (દુરારાધ્ય = દુઃસાધ્ય, કઠિન, જેને આરાધવું દુષ્કર છે; આણ્યું = લાવ્યું, કર્યું; મતિ = બુદ્ધિ; આણો = લાવો, કરી આપો)

**ભાવાર્થ :** ઉપરોક્ત ગાથાઓમાં અનેક પ્રકારે કહ્યા પ્રમાણે જ્યારે મનને જીતવું ભલભલા વીર પુરુષો, જ્ઞાની, ધ્યાની તપસ્વીઓથી દુર્લભ થઈ પડ્યું છે, ત્યારે આનંદઘનજી જેવા ભક્તો બીજી બધી સાધનાને બાજુએ મૂકી લઘુત્વભાવે શ્રી કુંથુનાથ પ્રભુનું શરણું પકડી લે છે. તેમને ખબર છે કે નિજકલ્પનાએ અને સ્વચ્છંદે મનને જીતવામાં આપણો પાટો નહીં ખાય. તેના કરતા જેણે તે દુરારાધ્ય મનને વશ કર્યું છે તેનું જ શરણ લઈ લઈએ. તેમની આજ્ઞાએ ચાલતાં મનને જીતવાનું રહસ્ય સરળપણે ખુલી જશે. તેથી શ્રી કુંથુ જિનને વિનંતી કરતાં આનંદઘનજી કહે છે કે, "હે પ્રભુ જેને વશ કરવું અત્યંત કઠિન છે, એવા દુરારાધ્ય મનને તેં તો વશ કરી લીધું છે, એમ મેં આગમશાસ્ત્રોથી તેમજ સત્પુરુષોના બોધથી જાણ્યું છે. વળી, તારા ચરિત્ર-પ્રસંગોથી પણ તેનું અનુમાન કરી શકું છું. મહાવીર પ્રભુને કાને ખીલા ઠોકાયા આદિ અનેક ઉપસર્ગમાં પણ તેમની અદ્ભુત સમતા, ક્ષમા અને કરુણા; પાર્શ્વનાથ પ્રભુને ન તો કમઠ પર

દ્વેષ કે ન તો ધરણેન્દ્ર પર રાગ. આ જ તેમણે મનને સંપૂર્ણપણે વશ કર્યાનું પ્રમાણ છે. પણ આ તો આગમપ્રમાણ અને અનુમાનપ્રમાણથી મારી બુદ્ધિમાં બેઠું. પરંતુ પ્રભુ, અનુભવપ્રમાણનું શું ? હું મનને વશ કરીને અનુભવ કરું ત્યારે જ મનને વશ કરી શકાય છે એમ પ્રત્યક્ષપ્રમાણથી હું સાચું માની શકું ને ? રાગદ્વેષના પ્રસંગો, માન-અપમાન, સુખ-દુઃખ, શાતા-અશાતા, શત્રુ-મિત્ર આદિ સર્વ દ્વંદ્વોમાં નિર્લેપ રહી મારી આત્મસ્થિરતા બની રહે ત્યારે હું સાચું માનું કે મેં મનને વશ કર્યું છે. પણ એ માટે હે પ્રભુ ! તારે જ મદદ કરવી પડશે. તને મારી નમ્ર વિનંતી છે કે, **"આનંદઘન પ્રભુ માહરું આણો"** - મારા મનને વશ કરવામાં તું સહાય કર. અર્થાત્ એવી કૃપાદૃષ્ટિ વરસાવ કે મારો પુરુષાર્થ પ્રબળ, પ્રબુદ્ધ, પરાક્રમયુક્ત બનીને મનને જીતી શકે.

આનંદઘનજીની વિનંતી સુણીને પ્રભુએ મનને જીતવાના અનેક ઉપાયો સત્પુરુષોના માધ્યમથી બતાવ્યા છે, તે પ્રભુની જ આજ્ઞા છે એમ સમજીને આપણે ઉપાસીએ તો અવશ્ય મન અંકુશમાં આવી શકે. ચાલો તેમાંના કેટલાંક ઉપાયો અહીં વિચારીએઃ

(૧) મનોનિગ્રહના અર્જુનના પ્રશ્ન સામે શ્રીકૃષ્ણ ઉત્તર આપે છે કે, "હે અર્જુન, અભ્યાસ અને વૈરાગ્ય તે મનને જીતવાના ઉપાય છે."

(૨) "મન વાળ્યું વળે સદ્ગુરુવરથી,
અભ્યાસ અને વૈરાગ્ય થકી."

પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ મનને જીતવાના અનેક પ્રેક્ટીકલ તેમજ સરળ ઉપાય બતાવ્યા છે, જેમાંના કેટલાંક અહી અવતરિત કર્યા છે કે જે દુરારાધ્ય મનને વશ કરવામાં અત્યંત ઉપયોગી થઈ પડશે :

(૧) મન અભ્યાસ કરીને જ જિતાય છે. તે જે દુરિચ્છા કરે તેને ભૂલી જવી; તેમ કરવું નહીં. તે જ્યારે શબ્દસ્પર્શાદિ વિલાસ ઇચ્છે ત્યારે આપવાં નહીં. ટૂંકમાં આપણે એથી દોરાવું નહીં પણ આપણે એને દોરવું; અને દોરવું તે પણ મોક્ષમાર્ગમાં.

**(મોક્ષમાળા - શિક્ષાપાઠ - ૬૮)**

(૨) અલ્પ આહાર, અલ્પ વિહાર, અલ્પ નિદ્રા, નિયમિત વાચા, નિયમિત કાયા અને અનુકૂળ સ્થાન એ મનને વશ કરવાનાં ઉત્તમ સાધનો છે. **(પત્રાંક - ૨૫)**

(૩) શિક્ષાપાઠ ૧૦૦ માં મનોનિગ્રહના ૧૮ વિઘ્નો કહ્યાં છે અને ત્યાં કહ્યું છે કે "આ અષ્ટાદશ દોષ જવાથી મનોનિગ્રહતા અને ધારેલી સિદ્ધિ થઈ શકે છે." - સાધકે તેને વારંવાર અવલોકવાં.

(૪) મનની સ્થિરતા થવાનો મુખ્ય ઉપાય હમણાં તો પ્રભુભક્તિ સમજો. આગળ પણ તે અને તેવું જ છે. **(પત્રાંક - ૩૮૦)**

આ ઉપરાંત શિક્ષાપાઠ - ૩૧, ૩૬ અને પત્રાંક ૨૯૫માં પણ મનોનિગ્રહનાં ઉપાય બતાવ્યાં છે, તેનું અવલોકન, મનન કરવું.

યોગીશ્વર આનંદઘનજીએ અનંતકૃપા કરી સર્વ મુમુક્ષુઓને મૂંઝવતા પ્રશ્નને આ સ્તવન દ્વારા છંછેડ્યો. મનની માયાને ઉઘાડી પાડી આપણને જાગૃત કર્યાં અને મનને છંછેડવાને બદલે તેને કુશળતાપૂર્વક પ્રભુશરણમાં લઈ જઈ તે "વ્યાલ તણી પરે વાંકા"ને અંકુશમાં લેવાનો સહેલો અને સરળ ઉપાય બતાવ્યો તે માટે અત્યંત ઉપકૃત થઈ તેમને કોટિ કોટિ વંદન કરી સ્તવનની વિચારણાને અહીં વિરામ આપીએ છીએ. મનને વશ કરી મનથી પાર એવા આત્મસ્વરૂપમાં લીન થઈ અતીન્દ્રિય સમાધિસુખને પામીએ એ જ અભ્યર્થના.

સ્તવનના અર્થ-ભાવાર્થમાં અલ્પજ્ઞતાવશ આનંદઘનજીના આશયથી કંઈપણ વિપરીત લખાયું હોય તો અંતકરણપૂર્વક 'મિચ્છા મિ દુક્કડમ્'.

# સમ્યગ્દર્શન (આત્મદર્શન)

બા.બ્ર.શ્રી સુરેશજી

(ગતાંકથી ચાલુ...)

**[૪] અમૂઢદૃષ્ટિ અંગ :**

**વ્યવહારથી :** મોક્ષમાર્ગથી બહાર (વિરુદ્ધ) વર્તન કરનારા કુગુરુઓ દ્વારા પ્રણીત ક્ષુદ્ર વિદ્યા, આશ્ચર્યકારક લૌકિક ચમત્કારો આદિને જોઈને કે અન્ય વ્યક્તિઓ પાસેથી સાંભળીને મૂઢભાવથી કે ધર્મની ભાવનાથી તેમાં રુચિ, ભક્તિ આદિ ન કરવાં તે વ્યવહારથી અમૂઢદૃષ્ટિ અંગ છે.

**નિશ્ચયથી :** જગતના આશ્ચર્ય, શરીર, કર્મ, મિથ્યાત્વ, રાગ, દ્વેષ, સંકલ્પ-વિકલ્પોમાં ઈષ્ટબુદ્ધિ, ઉપાદેયબુદ્ધિ, અહંબુદ્ધિ તથા મમત્વભાવને છોડીને નિજ શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ કરવી તે નિશ્ચયથી અમૂઢદૃષ્ટિ અંગ છે.

**[૫] ઉપગૂહન અંગ :**

**વ્યવહારથી :** અજ્ઞાની અથવા ધર્મ કરવામાં અસમર્થ જીવોના નિમિત્તથી, તેમના વિપરીત આચરણથી ધર્મનો અવર્ણવાદ થતો હોય તો તેમને ઉપદેશ દ્વારા, તેમના દોષોને કાઢવાના પ્રયત્નથી અથવા યથોચિત દંડ દ્વારા તેમને ધર્મમાર્ગ પર સારી રીતે ચાલી શકે તેને યોગ્ય બનાવીને, ધર્મના અવર્ણવાદને દૂર કરવો તેને વ્યવહારથી ઉપગૂહન અંગ કહે છે.

**નિશ્ચયથી :** અવિકાર ચૈતન્ય સ્વભાવમય નિજધર્મને આચ્છાદિત કરનાર મિથ્યાત્વ, રાગ, દ્વેષ આદિ દોષોને નિજ શુદ્ધ આત્માના ધ્યાન દ્વારા દૂર કરવા તે નિશ્ચય ઉપગૂહન અંગ છે.

તેનું બીજું નામ 'ઉપબૃહણ' પણ છે. જેનો અર્થ છે પોતાના આત્મગુણોમાં વૃદ્ધિ કરવી અર્થાત્ મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી દોષોને દૂર કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વૃદ્ધિ કરવી.

**[૬] સ્થિતિકરણ અંગ :**

**વ્યવહારથી :** કર્મોદયવશ કોઈ ધર્માત્મા પુરુષને ધર્મથી ચલિત થતા જોઈને તેને ધર્મોપદેશથી, આર્થિક સહયોગથી અથવા અન્ય તેને યોગ્ય ઉપાયો કરીને ફરી ધર્મમાર્ગમાં સ્થિર કરવો તે વ્યવહાર સ્થિતિકરણ અંગ છે.

આપણા પરિચિત કોઈ વ્યક્તિ કે જેમનામાં ધર્મ પ્રગટ થવાની સંભાવના લાગતી હોય અને તે અન્ય કુમાર્ગમાં, કુસંગ આદિમાં ફસાઈ ગયો હોય તો તેને આપણે નિશ્છલ પ્રેમ દ્વારા તેની કોઈ આવશ્યક્તા હોય કે જેના કારણે તે એવું કરી રહ્યો છે તો તેને યેનકેન પ્રકારથી તેની તે આવશ્યક્તા પૂરી કરીને અથવા તેને કોઈ સાચા ધર્માત્માનો સંયોગ કરાવીને, સાચા ધર્મનો બોધ કરાવીને એવા કોઈ પણ ઉપાયથી તેને સાચા ધર્મમાર્ગ પર લાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. આ આપણા સમ્યક્ત્વને પુષ્ટ કરે છે. પરંતુ એટલું ધ્યાન રાખવું કે તેમાં આપણો કોઈપણ સ્વાર્થ ન હોવો જોઈએ તથા ક્યાંક તેને સાચા રસ્તે લાવવાના ચક્કરમાં આપણે જ ત્યાં ફસાઈ ન જઈએ અથવા અસફળ થતાં ખેદખિન્ન ન થઈ જવું. આમાં આપણે તો માત્ર નિર્દોષ પુરુષાર્થ કરવાનો છે, બાકીનું નિયતિના હાથમાં છોડી દેવું જોઈએ.

**નિશ્ચયથી :** મોહ, રાગ-દ્વેષ આદિ અધર્મોને છોડીને પરમ સમભાવના સંવેદન દ્વારા શુદ્ધોપયોગરૂપ ધર્મમાં સ્વયંને સ્થિર કરવું તે સ્થિતિકરણ અંગ છે.

**[૭] વાત્સલ્યઅંગ :**

**વ્યવહારથી :** ધર્મી જીવો પર નિષ્કપટ સ્નેહ રાખવો તે વ્યવહાર વાત્સલ્ય અંગ છે.

સાધર્મી જીવો પ્રત્યે ગાય તથા વાછરડા જેવી પ્રીતિ રાખવી જોઈએ. ગાય તથા વાછરડું બન્ને એકબીજાને એકબીજા વિના અધૂરા માને છે. તે બન્નેમાં નિશ્છલ પ્રેમ હોય છે. તેનું પ્રમાણ એ છે કે બન્ને એકબીજા પર ન્યોચ્છાવર થવા માટે સદૈવ તત્પર રહે છે. પોતાને કષ્ટમાં નાખીને પણ બીજાને બચાવે છે. રસ્તા પર જ્યારે દેશી ગાય પોતાના વાછરડાની સાથે જાય છે અને કોઈ વાહન આવે તો તે વાછરડાને પોતાની પાછળ કરી દે છે અને વાછરડો માને બચાવવા માટે આગળ આવવા પ્રયત્ન કરે છે એવું પ્રત્યક્ષ જોવામાં આવે છે. આનો અભિપ્રાય એ છે કે ગાય તથા વાછરડાના નિશ્છલ પ્રેમની જેમ આપણે પણ સાધર્મીઓ પ્રત્યે નિષ્કપટ પ્રેમ રાખવો જોઈએ તથા સદૈવ તેમની કોઈ પણ પ્રકારે સેવા-સહાયતા માટે આપણો સમય, ધન આદિને સમર્પણ કરવા માટે તત્પર રહેવું જોઈએ. આ જ વ્યવહાર વાત્સલ્ય અંગ છે. પરંતુ આમાં પણ ધ્યાન રાખવા યોગ્ય વિશેષ વાત એ છે કે સાધર્મીની સાથે આપણો મોહ કે મમત્વભાવ થઈ જવો જોઈએ નહિ અથવા તીવ્ર વ્યક્તિગત રાગ પણ થઈ જવો જોઈએ નહિ. નહિ તો આ ગુણ આપણા માટે અવગુણમાં પરિણત થઈ આપણી સાધનામાં બાધક બની શકે છે.

**નિશ્ચયથી :** વિષય-કષાયોની સર્વથા પ્રીતિ છોડીને ધ્રુવ ચૈતન્ય સ્વભાવમય નિજ પરમાત્મ-તત્ત્વના સંવેદનથી ઉત્પન્ન સહજ આનંદમાં રુચિ કરવી નિશ્ચય વાત્સલ્ય અંગ કહેવાય છે.

**[૮] પ્રભાવના અંગ :**

**વ્યવહારથી :** દાન, પૂજા, ધર્મોપદેશ, તપસ્યા આદિ દ્વારા ધર્મમાર્ગની પ્રભાવના કરવી વ્યવહાર પ્રભાવના અંગ કહેવાય છે.

આમાં ધ્યાન રાખવા યોગ્ય વિશેષ વાત એ છે કે દાન, પૂજા, તપ આદિ બીજાને દેખાડવાના ભાવથી થવા જોઈએ નહિ. આપણે નિઃસ્વાર્થ ભાવથી આપણા આત્માની વિશુદ્ધિ તથા ધર્મ પ્રભાવના આદિ જિનધર્મથી અત્યંત પ્રીતિ હોવાથી કરવા તથા કરાવવા જોઈએ, ન કે પોતાના યશઆદિ માટે. યશ-પ્રસિદ્ધિના અભિપ્રાયથી કરેલ પ્રભાવનાનાં કાર્યોનો પ્રભાવ સ્થાયી રહેતો નથી તથા તેનું ફળ પણ અતિ અલ્પ હોય છે.

**નિશ્ચયથી :** નિજ શુદ્ધ સ્વરૂપના સ્વસંવેદનના બળથી રાગાદિ પરભાવોના પ્રભાવને નષ્ટ કરીને નિજ ચૈતન્યતત્વનો શુદ્ધ વિકાસ કરવો નિશ્ચયથી પ્રભાવના અંગ છે.

આ રીતે આપણે સમ્યક્ત્વના પ્રાણભૂત આઠ અંગોને સંક્ષેપમાં જાણ્યા. આમાં પ્રથમ ચાર નિઃશંકિત્વ, નિઃકાંક્ષિત્વ, નિર્વિચિકિત્સા તથા અમૂઢદષ્ટિ આ સ્વાશ્રિત છે તથા બાકીના ચાર વ્યવહારની અપેક્ષાએ પરાશ્રિત છે. આ અંગોના સ્વરૂપને સારી રીતે જાણીને તેને વિકસિત કરવાથી આપણું સમ્યક્ત્વ અત્યંત નિર્મળ બનાવવું આ જ આનો પારમાર્થિક અભિપ્રાય છે.

હવે, આપણે આગામી અંકમાં આઠ અંગોમાં આગમ પ્રસિદ્ધ વ્યક્તિઓના નામ જાણીશું. જેમણે પોતાના અંગ વિશેષને પુષ્ટ કરવા માટે વિશેષ પુરુષાર્થ કર્યો છે માટે તેઓ પ્રસિદ્ધ છે. તેમનાથી પ્રેરણા લઈને આપણે પણ પોતાનામાં દઢતા લાવીએ એ જ અભિપ્રાય છે. (**ક્રમશઃ**)

**૨૫ રૂપિયાનો હાર સાંજે કરમાઈ જાય તો દુઃખ નથી થતું પરંતુ ૨૫ રૂપિયાની કાચની વસ્તુ ફૂટી જાય તો દુઃખ થાય છે કારણકે તે ટકશે એવી કલ્પના હતી. તેથી જ જ્ઞાનીઓએ કહ્યું છે, "સુખ અને દુઃખ એ મનની કલ્પના છે."**

# આત્મસમદર્શિતાની આરાધના

❋ ❋ ❋ ❋ પૂ. આચાર્ય શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ ❋ ❋ ❋ ❋

સંપ ત્યાં જંપ અને કુસંપ ત્યાં કંપ, આ કહેવત આમ તો ખૂબ જાણીતી અને માનીતી પણ છે. ભારત માટે તો આ કહેવત ઘણા બધા અંશે ચરિતાર્થ હતી, એમ કહી શકાય. પરંતુ જ્યારથી ભારતમાં મહાભારત ખેલાવાની શરૂઆત થઈ, ત્યારથી આ કહેવત કહેવા-સાંભળવામાં જ રળિયામણી રહ્યા કરી હોય, એમ ઈતિહાસ જોતાં પ્રતીત થાય છે. 'વસુધૈવ કુટમ્બકં' આ ભારતનો ભવ્ય મુદ્રાલેખ હતો. પરંતુ મહાભારત ખેલાયા પછી 'કુટમ્બકં એવ વસુધા' આવું સંકુચિત સૂત્ર ભારતમાં પ્રચલિત બનતું રહ્યું હોય એમ લાગે છે. પ્રાચીન ભારતમાં કેવો ભવ્ય ભાતૃભાવ હતો, અને અર્વાચીન ભારતનો ભાતૃભાવ કેટલો બધો સંકુચિત બનતો ચાલ્યો છે !

શબ્દો ટૂંકા છતાં ખૂબ માર્મિક છે, જ્યારે શબ્દાર્થની માર્મિકતાનું તો મૂલ્યાંકન જ થાય એમ નથી. સુભાષિતનો સંદેશ છે : તમે એ અમે અને અમે એ તમે, આજ સુધી આપણી મતિમાં આ જાતની એકતા હતી. પરંતુ હવે એવું શું થઈ ગયું એની ખબર નથી પડતી કે, જેથી તમે એ તમે અને અમે એ અમે, આ જાતનો ભેદ પડી જવા પામ્યો.

સંપ હોય ત્યાં સુધી તમે એ અમે અને અમે એ તમે, આ જાતના જંપના પ્રભાવે અરસ-પરસની વચ્ચે પ્રેમનો પુલ લોકોનાં ગમનાગમનથી સતત ધબકતો રહેતો હોય છે. સંપનું એ સ્થાન જ્યાં કુસંપ પડાવી લે છે ત્યાં જ તમે એ તમે ને અમે એ અમે, આ જાતની તોતિંગ દીવાલ ખડી થઈ જતાં કારમો કંપ ફરી વળતો હોય છે. સંપના સામ્રાજ્યમાં 'તમે + અમે = આપણે' આવા ગણિતથી સરજાયેલી એકતામાં ભાતૃભાવ મહાસાગરની ભરતીની જેમ ઉછાળા મારી રહ્યો હોય છે, જ્યારે 'તમે એ તમે, અમે એ અમે, અને તમારામાં પણ મારો ભાગ' આ જાતના કુસંપની કાળી છાયા ફરી વળતાં એ દરિયાઈ ભરતી ખાબોચિયામાં પલટાઈ જઈને એવી દુર્ગંધ ફેલાવતી હોય છે કે જે દુર્ગંધથી મોં મચકોડીને નાક પર ડૂચો ભરાવી દેવો પડે.

'તમે અને અમે એક' આ જાતના ભાતૃભાવમાં ડહાપણભરી એકતા છે. આની જેમ જ અનેકતા પણ ડહાપણભરી હોય તો ઝાઝું નુકસાન ન થઈ શકે. પાંડવ-કથા આનું સચોટ દૃષ્ટાંત બની શકે એમ છે. પાંચ પાંડવો અને ૧૦૦ કૌરવો વચ્ચે દુશ્મનાવટ હતી, એ સાચી વાત હોવા છતાં એ દુશ્મનાવટ દાની/શાણી હતી. કેમ કે પાંચ પાંડવો અને ૧૦૦ કૌરવો આવી દુશ્મનાવટ તો એકબીજા પૂરતી જ હતી. પરંતુ જ્યારે પાંડવો અને કૌરવોની સામે સંયુક્ત આક્રમણ આવતું, ત્યારે ૫ અને ૧૦૦નું ગણિત ભૂલી જઈને ૧૦૫ અરસપરસ એક થઈને એ આક્રમણને મારી હઠાવવામાં ઝળહળતી સફળતા સિદ્ધ કરતા. સામ-સામા લડતી વખતે ૫ અને ૧૦૦નો ભેદ જરૂર મજબૂત બનતો, પરંતુ જ્યારે બંનેની સામે આક્રમણ આવતું ત્યારે એ ભેદ ભૂંસાઈ જતો અને ૧૦૫ની એકતા સામા આક્રમણને ઊભી પૂંછડીએ ભગાડી મૂકવામાં સફળ થતી. આ દાની દુશ્મનાવટનો પ્રભાવ હતો.

ભાતૃભાવ કેળવવો એ આપણું કર્તવ્ય ગણાય. આમ છતાં કદાચ ભેદની ભીંત ખડી કરવા વિવશ બનવું જ પડે એમ હોય, ત્યારે એ ભેદ કમસે કમ ૫ + ૧૦૦ / પાંડવ + કૌરવના ભેદ જેવા વિવેકવાળો તો હોવો જ જોઈએ. જો આવો વિવેક અભરાઈએ ચડાવીને ભેદની ભીંત ખડી

કરવામાં આવે, તો બંને પક્ષનો સર્વનાશ નોંતરાયા વિના ન રહે. 'તમે એ તમે, અમે એ અમે' આનાથી આગળ વધીને 'મારું તો મારું જ, પણ તારામાંય મારો ભાગ' આ જાતની દુશ્મનાવટ તો અન્યાયભરી અને લૂંટ-લોહીથી ખરડાયેલી હોવાથી ભયંકરમાં ભયંકર વિનાશ નોતરી લાવ્યા વિના ન જ રહે.

સંપ-સ્નેહનું સામ્રાજ્ય સંસારમાં છવાયેલું રહે, એના જેવા આનંદની વાત તો બીજી એકે નહિ. પરંતુ કુસંપ પણ ડહાપણભર્યો હોય, તો વિનાશ ઓછો વેરાય. આ વાત પણ કાળજે કોતરી રાખવા જેવી છે. 'દાની દુશ્મનાવટ' આ સંદર્ભમાં જ વખાણવા જેવી ગણાઈ છે.

સંપ સ્નેહનું સર્જન છે, કુસંપ કલહનો વરવો વિપાક છે. સંપ જંગલમાંય મંગલનું મંદિર છે. કુસંપ મંગલનેય જંગલમાં ફેરવી નાખતો શાપ છે. વસુધા-વિશ્વને કુટુંબ માનવાની ભાવના 'તમે એ અમે, અમે એ તમે' આ જાતના ભ્રાતૃભાવના પ્રતાપે પેદા થાય છે અને પરિપુષ્ટ બને છે. 'તમે એ તમે, અમે એ અમે' આ જાતની સ્વાર્થાંધતા કુટુંબ-કબીલાને જ વિશ્વ માનવાની સંકુચિતતા જન્માવવાપૂર્વક 'તારામાં પણ મારો ભાગ'ની લડાઈ જગવી જાય છે. લડાઈ વચ્ચે પણ સગાઈના સૂર અભેદ-એકતા દ્વારા સરજાય છે. સગાઈને પણ લડાઈમાં પલટાવી દેનાર અનેકતા છે.

'તમે અમે એક' થી આગળ વધીને સામી વ્યક્તિ પોતાને આત્મીયતાથી સ્વીકારતી ન હોય, તોય એને આત્મીય તરીકે આવકારવાની 'મૈત્રી-ભાવના' જૈનદર્શને પ્રસ્તુત કરી છે. એથીય આગળ વધીને અપકારીને પણ આત્મીયતાથી આવકારવાનું જૈનદર્શને ઉપદેશ્યું છે. સાચો મૈત્રીભાવ આમાં મુખરિત થાય છે. અરસપરસ મૈત્રીભાવની આપ લે કરવી હજી સહેલી છે. પરંતુ સામી વ્યક્તિ અપકારી હોય, તોય એને આવકારીને પોતાની માનવી, આમાં તો મૈત્રીભાવની ઠીકઠીક ઊંચી કક્ષાનું દર્શન થાય છે.

તમે એ અમે, અમે એ તમે - આવી મૈત્રીમાં બે અલગ અલગ વ્યક્તિત્વો અસ્તિત્વ ધરાવતાં જોવા મળે છે. અપકારીને આવકારવામાં પણ બે વ્યક્તિત્વો જુદાં જુદાં જ રહે છે. જૈનદર્શનમાં આત્મસમદર્શિત્વની એક ઊંચેરી કક્ષા દર્શાવાઈ છે. આ કક્ષા મુજબ અલગ અસ્તિત્વ જ ટકી શકતું નથી. સામી વ્યક્તિમાં આત્મસમદર્શીને પોતાનું જ દર્શન થાય છે. હું અને તું - આવો ભેદ મટી જતાં આત્મસમદર્શીને કાં તો માત્ર હું, કાં તો માત્ર તું જ દેખાય છે. પછી ઘા બીજા પર લાગ્યો હોય, તો વેદનાનું વેદન એને પોતાને થાય છે. પછી અહિંસાનું પાલન એ બીજાને બચાવવા નહિ, પણ જાતને બચાવવા કરતો થાય છે.

આપણે અહિંસાનું પાલન બીજાને બચાવવા કરતા હોઈએ છીએ, ત્યારે પોતાની પીડાને સહર્ષ ભોગવતો આત્મસમદર્શી સામાની પીડા જ અસહ્ય લાગતાં આ જાતની આત્મ-પીડાથી જાતને બચાવી લેવા, એ અહિંસાનું પાલન કરતો હોય છે. બહુ ઊંચી કક્ષાની આ અહિંસા અને મૈત્રીની સાધના કરવા સાધકે શરૂઆત તો 'યૂયં વયં, વયં યૂયં, તમે અમે, અમે તમે'થી કરવાની છે. આ પ્રેરણા મુજબ આગળ વધતો સાધક જ એક ધન્ય દિવસે આત્મસમદર્શિતાની આરાધના સિદ્ધ કરનારો બની રહેશે.

- **ગરીબને ધનવાન પાસે શું શું છે એ દેખાય છે, જ્યારે ધનવાનને પોતાની પાસે શું શું નથી - એ દેખાય છે ! એટલે જ બંને દુઃખી છે.**
- **માણસને મરણનો ભય છે, પણ મર્યા પછી ક્યાં જઈશ એનો ભય નથી !**

# બોકાજુનું અંગરખું

**ચંદ્રહાસ ત્રિવેદી**

ઝેન સંત બોકાજુ જંગલમાં રહેતા હતા પણ તેમના જ્ઞાનની ખબર રાજધાનીમાં છેક સમ્રાટ સુધી પહોંચી ગઈ હતી. દેશના સમ્રાટને આવા મોટા સંતને મળવાનો વિચાર થયો અને તે માટે તેણે એક દિવસ નક્કી કર્યો. પણ સમ્રાટ જેવો સમ્રાટ આવા મોટા સંતને મળવા કે વંદન કરવા ખાલી હાથે જાય તે કંઈ શોભાસ્પદ ગણાય ? તેથી તેણે બહુ કીમતી કાપડમાંથી એક સુંદર અંગરખું બનાવડાવ્યું અને તેના ઉપર તેણે રત્નો ટંકાવ્યાં. આ અંગરખું એટલું મુલાયમ, આકર્ષક અને કીમતી લાગતું હતું કે કોઈને પણ તે પહેલી નજરે ગમી જાય અને મેળવવાનું મન થઈ જાય. સમ્રાટને પણ અંગરખું જોતાં સંતોષ થયો અને તે ઉત્સાહથી અંગરખું લઈને ઝેન સંત પાસે નક્કી કરેલા દિવસે પહોંચી ગયો.

સંત બોકાજુને નમન કરીને સમ્રાટે તેમની સમક્ષ આ અંગરખું ભેટ ધર્યું અને તે સ્વીકારવા વિનંતી કરી. સમ્રાટને મનોમન એમ હતું કે અંગરખાથી બોકાજુ પ્રસન્ન થશે અને છેવટે તેની કારીગરી કે કાપડ માટે પ્રશંસાના બે શબ્દો કહેશે. પણ કંઈક જુદું જ બન્યું. સંત બોકાજુ થોડીક વાર તે અંગરખા સામે જોઈ રહ્યા પણ કંઈ બોલ્યા નહીં. પછી તેઓ ખડખડાટ હસી પડ્યા. એટલામાં આકાશમાં ઊડતી એક સમડી જતી હતી તેની સામે બોકાજુ ક્યાંય વાર સુધી જોઈ રહ્યા. સમડી દેખાતી બંધ થઈ પછી બોકાજુએ સમ્રાટ સામે જોયું અને વળી પાછા તેઓ હસી પડ્યા.

બોકાજુનું આ વર્તન ન સમજાતાં સમ્રાટ તેમની તરફ કંઈક પૃચ્છાભરી દૃષ્ટિથી જોઈ રહ્યા હતા. તેમને એમ કે હમણાં બોકાજુ અંગરખા વિશે કંઈક કહેશે. કદાચ કંઈક વિવેક કરશે. ત્યાં તો બાજુમાંથી એક હરણ દોડતું ગયું. તેની સામે બોકાજુએ જોયું અને તે દેખાતું બંધ થયું પછી બોકાજુએ વળી પાછું અંગરખા સામે જોયું. સમ્રાટ સામે જોયું અને તેઓ હસ્યા. સમ્રાટને સંતનું આ વર્તન પસંદ ન પડ્યું. છતાંય તેમણે વિનય રાખીને પૂછ્યું, ‘‘શું આપને આ અંગરખું ઠીક ન લાગ્યું ?’’

સમ્રાટનો પ્રશ્ન સાંભળીને બોકાજુએ સામે ઊભેલા એક ઊંચા વૃક્ષની ટોચ સામે થોડીક વાર જોયા કર્યું. પછી સમ્રાટ તરફ જોતાં બોલ્યા, ‘‘આ અંગરખાને જોતાં મને વિચાર આવે છે કે જો હું અત્યારે તમારી રાજધાનીમાં હોત તો કંઈ ખબર પડી જાત.’’ વાત ન સમજાતાં સમ્રાટ બોકાજુ સામે સંદેહભરી નજરે જોઈ રહ્યા. થોડીક વાર જવા દઈને તેણે સમ્રાટને કહ્યું,

‘‘હું રાજધાનીમાં હોત તો તમારા આ અંગરખાને ઓળખનાર, તેની પ્રશંસા કરનાર કોઈ ને કોઈ તો મળી જાત, પણ અહીં જંગલમાં આ અંગરખાને જાણનાર-તેનું મૂલ્ય આંકનાર કોઈ નથી. શહેરમાં તો કોઈ પૂછત કે અંગરખું કોણે આપ્યું ? કેટલાનું હશે ? અને તેની પ્રશંસા કરત. અહીં તો મારી આસપાસ ઝરણાં વહે છે, હરણાં દોડે છે. પક્ષીઓ ઊડે છે, અને ઝાડવાં ઊગ્યાં છે. એમાંથી કોઈને આ અંગરખાની કંઈ પડી નથી. છતાંય મેં એ બધા મારા સાથીઓની સામે જોયું પણ કોઈ કરતાં કોઈ તે વિશે બોલ્યું નહીં. ઊલટાનો મારા એ સાથીઓની નજરમાં મને ઠપકો જોવા

મળ્યો. જાણે મને કહેતા હતા કે કેવા બુદ્ધુ બની ગયા ? અત્યાર સુધી કેવા મુક્ત હતા ? અને હવે ! હું તો અંગ ઉપર એક હલકું-પાતળું કપડું ઓઢું છું. તેથી હવા મારા શરીરને સ્પર્શે છે અને મારા શરીરની રગેરગમાં પ્રાણ નાચી ઊઠે છે. જો આ અંગરખું પહેરીને જંગલમાં નીકળીશ તો આખું જંગલ મારી હાંસી ઉડાવશે. વળી, આ અંગરખાને હું મૂકીશ ક્યાં ? સાચવીશ કેવી રીતે ? તેની પળોજણમાંથી હું ઊંચો જ નહીં આવું. માટે સમ્રાટ તું એક મહેરબાની મારા ઉપર કર અને તેને પાછું લઈ જા.''

અધ્યાત્મમાર્ગમાં કોઈ મોટી રૂકાવટ હોય તો તે અહંકારની વાત છે. અહંકાર પ્રશંસાથી ફૂલે છે, ફાલે છે અને તે માણસને નીચે પાડે છે. અહંકારને જામવા માટે અન્યની આવશ્યકતા પડે છે. પ્રેમ કરવા પણ સામે કોઈ વ્યક્તિ જોઈએ અને ઝઘડવા પણ કોઈ સામે જોઈએ. આસપાસ કોઈ હોય જ નહીં તો આપણો અહંકાર સ્વયં ઓગળી જાય છે. માટે મહાત્માઓ પરમાત્માની પ્રાપ્તિ માટે સંસાર છોડીને જંગલમાં જઈને વસતા. **એકાંતમાં જ માણસ પોતાની તરફ વહે છે અને પોતાનાથી પરિચિત થાય છે.** પોતાનો પૂર્ણતયા પરિચય કર્યા પછી મહાત્માઓ જંગલમાંથી પાછા ફરતા અને માનવો વચ્ચે વસતા.

નવાઈ લાગે તેવી વાત છે. પણ આપણે અન્યને ઓળખવા જેટલો પ્રયાસ કરીએ છીએ એટલો પ્રયાસ આપણને જાણવા નથી કરતા. અન્યની સાથે જીવવામાં આપણે વાસ્તવિકતામાં આપણી સાથે જીવવાનું ભૂલી ગયા છીએ. પરિણામે આપણે અમૂલ્ય એવા નિજાનંદથી જીવનભર વંચિત રહી જઈએ છીએ.

• • •

## મુમુક્ષુની ભાવના

- કિશોર મામણિયા,
ગોરેગામ (મુંબઈ)

અપૂર્વ અવસર એવો શીઘ્ર જ આવશે,
શીઘ્ર જ ચડશું ધર્મનું પ્રથમ સોપાન જો,
વસ્તુ સ્વરૂપની કરીને સમજણ ખરી,
સ્વ-પરનું કરશું સત્ય શ્રદ્ધાન જો.
અપૂર્વ અવસર...૧

પાપભાવ સઘળાંય તજી કરી,
કરશું કષાય અતિ ઉપશાંત જો,
ઈચ્છા અને તૃષ્ણાની કરીને ક્ષીણતા,
હૈયે ધરશું માત્ર મોક્ષ અભિલાષ જો.
અપૂર્વ અવસર...૨

ભવભ્રમણનો વરતે અત્યંત ખેદ ને,
પ્રાણીદયા તો વણાય શ્વાસેશ્વાસ જો,
સંયમ અને નિયમની કરશું વાડ ને,
પાંગરશે અમ હૈયે વૈરાગ્યની વેલ જો.
અપૂર્વ અવસર...૩

સુદેવ, સુગુરુ, સુધર્મને શરણે રહી,
આજ્ઞા તેહની કરશું શિરોધાર્ય જો,
પાત્ર ભૂમિનું સિંચન કરવાને વળી,
કરશું સદૈવ આત્મતત્ત્વ વિચાર જો.
અપૂર્વ અવસર...૪

આ ભવે લક્ષ્ય તો શુદ્ધ સમકિતનું,
નહિ તો સંગ લઈ જાશું અમીટ સંસ્કાર જો,
ઉગ્ર પુરુષાર્થ ને શ્રેષ્ઠ નિમિત્તના યોગથી,
કરશું મુક્તિ પંથે નિઃશંક પ્રયાણ જો.
અપૂર્વ અવસર...૫

# ભક્તિ

**વિભાબેન એસ. મહેતા**

ભક્તિ શબ્દ 'ભજ્' ધાતુ પરથી બનેલો છે. એનો અર્થ ભજન કરવું એવો થાય છે. **આત્માનું પરમાત્મા સાથે મિલન તેનું નામ ભક્તિ.** અસત્‌ને સત્ કરનાર તે ભક્તિ છે. પ્રેમ, શ્રદ્ધા, નિષ્ઠા, અર્પણતાને એક લય લગાડી તે ગુણોનું એકતારૂપ પરિણમન આત્માને શુદ્ધ કરે છે. શુદ્ધ આત્માનો શુદ્ધ અનુભવ પ્રકાશિત થાય ત્યારે આત્મા પરમાત્મા રૂપ બને છે. પ્રાર્થના અને વિનંતી બન્ને દિવ્ય ઈશ્વરી બક્ષિસ અને પ્રસાદી છે. બન્નેના બળ અત્યંત પ્રબળ છે. ભક્તિનું અંતિમ ધ્યેય પ્રભુને મળવાનું અને ભેટવાનું છે. ભક્તિથી પ્રભુ અથવા ભગવાનરૂપ સત્પુરુષના ઉલ્લાસિત પ્રમોદભાવથી ગુણોનું કીર્તન થાય છે. એમના અપૂર્વ, દિવ્ય, અલૌકિક અને અદ્‌ભુત ગુણોનું સિંચન આપણા આત્મામાં આવે એવી દીન-પામરની વિનંતી ભક્તિ દ્વારા પ્રગટ થાય છે. ભક્ત જ્યારે પ્રભુના ચરણકમળમાં પોતાનું સર્વસ્વ આપી દે છે ત્યારે ભક્ત, ભક્તિ અને ભગવાન એક થઈ જાય છે. અને ત્યારે જ પરાભક્તિ પ્રગટે છે. ભગવાન કેવળ નિર્વિકાર છે છતાં પણ તે પ્રેમમય પરાભક્તિને વશ છે.

અનેક સાધક મહર્ષિઓએ પરમાત્મ-પ્રીતિ અને પરમાત્મભક્તિનો અપૂર્વ મહિમા ગાયો છે અને આત્મલક્ષી સર્વ સાધનાઓની સફળતામાં પરમાત્મભક્તિને અને તેમની કૃપાને જ આગળ કરી છે. **શરણાગતિ અને સર્વસમર્પિતભાવ ભક્તિયોગના અંગ છે.** એકાન્તે શરણ કરવા યોગ્ય પરમાત્માની શરણાગતિ એ ભક્તિનું બીજ છે અને ભક્તિ એ સર્વ યોગોનું બીજ છે. ભક્તિ આત્માને મુક્તિ આપનારી છે. ભક્ત સાધક પ્રભુ પાસે તેમનો એક અદનો સેવક બનીને સદા માટે પ્રાર્થના કરતો રહે છે કે, હે પ્રભુ ! આપની અચિંત્ય શક્તિના પ્રભાવે મને આત્મસ્વરૂપની શ્રદ્ધા, ઓળખાણ અને રમણતા પ્રાપ્ત થાઓ. હે દીનદયાળુ કરુણાસિંધુ પ્રભુ ! આ સંસારસાગરથી મારો નિસ્તાર કરી, મુજ અનાથને પાર ઉતારવા માટે અન્ય કોઈ સમર્થ નથી. આપ જ મારા સમર્થ સ્વામી છો. આપની પાસેથી જ મને અલૌકિક દિવ્ય આનંદની અનુભૂતિ થવાની છે. **ભક્તિપૂર્વક કરેલી સ્તુતિ શીઘ્ર ફળદાયી બને છે કારણકે તાત્ત્વિક પ્રીતિ નિષ્કામભક્તિને પ્રગટાવે છે.** પ્રભુની પૂર્ણ પ્રભુતાનું સ્વરૂપ જાણવાથી ભવ્ય જીવને પણ તેવી પ્રભુતા પ્રગટાવવાની અભિલાષા ઉત્પન્ન થાય છે.

ભક્તિ પ્રત્યેક શુભયોગોમાં પૂરક, પ્રેરક અને વ્યાપક છે. જીવનમાં ભક્તિની સાથે તત્ત્વજ્ઞાન ભળે છે - વધે છે, તેમ તેમ ભક્તિમાં ઊંડાણ આવે છે. તાત્ત્વિક ભક્તિની ભૂમિકામાં આગળ વધવા માટે શાસ્ત્રજ્ઞાન પણ અનિવાર્ય છે. **ભક્તિ એ જ્ઞાનનો હેતુ છે. જ્ઞાન મોક્ષનો હેતુ છે.** જીવ માત્ર જ્ઞાન સ્વભાવી છે. ભક્તિના બળે જ્ઞાન નિર્મળ થાય છે. નિર્મળ જ્ઞાન મોક્ષનો હેતુ થાય છે. ભક્તિથી અહંકાર મટે, સ્વચ્છંદ ટળે અને સીધા માર્ગે ચાલ્યું જવાય. માયાને શોધી-શોધીને જ્ઞાનીએ ખરેખર જીતી છે. ભક્તિરૂપી સ્ત્રીને માયા સામે મૂકે ત્યારે માયાને જિતાય. ભક્તિમાં અહંકાર નથી માટે માયાને જીતાય છે. **જ્ઞાની પ્રત્યે બરાબર પ્રતીતિ થાય ને રાતદિવસ તે અપૂર્વજોગ સાંભર્યા કરે તો સાચી ભક્તિ પ્રાપ્ત થાય.** સમજાય તો આત્મા સહજમાં પ્રગટે, નહીં તો જિંદગી જાય તો પ્રગટે નહીં. માહાત્મ્ય સમજાવું જોઈએ. નિષ્કામ બુદ્ધિ અને ભક્તિ જોઈએ.

ભક્ત જ્યારે પરમાત્માની ભક્તિ કરે છે ત્યારે પ્રભુના દર્શનમાત્રથી પણ અપૂર્વ લાભની પ્રાપ્તિ થાય છે. આત્માની મહાન શક્તિઓનું ભક્તાત્માને ભાન થાય છે. આત્માનંદના ભોગી, આત્મસ્વરૂપમાં જ રમણ કરનારા, શુદ્ધ તત્ત્વના વિલાસી એવા પ્રભુના દર્શન માત્રથી જ ભવ્ય જીવોની વિષયસુખની ભ્રાંતિ નષ્ટ થઈ જાય છે; અવ્યાબાધ, સ્વાભાવિક સુખનું ભાસન થાય છે અને તે પ્રાપ્ત કરવા જાગૃત બની જાય છે. જીવ અવ્યાબાધ સુખને જ પોતાનું સાધ્ય માની તેના સાધનોમાં દેવ-ગુરુની ભક્તિ, તત્ત્વશ્રદ્ધા આદિ ઉપાસનામાં સતત પુરુષાર્થશીલ રહે છે અને તે અવ્યાબાધ સુખનો કર્તા બને છે. જ્ઞાનીની કોઈપણ પ્રકારે અશાતના ના થાય તેવો ઉપયોગ જાગૃત રાખી ભક્તિ પ્રગટે તો તે કલ્યાણનો મુખ્ય માર્ગ છે. **દર્શનમોહ વ્યતીત થવાથી જ્ઞાનીના માર્ગમાં પરમભક્તિ સમુત્પન્ન થાય છે.**

**મોક્ષપ્રાપ્તિનું સરળ, સચોટ અને સુરક્ષિત સાધન કોઈ હોય તો તે પરમાત્મભક્તિ છે.** જિનેશ્વર પરમાત્માની સેવા, પૂજા-ભક્તિ કરનાર ભક્ત પણ અનુક્રમે જિન ભગવાન બને છે. **"તમે જેની ભાવથી ભક્તિ કરો તેના જેવા તમે બનો." ભગવાનની ભક્તિ કરનાર ભક્ત સ્વયં ભગવાન બને છે.** પરંતુ તે ભક્તિ નિષ્કામ અને મોક્ષલક્ષી હોવી જોઈએ. સર્વ આગમશાસ્ત્રોનો સાર ભક્તિયોગ છે. પ્રત્યેક મુમુક્ષુએ સૌથી પહેલાં આરાધ્યતત્ત્વો પ્રત્યે પ્રીતિ અને ભક્તિ પેદા કરે તેવા અનુષ્ઠાનોનું આદરપૂર્વક સતત સેવન કરવું જોઈએ, જેના વડે પરમાત્મા અને સદ્‌ગુરુ આદિ પૂજ્ય તત્ત્વો તરફ અંતરંગ પ્રીતિ અને ભક્તિ ઉત્પન્ન થાય. પ્રભુની એકત્વમિલન રૂપ રસીલી ભક્તિ એ જ સર્વ આગમોનું, અધ્યાત્મશાસ્ત્રોનું કે યોગશાસ્ત્રોનું રહસ્ય છે. તેના દ્વારા આત્મઅનુભવની પ્રાપ્તિ ખૂબ જ સરળ અને શીઘ્ર બને છે. સર્વ પર ભાવથી રહિત અને સ્યાદ્‌વાદમયી શુદ્ધતાના ભોગી, પ્રભુના ગુણોનું જ્ઞાન થવાથી સાધક તત્ત્વરુચિવાળો બને છે. અનુક્રમે તત્ત્વરમણતા પ્રાપ્ત કરીને તે પ્રભુના જેવી જ પોતાની પ્રભુતાને પ્રગટાવે છે.

ભક્તિમાર્ગની આરાધના અને ફળ વિષે શ્રીમદ્ રાજચંદ્રજી લખે છે કે, **ભક્તિ એ સર્વોપરી માર્ગ છે અને તે સત્‌પુરુષના ચરણ સમીપે રહીને થાય તો ક્ષણવારમાં મોક્ષ કરી દે તેવો પદાર્થ છે.** પરમપુરુષની મુખ્ય ભક્તિ ઉત્તરોત્તર ગુણની વૃદ્ધિ થાય એવા સદ્‌વર્તનથી પ્રાપ્ત થાય છે. સકામ ભક્તિથી જ્ઞાન થાય નહિ. નિષ્કામ ભક્તિથી જ્ઞાન થાય. શ્રીમદ્‌જી કહે છે, "ભક્તિ એ સર્વ દોષને ક્ષય કરવાવાળી છે. માટે તે સર્વોત્કૃષ્ટ છે." વળી, તે ભક્તિ વિશે આગળ લખે છે કે, ભક્તિને વિષે નિષ્કામ એવી અલ્પ પણ ભક્તિ જો જીવને ઉત્પન્ન થાય તો તે ઘણા દોષથી નિવૃત્ત કરવાને યોગ્ય બને એવી હોય છે. ભક્તિપ્રધાન દશા આરાધવા યોગ્ય છે. સરળપણું, ક્ષમા, પોતાના દોષને જોવા, અલ્પારંભ, અલ્પ પરિગ્રહ એ આદિ મળ મટવાના સાધન છે. જ્ઞાની પુરુષની અત્યંત ભક્તિ તે વિક્ષેપ મટવાનું સાધન છે.

યોગી જાણીને તો આખું જગત ભક્તિ કરે છે. પણ ગૃહસ્થાશ્રમમાં યોગદશા છે તે જાણીને ભક્તિ કરવી એ વૈરાગ્યનું કારણ છે. યોગમાં જે વૈરાગ્ય રહે તેવો અખંડ વૈરાગ્ય સત્‌પુરુષ ગૃહસ્થાશ્રમમાં રાખે છે તે અદ્‌ભુત વૈરાગ્ય જોઈ મુમુક્ષુને વૈરાગ્ય-ભક્તિ થવાનું નિમિત્ત બને છે. ઉપાધિ માટે ભવિષ્યની એક પળની પણ ચિંતા કરવી નહીં. કર્યાનો જે અભ્યાસ થઈ ગયો છે તે વિસ્મરણ કર્યા રહેવું. તો જ ઈશ્વર પ્રસન્ન થશે અને તો જ પરાભક્તિ પામ્યાનું ફળ છે. પ્રભુભક્તિમાં તરબોળ અને આનંદવિભોર બનતો પ્રભુભક્ત સ્થૂળ અશુભ પરમાણુઓનો પરિત્યાગ કરીને કોમળ શુભ પરમાણુઓને ગ્રહણ કરે છે. પ્રભુ પ્રત્યેની અર્પણતા ભક્તના સ્વરૂપમાં પ્રગટ્યા પછી તે ભાગ્યવંત

ભક્તની ઇચ્છાઓ, વૃત્તિઓ, લાગણીઓ અને ભાવો ખૂબ ઉપશાંત બની જાય છે. 'અહં' અને 'મમ'નો મદ ઓગળી જાય છે. શુદ્ધ પ્રેમના ઉત્કૃષ્ટ સ્વરૂપમાં જ તેની સહજ રમણતા રૂપ સ્થિતિ હોય છે. નિરાસક્ત, નિઃસ્પૃહ અને નિર્ભય બની જવાથી અત્યંત અંતરંગ શીતળતા અને શાંતિનો અનુભવ કરે છે.

પ્રભુભક્તિમાં જેમ બને તેમ આપણે તત્પર રહેવું. મોક્ષનો એ ધુરંધર માર્ગ છે. ગમે તો મનથી પણ સ્થિર થઈને બેસી પ્રભુભક્તિ અવશ્ય કરવી યોગ્ય છે. અનન્ય ભક્તિભાવ એટલે જેના જેવો બીજો નહીં એવો ભક્તિપૂર્વક ઉત્કૃષ્ટ ભાવ. ભક્તિ પૂર્ણતા પામવાને યોગ્ય ત્યારે જ થાય છે કે, તૃણમાત્ર પણ હરિ પ્રત્યે યાચવું નહીં. સર્વદશામાં ભક્તિમય રહેવું. પ્રશસ્ત પુરુષની ભક્તિ કરવી. તેનું સ્મરણ કરવું. પરમાત્મા રૂપ સદ્‌ગુરુની ભક્તિ કરવાથી અને હૃદય તથા બુદ્ધિની સોંપણી તેમના ચરણમાં મૂકવાથી, પોતાની ભક્તિને વિકસાવી પૂર્ણતા તરફ લઈ જવાથી જ સત્યસ્વરૂપે આનંદ, સુખ અને શાંતિ મળે છે અને તે જ સાધનના આરાધનથી ભક્તજન પોતે પરમાત્મરૂપ થાય છે. શુદ્ધ આચરણની ઉપાસના રૂપ સદ્‌વર્તન જ્ઞાનીની મુખ્ય આજ્ઞા છે, જે આજ્ઞા પરમ પુરુષની મુખ્ય ભક્તિ છે.

• • •

## ક્ષમાપના

- શ્રી વલભજી હીરજી

**"તમે નીરાગી, નિર્વિકારી સત્‌ચિદાનંદ સ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્યપ્રકાશક છો."**

**નીરાગી :** સંપૂર્ણ રાગ-દ્વેષથી મુક્ત - જેના એક રોમમાં કિંચિત્ પણ અજ્ઞાન, મોહ કે અસમાધિ રહી નથી, જ્યાં આત્માને વિકારમય થવાનો એક પણ અંશ રહ્યો નથી.

**નિર્વિકારી :** રાગ-દ્વેષથી થતાં સર્વ વિકારથી રહિત.

**સત્‌ચિદાનંદ સ્વરૂપ :** સત્ = આત્મા. સત્, ચિદ્, આનંદ સ્વરૂપ. આત્માને જાણવાથી થતાં આનંદ સ્વરૂપ ભગવાન આત્મિક સુખવાળા છે. પોતાના આત્માનું સહજ સુખ અનુભવે છે.

**સહજાનંદી :** સહજ સ્વભાવી આનંદ-સુખપૂર્ણ-જ્ઞાનાનંદસહજ સ્વભાવી છે.

**અનંતજ્ઞાની, અનંતદર્શી :** પ્રભુના કેવળજ્ઞાન - કેવળદર્શનમાં ત્રણે લોકનાં, ત્રણે કાળનાં અનંત પદાર્થોના પ્રતિબિંબ ઝળક્યા કરે છે. સર્વ જ્ઞેય પદાર્થો જાણે તેમાં ઝળકી પોતે કૃતાર્થ થયા હોય તેમ તે પ્રત્યે ઝુકે છે. એક આત્માને જાણતા સર્વ લોકાલોક જણાય છે. એક નિજ સ્વરૂપ વિષે દૃષ્ટિ કરવાથી, તે દૃષ્ટિથી સમસ્ત સૃષ્ટિ જ્ઞેયપણે દેખાશે.

**ત્રૈલોક્યપ્રકાશક :** સર્વ આવરણ દૂર થયા હોવાથી ભગવાનને ત્રણ લોકનું, ત્રણ કાળનું જ્ઞાન છે. ત્રણે લોકમાં પ્રભુની પરમ શુદ્ધ ચેતના જ્ઞાનપ્રકાશ રૂપે વિલસી રહી છે, છતાં પ્રભુની સહજદશા સર્વથી બાધારહિત અખંડતાને વિષે વહ્યા કરે છે. તે સ્વરૂપ અભિમુખ થયેલા આત્માઓને ઉપકારક બને છે.

હે પ્રભુ ! આપના અનંતગુણોનું શું વર્ણન કરવું ? તે વર્ણન કરવાની પણ મારી અશક્તિ છે.

"સંગ તજી, રાગ તજી, સમતા સજી, પ્રભુ કર્મોનો નાશ કરીને,
જ્ઞાતા-દૃષ્ટા થયા વિશ્વ સકળના સુખ વીર્ય અનંત વરીને."

પ્રભુના આવા સ્વરૂપને શું કામ જાણવું ?

"જે જાણતો અરિહંતને દ્રવ્ય ગુણ પર્યાયથી,
તે જાણતો નિજ આત્મને, દ્રવ્ય ગુણ પર્યાયથી."

ભગવાનના આ ગુણોમાં ચિત્ત રાખવા યોગ્ય છે. બીજું જાણવાની ઇચ્છાથી નિવર્તી, જ્ઞાનીના સ્વરૂપનો લક્ષ રાખવો. **(ક્રમશઃ)**

• • •

# જીવ અને જગત

**મધુભાઈ પારેખ - રાજકોટ**

અધ્યાત્મજગતના કેન્દ્રમાં માત્ર જીવ વિચાર છે. ગમે તે મત સંપ્રદાય હોય પણ વસ્તુવિચાર જીવ સંબંધમાં જ હોય છે. વિશ્વમાં અનંતા પદાર્થો હોવા છતાં તેનું વર્ગીકરણ માત્ર બે દ્રવ્ય રૂપે જ થઈ શકે છે : (૧) જીવ, (૨) અજીવ અથવા (૧) ચેતન, (૨) અચેતન. જીવમાં ચેતન ગુણ છે, અજીવમાં નથી. જીવવિચાર કરવાનું કારણ પણ આશ્ચર્યકારક છે, કેમકે અત્રે જીવે માત્ર પોતાનો વિચાર કરવાનો છે, અજીવનો નહીં. વ્યવહાર દૃષ્ટિથી એમ થાય કે પોતે પોતાનો શો વિચાર કરવાનો હોય ? શું પોતે પોતાને જાણતો નથી ? જે જીવ અન્યને જાણવા સમર્થ છે, તે પોતાને નથી જાણતો ? હા, જ્ઞાનીઓ કહે છે કે જીવ અન્યને જાણે છે, પોતાને નથી જાણતો. આમ થવાનું કારણ જાણવું, સમજવું અને ભૂલ સુધારી પોતે પોતાને જાણવા - સમજવા પ્રયત્ન કરવો તે અધ્યાત્મમાર્ગ છે.

જીવમાં જ્ઞાન ગુણ કોઈપણ કાળમાં અને અવસ્થામાં કાર્યકારી છે, જેથી જાણવાનું થાય છે. અજીવમાં આ ગુણ નથી. જીવ-અજીવ સર્વ કાળમાં પરસ્પરના સંયોગમાં જ રહેલા છે અને જીવનું અજીવ સાથે બળવાન તાદાત્મ્ય થઈ ગયું છે, તે કારણે જીવે માત્ર અજીવને જ જાણવાનો-સમજવાનો અને તેમાંથી સુખ-શાતા શોધવાનો અવિરત પ્રયત્ન કર્યો છે. આમ કરવા જતા જીવને સ્વવિચાર કરવાનો અવકાશ જ નથી મળ્યો. પરિણામે પોતે પોતાને જ ભૂલી ગયો. પર પદાર્થને જાણવા - સમજવાના સંસ્કાર દૃઢ થઈ ગયા છે, તે સંસ્કાર જલ્દી છૂટતા નથી.

વિશ્વમાં જીવ અને અજીવ બે પદાર્થો જ છે તેમાં અજીવ દ્રવ્ય પોતાના સુખ-શાતાનું કારણ છે, તેવી ભ્રાંતિમાં જીવ જ્યાં સુધી છે ત્યાં સુધી સ્વ-દ્રવ્યમાં સુખ છે કે કેમ તેની શોધ કરવા પ્રયત્ન જ નથી કરતો. વળી, અજીવના સંયોગમાં ક્યારેક દેહમાં શાતા રહ્યાથી જીવે અજીવને શાતાનું સાધન માની લીધું અને ભ્રાંતિને મજબૂત કરી. આ ભ્રાંતિને સત્ય માની લેવાથી સત્યની શોધ કરવામાં ન આવી. દેહની શાતાને પોતાની શાતા જ માની લીધી, જેથી પોતે દેહથી ભિન્ન પદાર્થ છે તેવું સ્મરણ જ રહ્યું નહીં. આમ, દેહાધ્યાસ પુષ્ટ થતો ગયો છે.

સમગ્ર વિશ્વમાં અનંતા જીવો છે તે પૈકી કેટલાક માનવદેહધારી જીવો છે. માનવીને વિચારશક્તિ તેમજ વિશેષ બળવાન સાધન પ્રાપ્ત થયાં છે, તે કારણે પદાર્થને જાણવાનું-સમજવાનું કાર્ય કરી શકે છે અને આમ કરવામાં આંખ, કાન વગેરે ઈન્દ્રિયો સહાયકારી છે. અતિ દીર્ઘકાળની આ પ્રક્રિયા ટેવ-આદત બની જવાથી, ઈન્દ્રિયો વિના કોઈ પદાર્થ જાણી શકાય તે માનવા તૈયાર નથી. અહીં જ મોટી મુશ્કેલી ઊભી થઈ. જીવ સિવાય સમસ્ત પદાર્થો ઈન્દ્રિયોથી જણાય છે, પરંતુ જીવ નામનો પદાર્થ ઈન્દ્રિયોથી જણાતો નથી માટે તેનો નકાર થવા લાગ્યો. આ પાયાની ભૂલ છે.

અધ્યાત્મજગત માનવજીવોને આ ભૂલ સમજાવે છે અને તે ભૂલ સુધારવા માટે ઘણા ઘણા પ્રકારે જીવોને - માનવજીવોને પ્રેરણા કરે છે. આ ભૂલના કારણે જ આ જીવ જન્મ-મરણ (પરિભ્રમણ) કરતો રહ્યો છે. જીવોની આવી હીન દશા જોઈને-જાણીને કેટલાક આત્મજ્ઞાની મહાત્માઓએ અથાગ પરિશ્રમ લઈને અધ્યાત્મ- જગતની સ્થાપના કરી છે અને તે જગતને સદા-સર્વદા જીવંત રાખવા માટે આ પૃથ્વી પર સંતોની પરંપરા ઊભી કરી છે. જીવાત્માઓ માટે આ મોટો-અમૂલ્ય ઉપકાર છે. આવા મહાજ્ઞાની

મહાત્માઓએ પણ જાણ્યું કે માનવજીવો અનાદિથી ચાલી આવેલી આ ભૂલને એક વખત જાણે, સમજે અને સુધારી લે તો તેના પરિભ્રમણનો અંત આવી શકે છે. જીવાત્મા સર્વકાળને માટે દેહરહિત દશા પ્રાપ્ત કરી શકે છે.

પ્રત્યેક દેહધારી જીવાત્મા પૂર્વની થતી આવતી ભૂલોની પરંપરાની સજા ભોગવવા માટે જ જે તે દેહમાં આવીને રહ્યો છે. આ દેહ તે સજા ભોગવવા માટેની જેલ છે. દેહ વિના સજા ભોગવાતી નથી. જેવી ભૂલ તેવી સજા અને જેવી સજા તેવી જેલ, એ ન્યાયે ભિન્ન-ભિન્ન પ્રકારના દેહ જીવને રહેવા માટે મળતા રહે છે. અંગ્રેજો ભારે સજા ભોગવવા માટે આંદામાનની જેલમાં મોકલતા એવું જ આ કુદરતનું કાર્ય છે. આવી કાયમી જેલની સજાથી મુક્ત થવા માટે અધ્યાત્મજગતની પરંપરામાં સચોટ ઉપાયો છે.

માનવજીવો આ મૂળ ભૂલને જાણે, સમજે, વિચારે, બુદ્ધિથી વિવેક કરે અને ભૂલ સુધારવા યથાર્થ ઉપાય કરે તો અવશ્ય તેમ થઈ શકે તેમ છે. દેહધારી જીવોને માત્ર કર્મનું બંધન છે, કર્મનું કારણ રાગ-દ્વેષ અને અજ્ઞાન છે. જીવ જ્ઞાન પામ્યેથી સ્વ-પરનો વિવેક કરીને રાગ-દ્વેષ રહિત થઈ શકે છે. રાગ-દ્વેષ રહિત થવાથી કર્મબંધ થતો નથી. કર્મબંધ નહીં થવાથી સજા ભોગવવાનું રહ્યું નહીં અને સજા ભોગવવાની નહીં રહ્યાથી જેલ-દેહનો સંયોગ થતો નથી. જીવાત્માની આ મોક્ષદશા છે.

જીવાત્માને બાહ્ય અને અંતરંગ એમ બે પ્રકારના જગતનો સંયોગસંબંધ છે. દેહ અને સ્વજનો તેમજ તમામ અજીવ પદાર્થો એ બાહ્ય જગત છે અને રાગ, દ્વેષ, કષાય, મમત્વ, અહંકાર, આગ્રહ, સ્વચ્છંદ વગેરે તેનું અંતરંગ જગત છે. જીવાત્મા ભાવથી આ બન્ને જગત સાથે જોડાય છે ત્યારે કર્મબંધ થાય છે. જીવાત્મા જ્યારે આ બન્ને જગતથી મુક્ત થાય છે ત્યારે મોક્ષ પામે છે. નજીકના ભૂતકાળમાં ૧૦૦-૧૨૫ વર્ષ પૂર્વે આ ભારતભૂમિના ગુજરાતમાં શ્રીમદ્ રાજચંદ્રજી મહાજ્ઞાની મહાત્મા થઈ ગયા. તેમણે આ માટે સૂત્ર આપ્યું, **"જગતની વિસ્મૃતિ કરવી અને સત્‌ના ચરણમાં રહેવું."** આ સૂત્ર અતિ ગંભીર અને માર્મિક છે. જગતનો ત્યાગ ઘણાં કરે છે પણ જગતની વિસ્મૃતિ થતી નથી અને તે કારણે આવા જીવો સત્‌ના ચરણમાં રહેતા નથી. બાહ્યજગતનો ત્યાગ કરે પરંતુ અંતરજગત તો ઊભું જ છે તેથી કાર્ય સિદ્ધ થતું નથી. બન્ને જગત પરિભ્રમણનું કારણ છે. (માત્ર બાહ્ય) ત્યાગ કર્યાથી વિસ્મરણ થતું નથી પરંતુ વિસ્મરણ કર્યાથી ત્યાગ અવશ્ય થાય છે - સહેજે થાય છે.

માનવજીવ સાક્ષીભાવે વર્તે અને જ્ઞાતા-દ્રષ્ટા બનીને આયુકાળ વ્યતીત કરે તો જગતનું વિસ્મરણ કરવાનું સહેલું છે. જગતમાં કોઈપણ ઘટના જીવની ઇચ્છાથી ઘટતી નથી તો પછી ઇચ્છા કરીને બંધદશા શા માટે ઊભી કરવી એવો વિચાર કર્તવ્ય છે.

• • •

## સાધનાની પરાકાષ્ઠા

સાચી સાધના તેને કહેવાય કે જેમાં,

- વિષાદને વિદાય મળે, અને આનંદનું અવતરણ થાય.
- ક્રૂરતાનું શમન થાય, અને કરુણાનો જન્મ થાય.
- વિકારોનો નાશ થાય અને પવિત્રતાનું પ્રાગટ્ય થાય.

પણ સર્વોત્કૃષ્ટ સાધના તેને જ કહેવાય કે જેમાં સાધકની નજીક આવનારને પણ સાધનાનાં ફળ ચાખવા મળે. સાધકની અંદર જ્યારે આનંદનું પ્રાગટ્ય થાય છે ત્યારે તે આનંદ એટલો ઉત્કટ હોય છે કે તે છલકાય છે.

સાધકના સંપર્કમાં આવનારનો વિષાદ પણ નાશ પામે, હિંસાની જ્વાળાઓ અહિંસાની શીતળતામાં પલટાઈ જાય અને વિકારોની જગ્યાએ નિર્મળતાનો પ્રાદુર્ભાવ થાય તેનું જ નામ સર્વોત્કૃષ્ટ સાધના.

# ખુદને મળનારી બધી જ લાઈન વ્યસ્ત છે !

**સંકલન : વસંતભાઈ ખંધાર**

ક્યારેક સમય મળે તો ખુદને ફોન કરજો, જો ફોન કરશો તો ત્યાં 'આ ફોન વ્યસ્ત છે' તેવો સંદેશો જ આવશે. આ ઘટનાને ધ્યાનમાં રાખી આ પંક્તિ વાંચશો તો મજા આવી જશે :

"દુનિયાને મળવામાં બધા જ ખૂબ મસ્ત છે,
ખુદને મળનારી બધી જ લાઈન વ્યસ્ત છે."

"જે પુસ્તક આપણે વાંચીએ તે જો ખોપરી પર સફળતાના હથોડાની માફક આપણને જગાડી મૂકવાનું ન હોય તો આપણે તે શા માટે વાંચવું જોઈએ ? પુસ્તક તો બરફ ભાંગવાનું હથોડી જેવું હોવું જોઈએ જે આપણી ભીતર થીજી ગયેલા દરિયાને ભેદી શકે !" ફ્રાન્ઝ કાફ્કાનું વાક્ય સાચું પડે તેવું હથોડા જેવું પુસ્તક **'The Monk who sold his Ferrari'** છે. લેખક રોબિન શર્માએ જુલિયન મેન્ટલ નામના હાવર્ડથી ભણેલા વકીલની વાત લઈ કાલ્પનિક વાર્તાથી સંતુલિત આનંદમય જીવન જીવવાના બોધપાઠ અસામાન્ય વાતોથી કરે છે.

સામાન્ય લોકો જ નહિ પણ શ્રીમંત લોકોને પણ અદેખાઈ આવે તેવી બધી જ ભૌતિક સગવડો જુલિયન પાસે હતી. વધુમાં વધુ કામ કરવાની વૃત્તિને કારણે તેની પ્રતિષ્ઠા પણ ખૂબ જહતી પણ છતાં જીવનમાં કંઈક ખૂટતું હોવાનો અહેસાસ જુલિયનને થતો હતો. આવા જુલિયનને હાર્ટએટેક આવે છે. તે પોતાની બધી જ સંપત્તિ વેચી નાખીને જીવનનો અર્થ પામવા ભારત આવે છે. હિમાલયમાં તેને રમણ યોગી નામના સંત મળે છે, જે જુલિયનને જીવનનું રહસ્ય સમજાવે છે અને પછી જુલિયન તે રહસ્ય - તે જ્ઞાન વહેંચવા પાછા અમેરિકા આવે છે. બસ આટલી જ નાની વાતને લેખકે ખૂબ જ સુંદર રીતે આપણા વિકાસમાં મદદરૂપ થાય તે રીતે લખી છે. માત્ર પુસ્તકના જ વખાણ ન કરતાં આ પુસ્તકમાં જે જ્ઞાન વહેંચવામાં આવ્યું છે તેને નમૂનારૂપ અહીં લેખકના શબ્દોમાં જ રજૂ કર્યું છે :

"તારી જાતને પ્રેમ કરવાની કળામાં પારંગત થઈશ ત્યારે જ તું સાચા અર્થમાં અન્યને પ્રેમ કરી શકીશ. તારા પોતાના હૃદયને ખુલ્લું કરીશ તો જ તું અન્યના હૃદયને સ્પર્શી શકીશ. જીવનમાં ઝિંદાદિલી અને એકાગ્રતાનો અનુભવ કરીશ ત્યારે જ તું બહેતર ઈન્સાન બનવાની સ્થિતિએ પહોંચીશ."

"જીવનને પૂર્ણતયા જીવવું હોય તો મનરૂપી બગીચાની બહાર સતત પહેરો ભરો. મનમાં કેવળ ઉત્તમ માહિતી અને શ્રેષ્ઠ વિચારોને જ પ્રવેશવા દો. એક પણ નકારાત્મક વિચાર કરવા માટે સમય વેડફવાનો વૈભવ આપણને ન પોષાય."


"હવામાન, ટ્રાફિક કે આપની આસપાસના લોકોના મિજાજને કદાચ આપણે નિયંત્રણમાં ન રાખી શકીએ પણ આ તમામ ઘટના પ્રતિ આપણા અભિગમ કે વલણને ચોક્કસ નિયંત્રણમાં રાખી શકીએ. અમુક સમયે શું કરવું કે શું વિચારવું એ નક્કી કરવા માટે આપની પાસે સત્તા અને ક્ષમતા બંને છે. આ જ ક્ષમતા આપણને સાચા અર્થમાં માનવ બનાવે છે."

"સુખની જેમ સફળતા પણ તેનો પીછો કરવાથી નથી મળતી, સફળતા કામના ફળ સ્વરૂપે મળે છે. સ્વાર્થ કરતાં પણ પરાર્થે એટલે કે કોઈ ઉમદા હેતુ માટે સમર્પણભાવથી કામ કરીએ તો આ તેના પગલે સફળતા અનાયાસે આવે છે. આવું સમજી તમારા જીવનનો ધ્યેય શોધશો તો તમારી દુનિયા સજીવન થઈ જશે."

"જિંદગીની પ્રત્યેક ક્ષણ એક અદ્ભુત ચમત્કાર છે. એક અલૌકિક સમય છે. ઘડિયાળના કાંટા અને કેલેન્ડરના પાના મનુષ્યને આ મહાન સત્ય પ્રતિ અંધ ન બનાવી દે તે જોવું."

"અસીમ પ્રફુલ્લતા સાથે જીવવાનું મહત્ત્વ છે તે ભૂલવું નહીં. દરેક વસ્તુ તથા જીવમાં અપ્રતિમ સૌંદર્ય રહેલું છે. તેની ઉપેક્ષા ન કરવી. આજનો દિવસ અને આ કામ એક ઉપહાર છે. ધ્યેય પર મનને કેન્દ્રિત કરો, બાકીની વસ્તુનો ખ્યાલ કુદરત રાખશે."

"આ પૃથ્વી પરની દરેક વ્યક્તિ એક અજાયબી જ છે. દરેક વ્યક્તિ કોઈને કોઈ રીતે હીરો છે. દરેક વ્યક્તિમાં અલૌકિક સુખ અને શાશ્વત સંતોષ પ્રાપ્ત કરવાની ક્ષમતા છે. પણ સ્વપ્નોને પૂરા કરવાની દિશામાં કેવળ નાનાં નાનાં કદમ ઊઠાવવાની જરૂર છે."



# બાળ વિભાગ



**સંકલન : મિતેશભાઈ એ. શાહ**

## એક દિવસ ને રાત, આખો ગ્રંથ યાદ !

જૈન ઈતિહાસમાં વિદ્વદશિરોમણી તરીકે પંકાયેલા ઉપાધ્યાય શ્રી યશોવિજયજી, પોતાના ગુરુભાઈ વિનયવિજયજી સાથે કાશીમાં ત્યારે દાર્શનિક ગ્રંથોના અધ્યયન માટે રહેલા હતા. બ્રાહ્મણ પંડિત ભટ્ટારકની પાસે એમનું અધ્યયન ચાલતું હતું. ન્યાયદર્શનની વાતો સમજવા માટે રાત દિવસ બસ એક જ ધૂન... ભણવું... ભણવું... ને ભણવું...!

બંને સાધુપુરુષો પોતાની તમામ બુદ્ધિ... અધ્યયન શક્તિને જોરશોરથી લગાડી દે છે સરસ્વતીની ઉપાસનામાં. બ્રાહ્મણ પંડિત પણ આવા તેજસ્વી વિદ્યાર્થીઓને મન મૂકીને ભણાવે છે. પણ ન્યાયની કેટલીક ગૂઢ વાતો જે ગ્રંથમાં સંગ્રહાયેલી હતી એ ગ્રંથ ભટ્ટારક યશોવિજયજીને આપવા માટે આનાકાની કરતા હતા. યશોવિજયજી વિનવે છે ગ્રંથવાંચન માટે, પણ ભટ્ટકાર જૈનમુનિને આવા ગ્રંથોથી દૂર રાખવા માટે મથે છે.

એકવાર જ્યારે ભટ્ટારક બહાર ગયેલા હતા ત્યારે સમય સાધીને યશોવિજયજી પહોંચી ગયા ભટ્ટારકનાં પત્ની પાસે. ગુરુમાતા પણ આ બંને યુવાન સાધુઓ પ્રત્યે આદર-સદ્‌ભાવ રાખતા હતા. યશોવિજયજી માત્ર એક દિવસ-રાત માટે એ ગ્રંથ જોવા માટે ગુરુમાતા પાસેથી લઈ આવ્યા !

હવે શું જોઈએ બીજું ? ગુરુભાઈઓ મચી પડ્યા... વિનયવિજયજી અને યશોવિજયજીએ અરસપરસ સરસ સમજૂતી કરી લીધી અને લગભગ દસ હજાર શ્લોકવાળા એ ગ્રંથને અડધા-અડધા ભાગમાં વહેંચીને બંને જણાએ યાદ કરી લીધો. બીજા દિવસે વહેલી સવારે જઈને તો પાછા આપી પણ આવ્યા એ ગ્રંથ ગુરુમાતાને !

ત્યારબાદ યશોવિજયજી ન્યાયના વિષયમાં એવી વિશદ વિદ્વત્તા મેળવે છે કે કાશીના બ્રાહ્મણ પંડિતો પણ ઓવારી જાય છે આ યુવાન સાધુ પર !

વિનયવિજયજી પણ આગળ વધીને 'લોકપ્રકાશ' જેવા વિશાળકાય ગ્રંથોનું સર્જન કરે છે - 'શાંત સુધારસ' જેવા રસભરપૂર ગેય કાવ્ય રચે છે સંસ્કૃત ભાષામાં !

આ બંને મહાપુરુષો જૈન સાહિત્યના ઈતિહાસમાં પાયાની ઈંટ બનેલા છે. યશોવિજયજી અને વિનયવિજયજીની એક સહિયારી રચના પણ છે; એ છે 'શ્રીપાળરાજાનો રાસ !' બહુ મજાનો જૂની ગુજરાતી ભાષાનો આ રાસ છે.

## 'મને બોલાવી લેજો'

અમેરિકાના રાષ્ટ્રપતિ જ્યોર્જ વોશિંગ્ટનના જીવનની આ ઘટના છે. દયા... પરોપકાર... બીજાને ઉપયોગી બનવું, આ બધા ગુણોના કારણે લોકો એમને ખૂબ ચાહતા હતા. ઘણી વખતે એઓ વેશપલટો કરીને પોતાના દેશના લોકોના સુખદુઃખની વાતો જાણવા નગરમાં ફરતા.

એકવાર જ્યોર્જ ન્યૂયોર્કની બહાર ફરવા નીકળ્યા હતા. થોડે દૂર એક મકાન બનતું હતું. ઘણા મજૂરો કામ કરી રહ્યા હતા. થોડા મજૂરો એક મોટા લાકડાના ભારાને ઉપર ચઢાવવા માટે મથી રહ્યા હતા. બહુ જોર લગાડવા છતાંય ભારો ઉંચકાતો નહોતો. વધારે મજૂરો હતા નહિ. એક બાજુ ઊભેલો જમાદાર મજૂરો પર રૂઆબ કરતો હતો. "આવા પઠ્ઠા જેવા છો ને આટલું નથી ઉંચકાતું. ચલો ઉઠાઓ."

જ્યોર્જ એ તરફ આવ્યા. બહુ પ્રેમથી એમણે જમાદારને જઈને કહ્યું, "ભાઈ, તમે આ લોકોની

મદદ કેમ નથી કરતા ? એક હાથ જરા તમે પણ લગાવો તો ભારો ઉચકાઈ જાય. આ લોકો બિચારા કેટલું બધું જોર કરે છે...!"

"અરે ! હું આવા ભારા ઉપાડું ? હું તો જમાદાર છું. આ લોકો પાસે કામ કરાવવાનું કામ છે મારું... કામ કરવાનું નહીં... સમજ્યા !"

'પણ થોડી...'

"અરે બહુ ડહાપણ કરે છે તો તું પોતે જ ઉપડાવને... ! બીજાને શિખામણ કેમ આપે છે."

જ્યોર્જ ચૂપચાપ ચાલ્યા ગયા મજૂરો પાસે ! મજૂરોને હિંમત આપીને ભારો ઉચકવામાં મદદ કરી તો થોડીવારમાં ભારો ઉચકાઈ ગયો. બધા મજૂરો ખુશ થઈને જ્યોર્જનો આભાર માનવા લાગ્યા...! પેલો જમાદાર તો જોઈ જ રહ્યો આ અજાણ્યા માણસને ! એટલામાં જ્યોર્જ પેલાની પાસે આવ્યા. આવીને ધીમેથી કહ્યું,

"ફરી ક્યારેય કામ પડે તો મને બોલાવી લેજો... મારો તો ધંધો જ આ છે કે બીજાને ઉપયોગી બનવું. જેનું કામ કોઈ ના કરે એનું કામ હું મજેથી કરું છું... મારું નામ છે જ્યોર્જ વોશિંગ્ટન અને સરનામું છે વ્હાઈટ હાઉસ... ! સારું ત્યારે આવજો..."

પેલો જમાદાર તો સાંભળીને થીજી ગયો... "મને માફ કરી દો માલિક...!"

"જા, માફ કરું છું... પણ હવે બીજાના કામમાં સાથ આપતાં આડાઈ નહિ કરતો !"

## આમ-તેમ નહીં, ઉપરવાળાને જુઓ !

દિલ્હીનો દરબાર જામેલો છે. શહેનશાહ અકબર સિંહાસન પર બેઠા છે. એક માણસ કુર્નિશ બજાવીને રાજભાષામાં પ્રવેશ કરે છે. અકબરની સામે આવીને ઝુકે છે. એ હતો બીરબલ ! બુદ્ધિનો બેતાજ બાદશાહ છે બીરબલ.

પોતાની ચતુરાઈ અને રમૂજી આવડતોથી અકબરને ખુશ ખુશ કરી દીધા બીરબલે. અકબરે બીરબલને કહ્યું,

"કંઈ પણ માગી લે, બીરબલ ! હું તારા પર ખુશ છું ! આજે તું પહેલવહેલો દરબારમાં આવ્યો છે. માગ તારે જે જોઈએ તે !"

"કંઈ નહીં... જહાંપનાહ ! આપના દર્શન થયાં... આપની મહેર મળી... બસ... મારું નસીબ એટલું !"

"પણ કંઈક તો માગ !"

"સારું તો હજૂર, જ્યારે આપ દરબારમાં પધારો અને સિંહાસન પર બેસો, એ પહેલા જરા મને એટલું પૂછવાનું રાખજો કે 'કેમ છે બીરબલ ?"


"અરે... આમાં તને શું મળશે ? કંઈક રૂપિયા... જર-ઝવેરાત. જમીન-જાગીર માગ !"

"નહીં હજૂર.. દોલત શું કરવાની ? બસ દિલ ભરાવું જોઈએ... આપની મહેરબાની મળશે તો દુનિયા આખીની જાગીર મળી સમજીશ."

હવે તો દરરોજ અકબર દરબારમાં પ્રવેશ કરીને પહેલું કામ બીરબલને 'કેમ છો ?' પૂછવાનું કરે છે. બે-ચાર દિવસમાં તો ગામ આખામાં વાત થવા માંડી, 'ભાઈ, આ બીરબલ તો બાદશાહનો માનીતો લાગે છે... બીજા કોઈને નહિ, બાદશાહ આને જ હાલચાલ પૂછે છે ભરસભા વચ્ચે ! એકાંતમાં તો જાણે કેટલી વાતો કરતા હશે.' અને બીરબલના ઘરે લોકોની અવરજવર વધવા માંડી. ભેટસોગાદો લઈ લઈને લોકો આવવા માંડ્યા બીરબલને ત્યાં ! લોકોને એમ કે 'આ બીરબલ તો આપણું કામ કરી દેશે, બાદશાહ સાથે એને કેવી ઓળખાણ છે !'

એક દિવસે અકબરે બીરબલને પૂછ્યું તો બીરબલે કહ્યું, "જહાંપનાહ ! તમારી નજરમાં આવી ગયો એટલે દુનિયા આખીની નજરે ચઢી ગયો !"

શું આપણે દુનિયાની ચાપલૂસી છોડીને ભગવાન તરફ જોઈશું ખરા ?



II Shri Param Krupalu Devay Namah II

# YUVA TIMES

Hame Jeena Sikha Diya

**Inspired by PUJYA ATMANANDJI**



## NEVER PASS QUICK JUDGMENT ON OTHERS

A doctor entered the hospital in hurry after being called in for an urgent surgery. He answered the call as soon as possible, changed his clothes and went directly to the surgery block.

He found the boy's father in the hall waiting for the doctor. On seeing him, the dad yelled: "Why did you take all this time to come? Don't you know that my son's life is in danger? Don't you have any sense of responsibility?"

The doctor smiled and said: "I am sorry, I was not in the hospital and I came as fast as I could after receiving the call...... And now, I wish you'd calm down so that I can do my work."

"Calm down?! What if your son was in this room right now, would you calm down? If your own son dies now what will you do?" said the father angrily. The doctor smiled again and replied: "I will say what Job said in the Holy Book

"From dust we came and to dust we return, blessed be the name of God". Doctors cannot prolong lives. Go and intercede for your son, we will do our best by God's grace"

"Giving advises when we're not concerned is so easy" Murmured the father.

The surgery took some hours after which the doctor went out happy, "Thank goodness!, your son is saved!" And without waiting for the father's reply he carried on his way running. "If you have any questions, ask the nurse!!"

"Why is he so arrogant? He could not wait some minutes so that I ask about my son's state" Commented the father when seeing the nurse minutes after the doctor left.

The nurse answered, tears coming down her face: "His son died yesterday in a road accident, he was at the burial when we called him for your son's surgery. And now that he saved your son's life, he left running to finish his son's burial."

**MORAL :** "Never judge anyone..... because you never know how their life is and what they're going through.

- **Where there is god, there is only good.**
- **Navkar is the essence of all mantras.**
- **Speech is silver, but silence is gold.**
- **Mother is mother, Everything is other.**
- **When wealth is lost, nothing is lost. When health is lost, something is lost. But, when character is lost, everything is lost.**

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓ માટે નોટબુકો, ચોપડા તથા શાળા સ્ટેશનરીનું રાહત દરે થનાર વિતરણ

સંસ્થાના અનેક સમાજોપયોગી કાર્યો પૈકી વિદ્યાર્થીઓને સહાયભૂત થવાના હેતુથી સંસ્થા દ્વારા દર વર્ષે રાહતદરે નોટબુકો તથા ફૂલસ્કેપ ચોપડાઓનું વિતરણ કરવામાં આવે છે. ચાલુ વર્ષે પણ સારી ક્વૉલિટીની નોટબુકો, ચોપડાઓ ઉપરાંત શાળા સ્ટેશનરીની વસ્તુઓ (સ્કૂલબેગ, લંચબોક્ષ, વોટરબેગ, પેન્સિલબોક્ષ, ક્લીપબોર્ડ વગેરે)નું રાહત દરે વિતરણ કરવામાં આવશે. વિદ્યાર્થીઓએ પોતાની માર્કશીટની ઝેરોક્ષ કોપી રજૂ કરવી પડશે.

**આપણી સંસ્થા સાથે સંકળાયેલ મુમુક્ષુ ભાઈ-બહેનો તથા 'દિવ્યધ્વનિ' પરિવારના સભ્યોને સમાજોપયોગી આ વિદ્યાદાનના કાર્યમાં આર્થિક સહયોગ આપવા નમ્ર વિનંતી છે.** સંસ્થાને આપવામાં આવતું દાન આવકધારાની કલમ ૮૦જી હેઠળ કરમુક્તિને પાત્ર છે. વિશેષ માહિતી માટે સંસ્થાના મેનેજર આદ.શ્રી પીયૂષભાઈ અથવા આદ.શ્રી સંજયભાઈ એસ. શાહ (મો. ૯૮૨૪૬૮૧૪૧૩)નો સંપર્ક કરવા વિનંતી છે.

## સંસ્થા સંચાલિત નિઃશુલ્ક છાશકેન્દ્રો દ્વારા જરૂરતમંદો માટે છાશવિતરણ

આધ્યાત્મિક પ્રવૃત્તિઓની સાથે સાથે સંસ્થા દ્વારા મેડિકલ કેમ્પ, રક્તદાન શિબિર, મેડિકલ સેન્ટર દ્વારા જરૂરતમંદોને મેડિકલ સેવાઓ, ગુરુકુળ સંચાલન દ્વારા વિદ્યાર્થીઓમાં સંસ્કારસિંચન, કપડાં વિતરણ જેવી અનેકવિધ સમાજોપયોગી પ્રવૃત્તિઓ ચાલતી રહે છે. પૂજ્યશ્રીની આજ્ઞા અને શુભાશીર્વાદથી સંસ્થા દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી જરૂરતમંદો માટે છાશકેન્દ્રો દ્વારા છાશનું વિતરણ કરવામાં આવે છે. પરમકૃપાળુદેવની અમૃતવાણી છે - ''સર્વ જીવનું ઇચ્છો સુખ, મહાવીરની શિક્ષા મુખ્ય'' - આ ભાવનાને યત્કિંચિત સાકાર કરવાનો પ્રયત્ન સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

ચાલુ વર્ષે તા. ૧૩-૪-૧૪ના ભગવાન મહાવીરના જન્મકલ્યાણકના શુભ દિને નવા કોબા, જૂના કોબા, બોરિયા તલાવડી, નભોઈ તલાવડી તથા સુઘડ તલાવડીના છાપરા વગેરે સ્થળે છાશકેન્દ્રોનું ઉદ્‌ઘાટન પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ટાબેન સોનેજી તથા મુમુક્ષુ મહાનુભાવોના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ ઉપરાંત શ્રી મહાવીર આરાધના કેન્દ્ર, કસ્તૂરબા વિદ્યાલય તથા આપણી સંસ્થાના કર્મચારીઓને પણ છાશવિતરણ કરવામાં આવે છે. ઉદ્‌ઘાટન પ્રસંગે ગામના સ્થાનિક આગેવાનો તથા કોબાના મુમુક્ષુઓ ઉપસ્થિત રહ્યા હતા. ૩૭૦ જેટલા જરૂરતમંદ કુટુંબોમાં, કુટુંબદીઠ ૧ થી ૨ લિટર છાશનું વિતરણ કરવામાં આવે છે.

છાશવિતરણના સેવાયજ્ઞમાં આદ. શ્રી રામજીભાઈ ચૌધરી, આદ. શ્રી જોઈતારામભાઈ પરમાર, આદ. શ્રી ભીખાભાઈ પટેલ, આદ.શ્રી મહેન્દ્રસિંહ જેતાવત, આદ. શ્રી કેશુભાઈ ગૌસ્વામી, આદ. શ્રી

કરસનકાકા, આદ. શ્રી સંતોષભાઈ રાણા વગેરે સેવાભાવી કાર્યકરોનું બહુમૂલ્ય યોગદાન સાંપડ્યું છે; જે બદલ સંસ્થા વતી તેઓનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

આ ઉપરાંત છાશકેન્દ્રોના નિભાવ માટે આર્થિક યોગદાન આપનાર દાનવીર મહાનુભાવોને પણ સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ. આ સેવાયજ્ઞમાં આપનો અમૂલ્ય આર્થિક સહયોગ આવકાર્ય છે.

## શ્રી આયંબિલની ઓળી

तपसा निर्जरा च । અર્થાત્ તપ કરવાની કર્મોની નિર્જરા થાય છે. कर्मक्षयार्थम् तप्यतः इति तपः । કર્મના ક્ષય અર્થે તપવું તેને ભગવાન તપ કહે છે. ભગવાને કહેલા ૧૨ પ્રકારના તપ પૈકી રસપરિત્યાગ નામના બાહ્ય તપનો સમાવેશ થાય છે. રસાસ્વાદત્યાગ અને કર્મનિર્જરા અર્થે આપણી સંસ્થામાં નીચેના મુમુક્ષુ ભાઈ-બહેનોએ ચૈત્ર માસની આયંબિલની ઓળી કરી હતી :

(૧) પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ટાબેન સોનેજી, (૨) આદ. શ્રી સુધાબેન લાખાણી, (૩) આદ. શ્રી સ્નેહલતાબેન શાહ, (૪) આદ. શ્રી છાયાબેન શેઠ, (૫) આદ. શ્રી હંસાબેન ભાવસાર, (૬) આદ. શ્રી સુશિલાબેન કારાણી, (૭) આદ. શ્રી રીટાબેન મહેતા, (૮) આદ.શ્રી જ્યોતિબેન નરેન્દ્રભાઈ શાહ (રાજકોટ), (૯) આદ. શ્રી નીકીબેન શાહ, (૧૦) આદ. શ્રી સંગીતાબેન હરીશભાઈ ચૌધરી, (૧૧) આદ.શ્રી હસમુખભાઈ છેડા (૪ આયંબિલ)

ઉપરોક્ત સર્વે તપસ્વી મુમુક્ષુ ભાઈ-બહેનોની તપની કોબા પરિવાર અનુમોદના કરે છે અને ખૂબ ખૂબ ધન્યવાદ પાઠવે છે.

## સંસ્થામાં ભગવાન મહાવીર જન્મકલ્યાણકદિનની ઉજવણી સાનંદ સંપન્ન

ચૈત્ર સુદ તેરસ એટલે અહિંસા, અનેકાંત અને અપરિગ્રહનો બોધ આપી, જીવજગત પર અનંત ઉપકાર કરનાર વિશ્વવંદ્ય ભગવાન મહાવીરનો જન્મકલ્યાણક દિન. આ દિવસે આપણી સંસ્થામાં પ્રભુ મહાવીરના દ્રવ્ય-ભાવ પૂજા કરવામાં આવી હતી. ત્યારબાદ ભગવાન મહાવીરની જીવનચરિત્ર પર આધારિત ભક્તિસંગીતની કેસેટ મૂકવામાં આવી હતી.

પૂજ્યશ્રી આત્માનંદજીએ શ્રી હુકમચંદ ભારિલ્લ વિરચિત ‘શ્રી મહાવીર વંદના’ પદના આધારે સ્વાધ્યાય આપતા જણાવ્યું કે સમાજમાં અલ્પ સંખ્યા ધરાવતો જૈનસમાજ પરોપકાર, દાન અને જૈનસિદ્ધાંતમાં દૃઢ રહેવાની બાબતમાં અગ્રેસર છે. ભગવાનની વંદના, સ્તુતિ કરવાથી, તેમના ચરિત્રનું સ્મરણ કરવાથી આપણને તેમના જેવા બનવાની પ્રેરણા મળે છે, જીવ ખોટા કાર્યોથી પાછો વળી આત્મકલ્યાણમાં પ્રવૃત્ત થાય છે. મહાવીરનો બોધ અધ્યાત્મપ્રધાન છે. ‘મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા.’ અનંતજ્ઞાન અને અનંત આનંદની પ્રાપ્તિ થાય તે હેતુથી ભગવાનની દેશના છે. સાચું અને શાશ્વત સુખ આત્મામાં છે, જગતના અન્ય પદાર્થોમાં તેવું સુખ છે જ નહિ તો ક્યાંથી મળશે ? નિશ્ચયનયની દૃષ્ટિએ કોઈ જીવ કોઈને સુખી-દુઃખી કરી શકે નહિ. ભગવાન મહાવીરને જન્મથી ત્રણ જ્ઞાન હતા. દીક્ષા લેતા ચોથું મનઃપર્યયજ્ઞાન પ્રગટ થયું અને ૪૫૧૫ દિવસના ઉગ્ર પુરુષાર્થથી કેવળજ્ઞાન પ્રગટ કર્યું. ભગવાન વીતરાગ, સર્વજ્ઞ અને હિતોપદેશક છે. સર્વોત્કૃષ્ટ સાધના ધ્યાન છે, તેનાથી સમાધિ અને મોક્ષની પ્રાપ્તિ

થાય છે. પૂર્ણ જ્ઞાન સાથે પૂર્ણ સુખ જોડાયેલ છે.

## પરમકૃપાળુદેવના દેહોત્સર્ગદિન નિમિત્તે સંસ્થામાં યોજાયેલ વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો

ચૈત્ર વદ પાંચમ એટલે પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીનો દેહોત્સર્ગ દિન. આ નિમિત્તે સંસ્થામાં વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો યોજાઈ ગયા.

સવારે શ્રી નેમિનાથ ભગવાનની પૂજા કરવામાં આવી. ત્યારબાદ આદ.બા.બ્ર. સુરેશજીએ વચનામૃત પત્રાંક - ૮૯ (સમુચ્ચયવયચર્યા)ના આધારે પરમકૃપાળુદેવના શરૂઆતના ૨૨ વર્ષના જીવન (બાળપણ - અભ્યાસ - કાવ્યરચના - વેપાર) વિશે સુંદર છણાવટ કરી હતી. આ ઉપરાંત તેઓશ્રીએ સમાધિમરણ, સંલેખનાના અતિચારો વિષે પણ પ્રકાશ પાડ્યો હતો. પૂજ્યશ્રી આત્માનંદજીએ પરમકૃપાળુદેવના જીવનચરિત્રને યાદ કરતાં જણાવ્યું કે મહાપુરુષોના ચરિત્રના ગુણગાન ગાવાં તે આપણા શ્રેયનું કારણ છે. મહાપુરુષોના પંથે ચાલવાનો આપણે પ્રયત્ન કરવો જોઈએ. સામાન્ય રીતે આ કાળમાં ભક્તિમાર્ગ દ્વારા માનવી સાધનાપંથે આગળ વધી શકે છે. સાચા મુનિનો સમાગમ થવો અત્યંત દુર્લભ છે. શક્તિ અનુસાર આપણે સંયમની આરાધના કરવી.

બપોરે પરમકૃપાળુદેવ તથા પૂ. અંબાલાલભાઈ વચ્ચે થયેલ પત્રવ્યવહાર વિષયક 'આપણો અંબાલાલ'ની વીડિયો કેસેટ મૂકવામાં આવી હતી. રાત્રે મુમુક્ષુ ભાઈ-બહેનોએ પરમકૃપાળુદેવના ભક્તિપદો રજૂ કરી પોતાના 'ભાવ' રજૂ કર્યા હતા.

## સાભાર સ્વીકાર

મુંબઈ નિવાસી આદ.શ્રી પરેશભાઈ હિંમતલાલ શેઠ (ઝીપર્સ ઈન્ડિયાવાળા, ચશ્માના વેપારી) તરફથી સંસ્થાના મેડિકલ સેન્ટરને ૨૫૦ ચશ્માની ફ્રેમ અને ૫૦ મોતીયાના ચશ્મા ભેટરૂપે મળેલ છે. (હસ્તે : શ્રી જયંતિભાઈ જોબાલિયા-પૂનાવાળા) જેનો સંસ્થા સાભાર સ્વીકાર કરે છે. એપ્રિલ માસમાં મેડિકલ સેન્ટર દ્વારા પાંચ જરૂરતમંદ દર્દીઓના આંખના મોતીયાના ઑપરેશન કરવામાં આવ્યા છે. મેડિકલ સેન્ટરની વિશેષ જાણકારી માટે આદ. શ્રી જયંતિભાઈ જોબાલિયા (પૂનાવાળા) મો. ૯૪૨૯૭૭૫૫૪૪ અથવા સંસ્થાના કાર્યાલયનો સંપર્ક કરવા વિનંતી છે.

## ભજીને ભગવંત ભવંત લહો

આપણી સંસ્થા સાથે સક્રિય રીતે સંકળાયેલ તથા વર્ષ દરમિયાન લગભગ ૬ થી ૮ મહિના સંસ્થામાં રહીને સેવા-ભક્તિ-સ્વાધ્યાય-સત્સંગાદિ સાધના દ્વારા સ્વ-પર કલ્યાણમાં તત્પર રહેતા ઉત્તમ મુમુક્ષુ આદ.શ્રી મહેન્દ્રભાઈ/વીણાબેન ખંધારની સાધનાકુટિરમાં તા. ૨૨-૪-૨૦૧૪ના દિવસે ભક્તિસંગીતનું આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લા ૮ માસ સંસ્થામાં રહ્યા બાદ તેઓને અમેરિકા જવાનું હોવાથી તે નિમિત્તે પૂજ્યશ્રીના પાવન પગલાં થાય અને સત્સંગ-ભક્તિનો લાભ મળે તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે પૂજ્યશ્રી, પૂજ્ય બહેનશ્રી તથા આશ્રમના સર્વે મુમુક્ષુઓ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રજાપ, ધૂનના પવિત્ર ઉચ્ચારણ સહ પૂજ્યશ્રી, પૂજ્ય બહેનશ્રી, યુવાસાધકો તથા મુમુક્ષુઓની પધરામણી થઈ. આદ.શ્રી મહેન્દ્રભાઈ / વીણાબેને સૌનું ભાવભીનું

સ્વાગત કર્યું. યુવાસાધકો તથા મુમુક્ષુઓએ ભાવવાહી ભક્તિ પીરસીને સૌના અંતરના તાર ઝંકૃત કરી દીધા. આ પ્રસંગ નિમિત્તે શ્રી મહેન્દ્રભાઈ / વીણાબેન ખંધાર તરફથી સમગ્ર આશ્રમવાસીઓ માટે આઈસ્ક્રીમ રાખવામાં આવ્યો હતો.

## શ્રી રામનવમીના મંગલ પ્રસંગે સાબરકાંઠાના રામનગર તથા લક્ષ્મીપુરા મુકામે સત્સંગ સમારોહ સાનંદ સંપન્ન

તા. ૭-૪-૧૪ના સવારે પૂજ્યશ્રી સાથે વીસેક મુમુક્ષુ ભાઈ-બહેનો કોબાથી રામનગર પહોંચ્યા. ત્યાં. આદ. મુમુક્ષુ ભાઈશ્રી શંભુભાઈ પટેલ / શ્રી સંતોકબેન પરિવાર તથા સૌ મુમુક્ષુઓના સહકારથી અનેક સંતોની નિશ્રામાં સુંદર સત્સંગનું આયોજન થયું હતું. પૂજ્યશ્રી નરસિંહદાદા (કાંકરોલ), પૂજ્યશ્રી નાનજીદાદા (રખિયાલ) અને અન્ય સંતો પધાર્યા હતા.

પૂજ્યશ્રીએ તેઓના ઉદ્‌બોધનમાં પ્રેરણા આપતા જણાવ્યું હતું કે ભગવાનના ગુણો ગાઈને તે ગુણો આપણા જીવનમાં થોડા થોડા ઉતારવા જોઈએ અને તે માટે આપણે અપ્રતિમ પુરુષાર્થ કરવો જોઈએ. નિરંતર ભગવાનના નામનું રટણ કરવું. નિયમિત સત્સંગ કરવો. 'સંત પરમ હિતકારી' એ પદનો આધાર લઈ પૂજ્યશ્રીએ જણાવ્યું હતું કે જો સંતની ઓળખાણ થઈ જાય તો આપણો બેડો પાર થઈ જાય. પ્રભુ સાથે અનન્ય પ્રેમ એ પ્રભુને વશ કરવાનો ઉપાય છે.

પૂજ્યશ્રી નરસિંહદાદા તથા અન્ય સંતોના પણ પ્રેરણાદાયી ઉદ્‌બોધનો થયા હતા. આદ. બહેનશ્રી અલકાબેને ભાવવાહી ભક્તિપદ લીધું હતું. રામનગરના મુમુક્ષુઓનો અનેરો ઉત્સાહ હતો. આદ. શ્રી શંભુભાઈએ તેમના નિવાસસ્થાને પરમકૃપાળુદેવના ચિત્રપટની પૂજ્યશ્રીના હસ્તે ભાવપૂર્વક સ્થાપના કરાવી હતી. આદ. શ્રી કૌશિકભાઈ તથા આદ.શ્રી શિવાભાઈ પટેલના નિવાસસ્થાને પૂજ્યશ્રીએ પગલા કર્યા હતા તથા સંતોના ચિત્રપટની સ્થાપના કરી હતી.

બપોરે ભોજનપ્રસાદ લઈ વિશ્રામ કરીને સૌની ભાવભીની વિદાય લઈ સાંજે સૌ લક્ષ્મીપુરા પહોંચી ગયા હતા. ત્યાં પૂજ્યશ્રી રામજીબાપા, આદ. શ્રી લાલજીભાઈ, આદ.શ્રી જસુભાઈ તથા સૌ મુમુક્ષુ ભાઈ-બહેનોએ ભાવભીનું સ્વાગત કર્યું હતું. મંદિરે દર્શન કરી સૌએ અલ્પાહાર કર્યો હતો.

રાત્રિના સત્સંગમાં પૂજ્યશ્રીએ સુંદર બોધ આપતા જણાવ્યું કે ભક્ત કવયિત્રી મીરાંબાઈની ભક્તિ એકતરફી, બિનશરતી અને અનન્ય હતી. ભક્તને ભગવાન ઉપર પૂર્ણ વિશ્વાસ હોય છે. ભગવાન એટલે 'સત્-ચિત્-આનંદ'. અંતરની શ્રદ્ધા જોઈએ. આદ. બા.બ્ર. બહેનશ્રી અલકાબહેને 'રઘુવર તુમકો મેરી લાજ...' ભક્તિપદ લીધું હતું.

આદ. આત્માર્થી શ્રી પ્રકાશભાઈ ડી. શાહે પ્રાસંગિક સ્વાધ્યાયમાં જણાવ્યું હતું કે દરેકના દેહદેવળમાં પરમાત્મા બિરાજમાન છે. પૂ. રામજીબાપાનું સ્મરણ કરતાં તેઓશ્રીએ જણાવ્યું કે રામજીબાપા આત્માને આગળ રાખીને વર્તતા હતા. અધ્યાત્મને પ્રાપ્ત કરવાનો મૂળ પાયો 'આસ્થા' છે. ધર્મ ઉત્સાહથી પ્રાપ્ત થાય છે.

તા. ૮-૪-૧૪ની સવારે સ્વાધ્યાયમાં પૂજ્યશ્રીએ જણાવ્યું કે આપણા જીવનમાંથી દોષો કાઢવાં અને

સારા કાર્યો કરવાં. આપણે જીવનને સુધારવાનું છે. દુર્લભ એવો મનુષ્યભવ મળ્યો છે તેને જ્ઞાન, ધ્યાન, વૈરાગ્ય દ્વારા સફળ કરવો. ગૃહસ્થના છ આવશ્યક નિયમિત કરવાં (દેવપૂજા, ગુરુપાસ્તિ, સ્વાધ્યાય, સંયમ, તપ અને દાન). એક એક પળનો સદ્ઉપયોગ કરવો.

સવારે પૂજ્યશ્રી નરસિંહદાદા, પૂજ્યશ્રી તુલસીદાસજી મહારાજ, પૂ. નાનજીબાપા તથા અન્ય સંતો પધાર્યા હતા અને પ્રાસંગિક બોધ આપ્યો હતો. પૂજ્ય રામજીબાપાના વરઘોડાના દર્શન કરી, પૂજ્ય જીતાબાવજી પરિવાર, પૂ. રામજીદાદા, આદ. શ્રી લાલજીભાઈ, આદ. શ્રી મોહનભાઈ સૌની મુલાકાત લઈ બપોરે ૧૨-૩૦ વાગ્યે કોબા સુખરૂપ આવી ગયા હતા. લક્ષ્મીપુરામાં પૂજ્યશ્રીનો નિવાસ આદ. શિક્ષકશ્રી અશ્વિનભાઈ ફૂલજીભાઈના નિવાસસ્થાને હતો. તેમના સમગ્ર પરિવારે સૌની ભાવપૂર્વક સેવા કરી હતી. સૌને સંસ્થા તરફથી ખૂબ ખૂબ ધન્યવાદ પાઠવીએ છીએ. લક્ષ્મીપુરામાંથી કુલ રૂા. ૫૦૦૦/- દાન આવ્યું છે; તે બદલ ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરીએ છીએ.

## રાજસ્થાન ધર્મયાત્રા (એપ્રિલ ૧૩-૧૫, ૨૦૧૪)

૪ યુવા સાધકો (સુરેશજી, અલકાબેન, જનકબેન, નવનીતભાઈ) અને ૫ અન્ય મુમુક્ષુઓ (મહેન્દ્રભાઈ, વીણાબેન, કુસુમબેન, ભાવનાબેન, રૂચાબેન) શનિવારે ૧૨ એપ્રિલ રાત્રે બસમાં નીકળીને રવિવારે સવારે ૧૩મીએ ચીતરી (રાજસ્થાન) પહોંચ્યા.

ચીતરીમાં (વસ્તી ૧૦ હજાર) સુંદર વિશાળ દિગંબર જિનમંદિર છે અને મોટું સંકુલ છે. અંદરના ગર્ભગૃહમાં મૂળનાયક ચંદ્રપ્રભુની પ્રાચીન મનોહર ભાવોત્પાદક મૂર્તિ છે. વચલા ગર્ભગૃહમાં ભૂગર્ભમાંથી મળેલ મહાવીરસ્વામીની મૂર્તિ ઉપરાંત શાંતિનાથ અને ચંદ્રપ્રભુની સુંદર મૂર્તિઓ છે. બહારના ખંડમાં નાનું સમવસરણ મંદિર છે. સવારમાં પ્રક્ષાલ, અભિષેક, ચંદ્રપ્રભુ ભગવાનની પૂજા, મહાવીર સ્વામીની પૂજા વગેરે આરાધના - અનુષ્ઠાનો કર્યા. મહાવીર જન્મકલ્યાણક (ચૈત્ર સુદી - ૧૩)નો પવિત્ર દિવસ હોવાથી ભગવાન મહાવીરની મૂર્તિ (પાલખીમાં) સાથેની શોભાયાત્રા નીકળી. કોબા આશ્રમના ઉપક્રમે /નામે આરતીનો લાભ લીધો. સાંજે હિંદુ-જૈન ક્ષેત્રપાલ મંદિરમાં ભગવાન ઋષભદેવના દર્શન-સ્તુતિ કર્યા. શ્રી કપિલભાઈ સાગવાડાથી ખાસ કોબાના મીની સંઘને મળવા આવેલ.

રાત્રે કોબાના યુવા સાધકોએ ભક્તિનો લાભ આપ્યો. આદ.શ્રી સુરેશજીએ સ્વાધ્યાયમાં ભગવાન મહાવીરનો સંદેશ સમજાવ્યો. આચારમાં અહિંસા, વિચારમાં અનેકાંત અને જીવનમાં અપરિગ્રહ અપનાવીને જીવનને સફળ કરવું. આદ.શ્રી મહેન્દ્રભાઈએ ધર્મવાર્તામાં દુઃખના કારણો : પરિસ્થિતિ (કર્મોદયજન્ય, બાહ્ય) તથા પ્રકૃતિ (સ્વભાવની નબળાઈ, નકારાત્મક વલણ) વિષે કહ્યું. ચીતરીમાં સંધ્યાબેન વગેરે મુમુક્ષુ અને અન્ય પરિવારજનોને ત્યાં ગયા હતાં.

બીજા દિવસે (૧૪ એપ્રિલ, સોમવાર) ચીતરીથી કોટડા ગયા. વચ્ચે ગલીયાકોટમાં શ્વેતાંબર અને દિગંબર પુરાણા જૈન મંદિરોમાં નેમનાથ અને અજિતનાથ ભગવાનના દર્શન કર્યાં. કોટડામાં જિતેન્દ્રભાઈ વગેરે મુમુક્ષુ અને પરિવારજનોને ત્યાં ગયા હતા. રાત્રે સત્સંગ-ભક્તિનું સુંદર આયોજન હતું. કોબાના મુમુક્ષુઓએ ભાવવાહી ભક્તિ કરાવી. આદ. સુરેશજીએ સ્વાધ્યાયમાં વચનામૃતજી પત્રાંક ૩૦૧ના આધારે સફળ જીવનની કૂંચીઓ સમજાવી. મહેન્દ્રભાઈએ ધર્મવાર્તામાં સદ્ગતિના ૬ કારણો (અકામ નિર્જરા, મંદ કષાય, શુભ ભાવ, શુભ લેશ્યા, બાળ તપ અને ગુણસ્થાન પ્રવેશ) વિષે ટૂંકમાં કહ્યું. સુરેશજીના કાકાશ્રી

અને મોટાભાઈશ્રી ગોપાલ ભૈયાએ સુપેરે વ્યવસ્થા સંભાળેલ.

ત્રીજા દિવસે (૧૫ એપ્રિલ, મંગળવાર) કોટડાથી બાંસવાડા ગયા. આદ. રાગિણીબેન, અતુલભાઈ, મણિલાલ, હરતીશભાઈ વગેરેને ત્યાં ગયા. મુખ્ય તો બાહુબલિ સોસાયટીમાં સંતભુવનમાં બિરાજતા આર્યિકારત્ન પૂ. પૂર્ણમતિ માતાજી (તથા તેમના સંઘમાં અન્ય ૭ આર્યિકાજી)ના દર્શન કર્યા. સાંજે ફરીથી ગયા અને ભક્તિ કરી. પૂ. પૂર્ણમતિજી તેમના અભ્યાસ, સરળતા, સૌમ્યતાથી ખૂબ જાણીતા અને જનપ્રિય છે. પૂ. આચાર્યશ્રી વિદ્યાસાગરજીના સંઘના છે. રાત્રે સૌ બસમાં નીકળીને કોબા બુધવારે (૧૬ એપ્રિલ) પહોંચી ગયા.

## વૈરાગ્ય સમાચાર



**[૧] કોલકાતા :** ચૂડા નિવાસી, (હાલ કોલકાતા) **માતુશ્રી છબલબેન અમીચંદભાઈ વોરા**નું તા. ૩૧-૩-૧૪ના રોજ ૧૦૦ વર્ષની વયે દેહાવસાન થયું છે. તેઓ આપણી સંસ્થા સંલગ્ન આદ. શ્રી જયંતિભાઈ અમીચંદભાઈ વોરાના માતુશ્રી તથા આપણી સંસ્થામાં નિઃસ્વાર્થભાવે સેવાઓ આપતા આદ. શ્રી જયંતિભાઈ જોબાલિયા (પૂના)ના માસી હતા. સને ૧૯૮૮ થી પૂજ્યશ્રી સાથે જોડાયેલ આદ. શ્રી જયંતિભાઈ વોરાએ આપણી સંસ્થાના 'વિદ્યા-ભક્તિ-આનંદધામ' સ્વાધ્યાયહોલ માટે સારું આર્થિક યોગદાન આપેલ છે. કામાણીવાડી (કોલકાતા)માં પૂજ્યશ્રી તથા કોબા સંઘના ઉતારા દરમિયાન આવાસ-ભોજનાદિની તેઓ સુંદર વ્યવસ્થા કરી આપે છે.

સ્વ. છબલબેન ધર્મપરાયણ અને મિલનસાર સ્વભાવના હતા. તેઓશ્રીએ પોતાની જીવનરૂપી વેલને ધર્મરૂપી સુસંસ્કારોથી નવપલ્લવિત રાખી હતી અને પોતાના કુટુંબીજનોમાં પણ સુસંસ્કારોનું સિંચન કરી ધર્મનો વારસો સોંપતા ગયા છે. સાધુ-સંતોના સત્સંગનો તેઓએ જીવનભર લાભ લીધો હતો. સાધુસંતોની વૈયાવચ્ચ (સેવા) કરવી એ તેઓના વ્યક્તિત્વની નોંધપાત્ર વિશેષતા હતી.

પૂજ્યશ્રી જયંતમુનિ, પૂજ્યશ્રી ગિરીશમુનિ, પૂજ્યશ્રી નમ્રમુનિ, પૂજ્ય ચંદનાજી મહાસતીજી, પૂજ્યશ્રી આત્માનંદજી (કોબા) વગેરે મહાત્માઓ તથા સમસ્ત ગુજરાતી-મારવાડી તથા કોલકાતાના સ્થાનકવાસી જૈન સમાજે માતુશ્રી છબલબેનને શ્રદ્ધાંજલિ અર્પી છે.

સદ્‌ગતના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે તથા આગામી થોડા ભવોમાં પરમપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.



**[૨] ઈસરવાડા (તા. ઈડર) :** 'દિવ્યધ્વનિ'ના આજીવન સભ્યશ્રી **વાલજીભાઈ ધનાભાઈ રાઠોડ**નું તા. ૨૭-૩-૨૦૧૪ના રોજ દેહાવસાન થયું છે. પ્રામાણિકતા, વિનય, ધર્મપ્રેમ, કરુણા જેવા અનેક સદ્‌ગુણો તેઓ ધરાવતા હતા. આપણી સંસ્થામાં અવારનવાર પધારીને તેઓ સત્સંગ-ભક્તિનો લાભ લેતા હતા. પ્રભુ તેમના આત્માને ચિર શાંતિ અર્પે અને તેઓ પરમપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

## શ્રી રામનવમી પ્રસંગે સાબરકાંઠાના રામનગર તથા લક્ષ્મીપુરા મુકામે યોજાયેલ સત્સંગ સમારોહની વેળાએ (તા. ૭-૪-૧૪ અને ૮-૪-૧૪)













## આદ. શ્રી મહેન્દ્રભાઈ/વીણાબેન ખંધારની સાધના-કુટિરમાં ભક્તિસંગીતની વેળાએ (તા. ૨૨-૪-૨૦૧૪)





**Registered under RNI No. : GUJGUJ/2008/25883**
**Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal Regd. No. : GAMC - 309/2012-14 issued by SSP Ahmedabad valid upto 31-12-2014**
**Publication Date 15th of every month**

## રાજસ્થાન ધર્મયાત્રાની તસવીરો (તા. ૧૩-૪-૨૦૧૪ થી તા. ૧૫-૪-૨૦૧૪)







### આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

'દિવ્યધ્વનિ' મે - ૨૦૧૪ના અંક માટે રૂા. ૧૧,૦૦૦/-નો આર્થિક સહયોગ

**૧ આદ. શ્રી જગદીશભાઈ ન્યાલચંદ વોરા,** સાંતાક્રુઝ, મુંબઈ

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

---

'દિવ્યધ્વનિ' મે - ૨૦૧૪ના અંક માટે રૂા. ૧૧,૦૦૦/-નો આર્થિક સહયોગ

**૨ સ્વ. શ્રી કિશોરભાઈ નાથાલાલ શાહ (ખાર, મુંબઈ)ના આત્મશ્રેયાર્થે**

**(યુ.એસ.એ. વસતાં તેઓના તમામ ભાઈ-બહેનો)**

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah